# પ્રાસ્તવિક

શ્રી આચાર્યજીએ પુષ્ટિ ભકિતમાર્ગની ઈમારત સનાતન ધર્મના મજબૂત પાયા ઉપર ઊભી કરી છે તે પાયાના મુખ્ય ચાર સ્થંભ વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભાગવત છે. આ ચારેય એકબીજાથી સંકળાયેલા છે. તે સાથે દરેકને આગવી વિશિષ્ટતા છે.

આ પ્રમાણ ગ્રંથનો આધાર લઈને પુષ્ટિ ભકિત માર્ગને સમજાવવામાં આપણા પ્રાચીન આચાર્ય બાળકોએ પ્રયાસ કર્યો છે જેમ કે શ્રી આચાર્યજીએ તત્વદીપ નિબંધ, પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ ગ્રંથ, ન્યાસાદેસ, અણુભાષ્ય વ. માં શ્રી ગુસાંઈજીએ ગીતા તાત્પર્ય તથા અન્ય સ્થળોએ, શ્રી ગોપીનાથજીએ સાધન દીપીકામાં તથા અન્ય બાળકોએ ષોડશગ્રંથો પરના વિવરણોમાં શ્રી ગીતાજીના આધાર ટાંકયા છે.

પરંતુ શ્રી મહાપ્રભુજીના માર્ગને પૂર્ણતયા નિહારવામાં આપણે આધુનિક વામણા પૂરવાર થયા તેથી શુદ્ધાદ્વૈત ન સમજયા, ભેદ સહિષ્ણુ અભેદ ન સમજયા, પ્રમાણ મૂલક પ્રમેય ન સમજયા. પ્રમાણ ગ્રંથોને અછૂટ સમજી બેઠા, ભાવ-ભાવનાના અનધિકાર અતિરેકમાં.... તેથી તો શ્રીમદ્ ભાગવતની ગોકુલસ્થ લીલા સિવાય બીજા બધાં સ્કંધો - પ્રકરણોને મર્યાદા માનતા રહ્યા !

છેલ્લાં થોડાક વર્ષોમાં માર્ગીય ગ્રંથાભ્યાસ બાબતે જાગરૂકતા આવવાના કારણે વૈષ્ણવો શ્રીઆચાર્યજીની વિચારસરણી, દર્શન તથા ભાવને સમજતા થયા ત્યારથી દશવિધલીલા સહિતના ભાગવતને આવકારતા થયા. જો કે શ્રી ગીતાજી બાબતમાં આજે ય પરિસ્થિતિ સારી નથી.

તેથી તો માર્ગના પ્રમાણ ગ્રંથોના સંરક્ષક શ્રી ગોપીનાથજી (૧૫૭૮ વિ.સં.) ના પાંચસોમાં પ્રાકટયોત્સવ પ્રસંગે શ્રી નાનુલાલ ગાંધી અનુવાદિત ગીતાના સારાંશને રજૂ કરવાનો અહીં પ્રયાસ કર્યો છે. સારાંશ એટલા માટે કે તે ટૂંકો હોવાથી વાંચવાનો પ્રયાસ શરૂ થાય અને તે ભોજન પહેલાંના એપેટાઈટ સમાન હોવાથી મૂળગ્રંથોમાં રૂચિ ઉત્પન્ન થાય અને તો, ગીતા સંબંધિત પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણથી લખાયેલા ગ્રંથો પ્રતિ દૃષ્ટિ કરવાનું મન થાય. નીચેના તેવા પુસ્તકો આજે મારી જાણમાં પ્રાપ્ય છે.



| | | |
|---|---|---|
| ૧. | શ્રીમદ્ ભગવદ્ ગીતા | શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી |
| ૨. | પુરૂષોત્તમ યોગ | ગો. શ્રીશ્યામમનોહરજી - મુંબઈ |
| ૩. | ભકિતયોગ | ગો. શ્રીશ્યામમનોહરજી - મુંબઈ |
| ૪. | ગીતા ગુંજન | શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી - નડિયાદ. |

શ્રી ગોપીનાથજીની ૫૦૦ મી વર્ષગાંઠ નિમિત્તે આ જે અમારો મનોરથ હતો તે 'બડેન કી વાણી' પુષ્પ ૧૪ ને શ્રી ગોપીનાથજીના ચરણને સમર્પિત કરીએ છીએ અને આ મનોરથના દર્શનનો ટેરો ખોલી લાભ લેવા આપ સૌને આમંત્રીત કરીએ છીએ.

પુષ્ટિ ભકિતમાર્ગના અમારા પથ પ્રદર્શક ગો. શ્રીશ્યામમનોહરજી (પ્રાર્લા કીસનગઢ) તથા ગો. શ્રી શરદકુમારજી (માંડવી-હાલોલ) પ્રતિ અમે ઋણી છીએ. આપના ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ.



# અધ્યાયનો વિષય


**અધ્યાય - ૧**


| શ્લોક | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | ધૃતરાષ્ટ્ર યુદ્ધ મેદાનની માહિતી પૂછે છે. | **૧૩** |
| ૨ થી ૧૧ | દુર્યોધન દ્રોણાચાર્યને ઉત્સાહ પ્રેરવા વચનો કહે છે. | |
| ૧૨ થી ૧૯ | યુદ્ધમાં રણ–વાજિંત્રો વાગવાનું વર્ણન. | |
| ૨૦ થી ૨૩ | અર્જુનને થતા વૈરાગ્યનું કારણ | |
| ૨૪ થી ૨૭ | રણ મધ્યે રથ આવતાં અર્જુનને થતો ખેદ | |
| ૨૮ થી ૪૭ | અર્જુનના વિષાદના કારણે યુદ્ધ ન કરવા માટેની દલીલો.l | |
| **અધ્યાય - ૨** | | **૧૪** |
| ૧ થી ૯ | અર્જુનનો શોક | |
| ૧૦ થી ૩૦ | ભગવાને કરેલ સાંખ્યનો ઉપદેશ | |
| ૩૧ થી ૩૮ | અર્જુનને તેના સ્વધર્મનો ઉપદેશ | |
| ૩૯ થી ૭૨ | યોગનો ઉપદેશ | |
| **અધ્યાય - ૩** | | **૨૦** |
| ૧ થી ૪૩ | કર્મયોગનો ઉપદેશ | |
| **અધ્યાય - ૪** | | **૨૪** |
| ૧ થી ૫ | કર્મયોગનું બ્રહ્મભાવથી પરંપરાથી નિરૂપણ | |
| ૬ થી ૧૧ | ભગવાનના જન્મ બાબતના ખુલાસા | |
| ૧૨ થી ૧૫ | ચારેવર્ણ કર્મ કરે છે. | |
| ૧૬ થી ૩૩ | કર્મનું સ્વરૂપ – કર્મ બંધન અને યજ્ઞના પ્રકાર | |
| ૩૪ થી ૪૨ | ઉપસંહાર | |
| **અધ્યાય - ૫** | | **૨૮** |
| ૧ થી ૨૯ | કર્મસંન્યાસ કરતા કર્મયોગની ઉત્તમતા | |
| **અધ્યાય - ૬** | | **30** |
| ૧ થી ૪૭ | યોગીના લક્ષણો – ફળ વ. | |





| | | |
|---|---|---|
| અ. ૭ | ચાર પ્રકારના ભક્તો અને યોગી કરતાં ભક્તની ઉત્તમતા બતાવી. અહીંથી ભક્તિયોગ શરૂ થયો. | ૩૩ |
| અ. ૮ | ગયા અધ્યાયના અનુસંધાનમાં અર્જુનના ૮ પ્રશ્નોના ઉત્તર ભગવાન આપે છે. ભગવાન રાજવિદ્યા બતાવે છે. | ૩૭ |
| અ. ૯ | ભગવાન પોતાના અક્ષરનું ઐશ્વર્ય કહે છે. તથા પોતાની ભક્તિની શ્રેષ્ઠતા બતાવે છે. | ૪૦ |
| અ. ૧૦ | ભગવાનના પોતાના સ્વરૂપ તથા વિભૂતિઓનું નિરૂપણ છે. | ૪૪ |
| અ. ૧૧ | અર્જુનને ભગવાનનું વિશ્વરૂપ દર્શન | ૪૭ |
| અ. ૧૨ | અવ્યક્ત અને વ્યક્ત – અક્ષર અને પુરુષોત્તમમાં કોની ભક્તિ શ્રેષ્ઠ તે તથા ભક્તના લક્ષણો બતાવી ભક્તિ યોગ બતાવ્યો છે. | ૫૦ |
| અ. ૧૩ | પ્રકૃતિ – પુરુષ – પરમાત્મા – ક્ષેત્ર જ્ઞાન વ. સમજાવે છે. | ૫૩ |
| અ. ૧૪ | પ્રકૃતિના ત્રણ ગુણો અને ગુણાતીત | ૫૭ |
| અ. ૧૫ | ક્ષર – અક્ષરથી પુરુષોત્તમની ઉપાસના કહી પુરુષોત્તમ યોગ | ૫૯ |
| અ. ૧૬ | દૈવી સંપદ અને આસુરી સંપદના લક્ષણ – કર્મ – ફળ | ૬૩ |
| અ. ૧૭ | સાત્વિક, રાજસ, તામસ પ્રકૃતિવાળાના આહાર, યજ્ઞ, તપ, દાન વિ. ના ભેદ ફળ સહિત કહ્યા છે. | ૬૫ |
| અ. ૧૮ | ૩ પ્રકારના ત્યાગ, કર્મની સિદ્ધિના કારણો, કર્મની વિધિ, જ્ઞાન કર્મ, કર્તા, બુદ્ધિ, ધૃતિ, સુખ, વર્ણ, બ્રહ્મભાવના અધિકારી અને પોતાને શરણે આવવાનો અંતિમ ઉપદેશ આપે છે. | ૬૭ |

## શ્રીનાનુલાલ ગાંધીએ ગીતાજી પરના પોતાના વિવેચનમાં લીધેલા અનુસંધાન

| અધ્યા. | શ્લોક | સુબોધિનીજી / બ્રહ્મસૂત્ર | |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧૦ – ૭૮ – ૩ | સુ |
| | ૨૧, ૨૨, ૨૩ | ૧, ૯, ૪૪ | સુ |
| ૨ | ૧૧ | ૩ – ૨૮ ભાગવત | સુ |
| | ૨૦ | બ્રહ્મસૂત્રના ૨–૩–૧૭ ઉપણા અણુભાષ્યમાં | |
| | ૧૬ | વિષ્ણુપુરાણ – વેદસ્તુતિ ૧૦–૮૪–૩૬ | |
| | ૨૪ | ૨–૭–૪૯ | સુ |
| | ૨૮ | ૧૦–૩–૨૪, ૧૦–૧૩–૪૭ | સુ |
| | ૩૪ | ૧૦–૪૪–૬૨ | સુ |
| | ૪૫–૪૬ | ૧૧–૪–૨૨ | સુ |
| | ૫૯ | ૧–૧૧–૪, ૧૦–૧૦–૧૬ | સુ |
| ૩ | ૫ | ૧–૧–૧૧ | સુ |
| | ૨૧ | ૧–૧૯–૮ | સુ |
| | ૨૩ | ૧૦–૭૭–૩૦ | સુ |
| | ૨૫ | ૩–૩–૪૨ બ્રહ્મસૂત્રનું અણુભાષ્ય | |
| | ૩૦ | ૨–૨૭૫ | નિબંધ |
| ૪ | ૭–૮ | ૧–૧–૨૩, ૧–૧૦–૨૪, ૧૦–૪૭–૧૦ | |
| | ૧૧ | ૩–૩–૩૦ બ્રહ્મસૂત્ર ઉપરના અણુભાષ્યમાં | |
| | ૧૧ | ૧–૧–૨૩, ૧–૯–૨૪, ૧–૧૦–૨૪, | સુ. |
| | | ૧–૧૧–૮, ૧–૧૧–૨૮, ૧૦–૨૮–૬, | સુ. |
| | | ૧૦–૩૧–૧૮, ૧૦–૩૩–૧૩, ૧૦–૩૫–૨૨ | સુ. |
| | ૨૪ | ૧–૧–૩ બ્રહ્મસૂત્ર ઉપરના અણુભાષ્યમાં | |
| | ૩૩ | ૧૦–૮૧–૩૮ | સુ. |
| ૪ | ૩૭ | ૪–૧–૧૩ બ્રહ્મસૂત્ર ઉપરના અણુભાષ્યમાં | |
| | ૩૭ | ૧–૫–૨૫, ૧૦–૬૧–૩૨, ૧૦–૭૧–૩૩ | સુ. |



| અધ્યા. | શ્લોક | સુબોધિનીજી / બ્રહ્મસૂત્ર | |
|---|---|---|---|
| ૫ | ૮ થી ૧૦ | બ્રહ્મસૂત્ર ૧–૧–૧ ઉપરના અણુભાષ્યમાં | |
| | ૧૮ | ૧–૧૮–૪૫ | સુ. |
| ૬ | ૨૬ | ૧૦–૮૪–૩૩ | સુ. |
| | ૪૧ થી ૪૬ | ૨–૧–૬ | સુ. |
| ૭ | ૧૪ | ૩–૪–૨૭ બ્રહ્મસૂત્ર ઉપરના અણુભાષ્યમાં | |
| | ૧૪ | ૧–૭–૬, ૧–૮–૪૦, ૧૧–૩–૧૮ | સુ. |
| | ૧૬ | ૧૦–૮૪–૨૪, ૧૦–૮૪–૩૦ | સુ. |
| | ૧૭ | ૧૦–૨૪–૨૪ | સુ. |
| | ૧૯ | ૨–૧–૬ | સુ. |
| | ૨૨ | ૧૦–૩૭–૯ | સુ. |
| | ૨૩ | ૧–૧૮–૨૨ | સુ. |
| ૮ | ૬ | ૨–૧–૬ | સુ. |
| | ૧૧ | ૩–૩–૩૩ બ્રહ્મસૂત્ર ઉપરના અણુભાષ્યમાં | |
| | ૧૬ | ૪–૧–૨, ૪–૩–૧૧ બ્રહ્મસૂત્ર | |
| | ૧૬ | ૧–૭–૨૨, ૨–૨–૭, ૨–૨–૩૧ | સુ. |
| | | ૩–૧૯–૧૫, ૧૦–૨–૨ | સુ. |
| | ૧૭ થી ૨૨ | ૩–૩–૩૩ બ્રહ્મસૂત્ર | |
| | ૨૫ | ૩–૧–૧ બ્રહ્મસૂત્ર | |
| ૯ | ૧૧–૧૨ | ૩–૨–૧૭ | સુ. |
| | ૧૩ | ૩–૪–૩૩ બ્રહ્મસૂત્ર | |
| | ૨૦ | ૪–૧–૨ બ્રહ્મસૂત્ર | |
| | ૨૧ | ૩–૧–૧ બ્રહ્મસૂત્ર | |
| | ૨૩ | ૧૦–૩૭–૯ | સુ. |
| | ૨૬ | ૧૦–૮–૩૫ | સુ. |
| | ૨૭ | ૧૧–૨–૩૬ | સુ. |
| ૯ | ૨૮ | ૧૧–૨–૩૪, ૧૧–૨–૩૬ | સુ. |
| | ૩૦ | ૨૩૬ તત્ત્વદીપ | |

| અધ્યા. | શ્લોક | સુબોધિનીજી / બ્રહ્મસૂત્ર | |
|---|---|---|---|
| | ૩૧ | ૧૦–૨–૨૬ | સુ. |
| | ૩૩ | ૨–૧–૫ | સુ. |
| | ૩૪ | ૩–૯–૧૭ | સુ. |
| ૧૦. | ૪–૫ | ૩–૨–૩૯ | બ્રહ્મસૂત્ર |
| | ૪–૫ | ૧૦–૧૩–૫૯ | સુ. |
| | ૨૦ | ૨–૨–૧૬, ૨–૬–૩૯ | સુ. |
| | ૨૦ | ૧૦–૩–૧૪ | સુ. |
| | ૩૫ | ૧૦–૧૯–૧ | સુ. |
| ૧૧ | ૧૦ | ૧–૩–૪, ૯–૧૧–૧૧ | સુ. |
| | ૧૬ | ૩–૨–૨૪ | બ્રહ્મસૂત્ર |
| | ૩૩ | ૧–૧૫–૧૩ | સુ. |
| | ૪૦ | ૧૦–૧૦–૩૦ | સુ. |
| | ૫૩ | ૨–૧–૫, ૧૦–૫૫–૨૧ | સુ. |
| | ૫૩ | ૧–૧–૧૧ | બ્રહ્મસૂત્ર |
| | ૫૪ | ૩–૨–૨૪ | બ્રહ્મસૂત્ર |
| | ૫૪ | ૧–૧–૧૧ | બ્રહ્મસૂત્ર |
| ૧૨ | ૧ | ૪–૩–૧૭ | બ્રહ્મસૂત્ર |
| | ૫ | ૧–૫–૧૮ | સુ. |
| ૧૩ | ૫–૬ | ૧૦–૩૫–૧૮ | સુ. |
| ૧૪ | ૩ | ૧–૪–૨૭ | બ્રહ્મસૂત્ર |
| | ૩ | ૧૦–૫–૭, ૪૬ ૩–૨૮–૨૩ | સુ. |
| | ૪ | ૧–૪–૨૭ | બ્રહ્મસૂત્ર |
| | ૧૦ | ૧૦–૨૪–૪ | સુ. |
| | ૧૭ | ૧–૨–૨૦, ૨–૫–૩૧, ૩–૨૬–૮, | સુ. |
| | | ૧૦–૨–૩૫, ૧૦–૧૦–૮ | સુ. |
| ૧૫ | ૬ | ૧–૩–૨૩ | બ્રહ્મસૂત્ર |
| | ૭ | ૨–૩–૪૫ | બ્રહ્મસૂત્ર |



| અધ્યા. | શ્લોક | સુબોધિનીજી / બ્રહ્મસૂત્ર | |
|---|---|---|---|
| | ૮ | ૨–૩–૧૯, ૨૦ | બ્રહ્મસૂત્ર |
| | | ૧૦–૫૧–૪૪ | ભાગવત સુબોધિની |
| | ૧૨ | ૧–૩–૨૩, ૩–૨–૩૪ | બ્રહ્મસૂત્ર |
| | | ૨–૫–૧૨ | |
| | ૧૪ | ૧–૨–૨૬ | બ્રહ્મસૂત્ર |
| | ૧૫ | ૧૦–૬૦–૩૪ | |
| | ૧૮ | ૧–૧૦–૨૦, ૧૦–૩–૯, ૧૦–૨૯–૩૧ | |
| ૧૬ | ૮ | ૧–૧–૩ | બ્રહ્મસૂત્ર |
| | ૧૮ | ૪–૪–૧૩ | બ્રહ્મસૂત્ર |
| | ૧૮ | ૩–૨–૨૪ | સુબોધિની |
| | ૧૯–૨૦ | ૪–૪–૧૩ | બ્રહ્મસૂત્ર |
| ૧૭ | ૩ | ૧–૭–૧૪, ૨–૯–૧૬, | |
| | | ૧૦–૪૩–૧૪, ૧૦–૮૪–૩૨ | |
| | ૬ | ૨–૪–૧૭ | |
| ૧૮ | ૭ | ૩–૪–૭ | બ્રહ્મસૂત્ર |
| | ૧૪–૧૫ | ૨, ૩, ૪૦–૪૨ | બ્રહ્મસૂત્ર |
| | ૫ | ૩–૧૫–૪૨ | બ્રહ્મસૂત્ર |
| | ૫૧–૫૩ | ૨–૩–૨૯ | બ્રહ્મસૂત્ર |
| | ૫૪ | ૩–૩–૨૯ | બ્રહ્મસૂત્ર |
| | ૫૫ | ૭–૨–૧૧, ૩–૩–૨૭, | બ્રહ્મસૂત્ર |
| | | ૩–૩–૨૯, ૩–૩–૩૩ | બ્રહ્મસૂત્ર |
| | ૫૫ | ૧–૨–૨૦, ૧૧–૨–૪૨ | સુબોધિની |
| | ૬૧ | ૧–૨–૬, ૧–૩–૨૫ | બ્રહ્મસૂત્ર |
| | ૬૫ | ૧૧–૨–૩૪ | સુબોધિની |
| | ૬૬ | ૧૦–૩૬–૨૨, ૧૧–૨–૩૪ | સુબોધિની |

# કોણ કયા શ્લોકો બોલે છે ?

| અધ્યાય | બોલનાર | શ્લોક ક્રમાંક |
|---|---|---|
| ૧ | ધૃતરાષ્ટ્ર | ૧ |
| | અર્જુન | ૨૧ થી ૨૩, ૨૮ થી ૪૬ |
| | દુર્યોધન | ૩ થી ૧૧ |
| | કૃષ્ણ | ૨૫ |
| ૨ | અર્જુન | ૪ થી ૮, ૫૪ |
| | કૃષ્ણ | ૧૧ થી ૫૩, ૫૫ થી ૭૨ |
| ૩ | અર્જુન | ૧–૨, ૩૬ |
| | ભગવાન | ૩ થી ૩૫, ૩૭ થી ૪૩ |
| ૪ | ભગવાન | ૧ થી ૩, ૫ થી ૪૨ |
| | અર્જુન | ૪ |
| ૫ | અર્જુન | ૧ |
| | ભગવાન | ૨ થી ૨૯ |
| ૬ | ભગવાન | ૧ થી ૩૨, ૩૫ થી ૩૬, ૪૦–૪૭ |
| | અર્જુન | ૩૩–૩૪, ૩૭–૩૯ |
| ૭ | ભગવાન | ૧ થી ૩૦ |
| ૮ | અર્જુન | ૧ – ૨ |
| | ભગવાન | ૩ થી ૨૮ |
| ૯ | ભગવાન | ૧ થી ૩૪ |
| ૧૦ | ભગવાન | ૧ થી ૧૧, ૧૯ થી ૪૨ |
| | અર્જુન | ૧૨ થી ૧૮ |
| ૧૧ | અર્જુન | ૧ થી ૪, ૧૫ થી ૩૧, ૩૬–૪૬, ૫૧ |
| | ભગવાન | ૫ થી ૮, ૩૨–૩૪, ૪૭–૪૯, ૫૨–૫૫ |
| ૧૨ | અર્જુન | ૧ |
| | ભગવાન | ૨ થી ૨૦ |
| ૧૩ | ભગવાન | ૧ થી ૩૪ |
| ૧૪ | ભગવાન | ૧ થી ૨૦, ૨૨ થી ૨૭ |
| | અર્જુન | ૨૧ |



| અધ્યાય | બોલનાર | શ્લોક ક્રમાંક |
|---|---|---|
| ૧૫ | ભગવાન | ૧ થી ૨૦ |
| ૧૬ | ભગવાન | ૧ થી ૨૪ |
| ૧૭ | અર્જુન | ૧ |
| | ભગવાન | ૨ થી ૨૮ |
| ૧૮ | અર્જુન | ૧, ૭૩ |
| | ભગવાન | ૨ થી ૭૨ |
| | સંજય | ૭૪ થી ૭૮ |

# ગીતાજીમાં ભગવાનના નામના સંબોધન

| ભગવાનના નામ/ અધ્યાય | ક્રમાંક | ભગવાનના નામ/અધ્યાય | ક્રમાંક |
|---|---|---|---|
| માધવ – ૧ | ૧ | યોગીન – ૧૦ | ૧૯ |
| હૃષીકેશ – ૧, ૨, ૧૧, ૧૮ | ૨ | જનાર્દન – ૧૦ | ૨૦ |
| અચ્યુત – ૧, ૧૧, ૧૮ | ૩ | કમલપત્રાક્ષ – ૧૧ | ૨૧ |
| કૃષ્ણ – ૧, ૫, ૬, ૧૭ | ૪ | પરમેશ્વર – ૧૧ | ૨૨ |
| ગોવિંદ – ૧, ૨ | ૫ | પ્રભો – ૧૧, ૧૪ | ૨૩ |
| મધુસૂદન – ૧, ૨, ૬, ૮ | ૬ | યોગેશ્વર – ૧૧ | ૨૪ |
| જનાર્દન – ૧, ૩, ૧૧ | ૭ | દેવ – ૧૧ | ૨૫ |
| અરીસૂદન – ૨ | ૮ | વિષ્ણો – ૧૧ | ૨૬ |
| ગુડાકેશ – ૨ | ૯ | મહાત્મન – ૧૧ | ૨૭ |
| કેશવ – ૨, ૩, ૧૦ | ૧૦ | અનંત – ૧૧ | ૨૮ |
| વાર્ષ્ણેય – ૩ | ૧૧ | દેવેશ – ૧૧ | ૨૯ |
| મહાબાહો – ૬, ૧૧, ૧૮ | ૧૨ | જગન્નિવાસ – ૧૧ | ૩૦ |
| પુરુષોત્તમ – ૮, ૧૦, ૧૧ | ૧૩ | સર્વ – ૧૧ | ૩૧ |
| ભગવન્ – ૧૦ | ૧૪ | અપ્રતિમ પ્રભાવ – ૧૧ | ૩૨ |
| ભૂતભાવન – ૧૦ | ૧૫ | સહસ્ત્રબાહુ – ૧૧ | ૩૩ |
| ભૂતેશ – ૧૦ | ૧૬ | વિશ્વમૂર્તે – ૧૧ | ૩૪ |
| દેવાધિદેવ – ૧૦ | ૧૭ | કેશીનિસૂદન – ૧૮ | ૩૫ |
| જગત્પતિ – ૧૦ | ૧૮ | | |


## શ્રીગીતાજીમાં અર્જુનના નામના સંબોધનો

| ક્રમ | અર્જુનના નામ | અધ્યાય ક્રમાંક |
|---|---|---|
| ૧. | પાંડવ | – ૧, ૪, ૬, ૧૧, ૧૪, ૧૬ |
| ૨. | ધનંજય | – ૧, ૨, ૪, ૭, ૯, ૧૨, ૧૮ |
| ૩. | કપીધ્વજ પાંડવ | – ૧ |
| ૪. | પાર્થ | – ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૧૮ |
| ૫. | કૌંતેય | – ૧, ૨, ૩, ૫, ૭, ૮, ૯, ૧૩, ૧૪, ૧૬, ૧૮ |
| ૬. | અર્જુન | – ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૮ |
| ૭. | પરંતપ | – ૨, ૪, ૭, ૯, ૧૦, ૧૧, ૧૮ |
| ૮. | ભારત | – ૨, ૩, ૪, ૭, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ |
| ૯. | પુરુષરત્ન | – ૨ |
| ૧૦. | મહાબાહો | – ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૪, ૧૮ |
| ૧૧. | કુરૂનંદન | – ૨, ૬, ૧૪ |
| ૧૨. | અનઘ | – ૩, ૧૪, ૧૫ |
| ૧૩. | શ્રેષ્ઠ | – ૩ |
| ૧૪. | ભરતર્ષભ | – ૩, ૭, ૮, ૧૩, ૧૪, ૧૮ |
| ૧૫. | કુરુશ્રેષ્ઠ | – ૧૦ |
| ૧૬. | ગુડાકેશ | – ૧૦, ૧૧ |
| ૧૭. | સવ્યસાચીન | – ૧૧ |
| ૧૮. | કુરુપ્રવીર | – ૧૧ |
| ૧૯. | ભરતસત્તમ | – ૧૮ |



## શ્લોક સંખ્યા

| અધ્યાયમાં | શ્લોક સંખ્યા | કૃષ્ણ દ્વારા બોલાતા |
|---|---|---|
| ૧. | ૪૭ | ૧ |
| ૨ | ૭૨ | ૬૧ |
| ૩ | ૪૩ | ૪૦ |
| ૪ | ૪૨ | ૪૧ |
| ૫ | ૨૯ | ૨૮ |
| ૬ | ૪૭ | ૪૨ |
| ૭ | ૩૦ | ૩૦ |
| ૮ | ૨૮ | ૨૬ |
| ૯ | ૩૪ | ૩૪ |
| ૧૦ | ૪૨ | ૩૫ |
| ૧૧ | ૫૫ | ૧૪ |
| ૧૨ | ૨૦ | ૧૯ |
| ૧૩ | ૩૪ | ૩૪ |
| ૧૪ | ૨૭ | ૨૬ |
| ૧૫ | ૨૦ | ૨૦ |
| ૧૬ | ૨૪ | ૨૪ |
| ૧૭ | ૨૮ | ૨૭ |
| ૧૮ | ૭૮ | ૭૧ |
| કુલ | ૭૦૦ | ૫૭૩ |



પ્રસ્તુત ગ્રન્થના અનુવાદક :

**શ્રીનાનુલાલ નારાયણદાસ ગાંધી**

જન્મ : ૧૮૮૧ ગોલોકવાસ : ૧૯૭૫



મહાભારતના છટ્ઠા ભિષ્મ પર્વના ૨૫ થી ૪૨ સુધીના અઢાર અધ્યાયો ભગવદગીતા છે. ભગવાન શ્રીકૃષ્ણે મહાભારતના યુદ્ધના આરંભમાં અર્જુનને યુદ્ધ કરવામાં જે અણગમો અને વૈરાગ્ય થયાં તે દૂર કરવા અને યુદ્ધ કરવાની તેને પ્રેરણા કરવા તેને જે ઉપદેશ આપ્યો તેનો ભગવદ્ ગીતામાં સમાવેશ છે. આ ઉપદેશ ભગવાને તેને યુદ્ધના પહેલા દિવસે યુદ્ધના આરંભ કરવાના સમયે આપેલ. સંજય તે સમયે યુદ્ધભૂમિ ઉપર જ હતો. યુદ્ધના દસમા દિવસે ભીષ્મ પડયા ત્યારે સંજયે ત્યાંથી હસ્તિનાપુર જઈને ધૃતરાષ્ટ્રને એ સમાચાર આપ્યા, ત્યારે યુદ્ધનો વૃત્તાન્ત ધૃતરાષ્ટ્રે તેને પૂછતા તેણે તે આરંભથી કહેવા માંડયો તેમાં આ ભગવાને અર્જુનને કરેલ ઉપદેશ પણ કહ્યો.

વેદો ભગવાનના નિઃશ્વાસ છે તો ગીતા ભગવાનનાં વચનો છે જેથી તે વેદથી જરાય ન્યૂન નથી પ્રત્યુત અધિક છે. ભગવદ્ ગીતાને સ્મૃતિ કહેવાય છે. ગીતાની ઉત્તમતાનો પ્રસંગ એવો છે કે કોઈ એક સમયે ઉત્કલ દેશમાં ત્યાંના રાજાની સભામાં માયાવાદીઓ અને બ્રહ્મવાદીઓને વાદ થયો. સાત દિવસ વાદ ચાલ્યો પછી રાજાએ સત્ય જાણવા ભગવાન્ જગન્નાથને વિનંતી કરી ત્યારે જગન્નાથજીએ રાત્રે નીચેનો શ્લોક લખી જણાવ્યો.

એકં શાસ્ત્રં દેવકીપુત્ર ગીતમ્ એકો દેવો દેવકીપુત્ર એવ
મન્ત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા

એટલે કે ભગવદ્ગીતા સર્વોપરી શાસ્ત્ર છે. સર્વોચ્ચ દેવ ભગવાન્ કૃષ્ણ છે. અને ઉત્કૃષ્ટ મંત્ર તેમનાં જ નામો છે અને જીવમાત્રનું કર્તવ્ય કૃષ્ણની જ સેવા છે.

ભગવદ્ ગીતાનો વિષય તત્ત્વવિદ્યાથી ભરપૂર છે. કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગનું એમાં સારી રીતે ઉત્તમ પ્રકારે નિરૂપણ કરી, ભગવાનની નિષ્કામ ભક્તિ કરવાનો બોધ આપેલો છે.

# શ્રીમદ્ ભગવદ્ ગીતા સારાંશ

વિવેચન : શ્રી નાનુલાલ ગાંધી
સારાંશકાર – દેવેન્દ્ર શાહ

**અધ્યાય – ૧ અર્જુન વિષાદ યોગ**

અધ્યાય – ૧ માં અર્જુનના વિષાદનું વર્ણન છે. મહાભારતના છઠ્ઠા ભિષ્મ પર્વમાં યુદ્ધના દશમા દિવસે ભીષ્મ યુદ્ધમાં પડયા પછી સંજય ધૃતરાષ્ટ્ર પાસે આવી બધા સમાચાર આપે છે. ત્યાંથી ગીતાનો આરંભ થાય છે.

**ધૃતરાષ્ટ્ર તે જાણવા ચાહે છે** કે પાંડવો ધર્મી હોવા છતાં ભીષ્મને મારવા રૂપ ઉદ્યમ કેમ કર્યો ? તથા કુરુક્ષેત્ર તો ધર્મનું ઉત્પત્તિ સ્થાન છે. તથા મારા પુત્રોએ પણ અધર્મ જ કર્યો કે ધર્મ કર્યો તે સંજયને પૂછે છે ૧–૧

પાંડવોએ તો ભગવાનની આજ્ઞા પ્રમાણે જ યુદ્ધ કર્યું હોવાથી તેમને અધર્મ કર્યો નથી. તે શ્લોક ૨ થી ૧૯ માં કહે છે.

પરંતુ ધૃતરાષ્ટ્રે પહેલાં પોતાના પુત્રો વિષે પૂછયું હોવાથી શ્લો. ૨ થી ૧૧ માં દુર્યોધનની કથા કહે છે. તેના વચનો પહેલાં એટલા માટે છે કે યુદ્ધની પ્રવૃત્તિ તેનાથી પ્રથમ શરૂ થઈ છે. (૨)

દુર્યોધન સામા પક્ષની સેનાની વ્યૂહ રચના તથા તેમના મહારથીઓ અને પરાક્રમી વીરો ભિષ્મને જણાવે છે અને પોતાની સેનાના શૂરવીરોનું વર્ણન કરી ભીષ્મનું રક્ષણ કરવા કહે છે. કેમ કે ભીષ્મ યુદ્ધ જીતવાની પ્રવૃતિમાં પોતાનું ધ્યાન નહિ રાખે. (૩–૧૧)

ત્યારબાદ અનેક પ્રકારના યુદ્ધના વાજિંત્રો બન્ને પક્ષથી વાગવા લાગ્યા. ૧૨–૧૯

અર્જુનને યુદ્ધમાં સર્વને જોવા ચાહે છે. ૨૦–૨૩

ત્યારબાદ કૃષ્ણ રથને સેનાની મધ્યે લાવે છે. ત્યારે પ્રથમ વખત ભગવાન વચનો બોલે છે.૨૪–૨૫

અર્જુને સર્વ સંબંધિઓને જોયા તેથી ખેદ થયો. ૨૬–૨૭



અર્જુનના વિષાદની પોતાના દેહ ઉપર અસર થાય છે. ૨૮–૩૦

અર્જુનના વિષાદની અસર વાણીમાં આવે છે.

**અર્જુનની દલીલો**

૧. સ્વજનોને યુદ્ધમાં હણીને હું કોઈ શ્રેય જોતો નથી. ૩૧

૨. હું રાજ્ય અને સુખની ઈચ્છા રાખતો નથી. ૩૨

૩. મારા સંબંધીઓ મને હણે તો પણ હું તેમને રાજ્ય માટે હણવા ઈચ્છતો નથી. ૩૩–૩૫

૪. ધૃતરાષ્ટ્ર પુત્રો જે સ્વબાંધવ છે તેમને હણવાથી અમને આનંદ નહિ થાય કારણ આતતાયીઓને હણવાથી અમને પાપ થશે. (૩૬)

૫. અમે લોભને કારણે કુલક્ષયથી થતા દોષ અને મિત્રદોહનું પાતક કરવા ઈચ્છતા નથી. કેમ કે તેથી કુળની સ્ત્રીઓ દુષિત થતાં પ્રજા વર્ણશંકર થશે તેવી પ્રજા કુળનાશ કરનારી હોવાથી તથા પિંડોદક ક્રિયાના લોપથી કુલ નરકગામી બને છે. તેથી સનાતન કુલધર્મો અને જાતિધર્મો નાશ પામે છે. અને તેથી નરકમાં કાયમી વાસ થાય છે.

૬. કદાચ હું શસ્ત્રરહિત ધાર્તરાષ્ટ્રો મને હણે તો તેથી મારું શ્રેય જ છે.

૩૮–૪૬

આમ ખેદ કરીને અર્જુન શસ્ત્રો ત્યજીને રથમાં બેસી જાય છે.

**સાર** – અર્જુનને વિષાદ થવાનું કારણ કૃપા છે. માટે તો તે લોક–વેદનું અતિક્રમણ કરી યુદ્ધ કરવા ઈચ્છતો નથી. અર્જુનનું આર્તપણું અહીં જણાય છે. અર્જુન માત્ર ભક્તિ ચાહે છે. તે ભક્ત કુંતિનો પુત્ર હોવાથી પણ પ્રભુની તેના પર વિશેષ કૃપા છે.

**અધ્યાય – ૨ સાંખ્યયોગ**

પહેલા અધ્યાયમાં અર્જુનને વૈરાગ્ય તથા દુઃખ બતાવે છે. વૈરાગ્ય અને દુઃખના કારણે તે સાંખ્ય અને યોગશાસ્ત્ર જાણવાનો અધિકારી છે.

વિદ્યાના પાંચ પર્વ છે – વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ, ભક્તિ.

આ વિદ્યા આત્માના સ્વરૂપના યથાર્થજ્ઞાનમાં બુદ્ધિને સ્થિર કરનાર છે. તેથી આપણે ભગવાનના અંશ છીએ તેવું ભાન થતાં ભગવાનનો આશ્રય કરવામાં આદર થાય છે. માટે જ સાંખ્ય યોગના ઉપદેશ પછી અર્જુને ભગવાનનો આશ્રય પ્રાપ્ત કરી ભગવાનની આજ્ઞામુજબ યુદ્ધ કરેલ છે.

અર્જુન પુષ્ટિમિશ્ર મર્યાદા ભક્ત છે.

શોકથી ખિન્ન થયેલા મનવાળા અર્જુનનો ૧–૯ શ્લોકમાં તેનો શોક વર્ણવ્યો છે. ૧૦–૩૦ માં શ્લોકમાં ભગવાન તેને સાંખ્યનો ઉપદેશ કરે છે. ૩૧–૩૮ શ્લોકમાં તેના સ્વધર્મનો અને ૩૯–૭૨ યોગનો ઉપદેશ કરે છે.

**ભગવાન દુઃખી અર્જુનને કહે છે** (૧) અનાર્યોએ સેવેલો સ્વર્ગથી દૂર રાખનારો, અકીર્તિ ઉત્પન્ન કરનારો આવો મોહ તને કસમયે ક્યાંથી થયો ? નપુંસકત્વ તને યોગ્ય નથી. ક્ષુદ્ર હૃદયદૌર્બલ્ય તજીને ઊભો થા. ૧–૩

**ત્યારે અર્જુન જવાબ આપે છે** કે (૧) મારા ગુરૂઓને હણ્યા કરતાં તો ભિક્ષાન્ન સારૂં કેમ કે નહિ તો પરલોક પણ બગડે (૨) અમારા માટે જીતવું કે હારવું શું શ્રેષ્ઠ છે તે અમે જાણતા નથી. (૩) ધાર્તરાષ્ટ્રોને મારીને અમે જીવવા ઈચ્છતા નથી. આવું મારું માનવું કેટલું ઉચિત છે તે મારા કાર્પણ્ય દોષ તથા ધર્મમૂઢ ચિત્તના કારણે નિશ્ચિત થતું નથી.

હું આપનો શિષ્ય છું આપના શરણે આવેલાને ઉપદેશ કરો. કારણ કે મારો શોક કોઈ પણ પ્રકારે દૂર થાય તેમ હું જોતો નથી. ૪–૮

જ્યારે અર્જુને આમ કહી હથિયાર હેઠે મૂક્યા ત્યારે કૃષ્ણ તેની મૂઢતા ઉપર કૃપાળુતાથી હસતા કહેવા લાગ્યા. ૯–૧૦

અહીંથી શ્રીકૃષ્ણ સાંખ્યનો ઉપદેશ શરૂ કરે છે.

સાંખ્ય એટલે ત્યાગ માર્ગ દ્વારા અહંતા–મમતાનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરવી.

**ભગવાન કહે છે** આ અસુરાવેશવાળા મારવા યોગ્ય છે તેથી તેમના મૃત્યુ શોકને લાયક નથી. અને પંડિતોને જ્ઞાન છે કે સર્વ મારી ઈચ્છા પ્રમાણે જ થાય છે. વળી જે જીવે છે તેનું ભરણ પોષણ પણ ભગવાન જ કરે છે. તો શોક



શા માટે ? ૧૧

આત્મા નિત્ય હોવાના કારણે હું, તું કે આ બધાં પહેલાં પણ હતા અને હવે પછી પણ હશે. ઉદાહરણ આપે છે કે જેમ આપણું શરીર કુમારાવસ્થામાંથી યૌવન તથા જરાવસ્થા પ્રાપ્ત કરે છે તેમ આ આત્માને અન્ય દેહની પ્રાપ્તિ થાય છે.

ઈંદ્રિયોના પદાર્થ સાથેના સંબંધો દુઃખ અને સુખ આપનારા હોવાથી અનિત્ય છે. માટે સુખ–દુઃખને ધૈર્યવાને સહન કરવા જોઈએ અને જે તેને સમાન જાણ છે તે મોક્ષનો અધિકારી થાય છે. આત્મા તો નિત્ય છે. (ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે.) જ્યારે દેહ તેવો નિત્ય નથી. આવા આત્માનો ક્ષય કે વિનાશ થતો નથી. વળી તે આત્મા જાણી શકાય તેવો નથી જ્યારે દેહો તો અંતવાળા છે તેથી તારો શોક અયોગ્ય છે માટે યુદ્ધ કર આ આત્મા જૂના દેહરૂપી વસ્ત્રોને ત્યજીને નવા દેહરૂપી વસ્ત્રોને ધારણ કરે છે. આ આત્માને કોઈ પણ પ્રકારે છેદી શકાતો , ભીંજવી શકાતો કે શોષી શકાતો નથી. આ આત્મા અવ્યક્ત અચિંત્ય અને અવિકાર્ય છે આ પ્રકારે આત્માનું સ્વરૂપ જ્ઞાન હોય તો યુદ્ધ કરવામાં શોક નહિ થાય તેમ વિદ્વાનો સમજી શકે છે. ૧૨–૨૫

વિદ્વાનોના મતે યુદ્ધ કરવામાં શોકનું કારણ નથી તેમ સમજાવ્યું. હવે અજ્ઞાનીઓના મત પ્રમાણે પણ તે જ વાત સમજાવે છે કે જો તું દેહની જેમ આત્માને પણ જન્મતો અને નાશ પામતો જાણે કદાચ, તો પણ આનો શોક કરવો યોગ્ય નથી કારણ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે. (૨૬–૨૭)

**ફરી સાંખ્ય રીતે ઉપદેશે છે** કે ભૂત એટલે કે જીવ અક્ષર બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે અને તેમાં જ લય પામે છે અને દેહ પણ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થઈ લય પામે છે એટલે કે અવ્યક્તમાંથી ઉત્પન્ન થઈ થોડો સમય વ્યક્ત રહી પાછા અવ્યક્તમાં લય પામે છે. આ આત્મા નિત્ય હોવા છતાં દેહમાં પ્રગટ થાય છે તેમ માયાના કારણે જણાય છે. અજ્ઞાનીઓ તેને આશ્ચર્યવત્ સાંભળે છે. આમ આ આત્મા એક આશ્ચર્યવત્ – કોઈ તેને પૂર્ણ પણે ન જાણી શકે તેવો છે.

તેથી સાંખ્યોપદેશનો સાર એ કે સર્વના અનેક પ્રકારના દેહમાં રહેલો દેહી અવધ્ય છે તેથી તે શોક કરવા યોગ્ય નથી. (૨૮–૩૦)

હવે અર્જુનને **ભગવાન તેનો સ્વધર્મ સમજાવે છે.**

૧. ક્ષત્રિય માટે ધર્મયુદ્ધથી વધુ શ્રેયસ્કર કંઈ જ નથી. ઊઘાડાં સ્વર્ગ દ્વાર જેવું યુદ્ધ તો ભાગ્યશાળીને મળે છે.

૨. વળી જો આ યુદ્ધ તું નહિ કરે તો સ્વધર્મ ગુમાવીશ, અપકીર્તિ અને પાપને મેળવીશ. જે મરણથી પણ અધિક દુ:ખદ છે.

૩. વળી તું હણાઈશ તો સ્વર્ગ પ્રાપ્ત કરશે અને જીતીશ તો પૃથ્વીના સુખને ભોગવીશ. (૩૧–૩૭)

**સાંખ્ય-યોગનો ઉપદેશ કરતાં કહે છે** – માટે તું લાભ–હાનિ, સુખ–દુ:ખ, જય–પરાજયને સમાન જાણી યુદ્ધ કર તને પાપ થશે નહિ તેવો ઉપસંહાર કરે છે. (૩૮)

સાંખ્ય, સ્વધર્મનો ઉપદેશ કર્યા પછી હવે કર્મયોગનો ઉપદેશ કરે છે. યોગ તે મનના નિરોધરૂપ ઈશ્વરના આધારવાળો છે. તું સમતાની બુદ્ધિ રાખીશ તો પુન:બંધનની સંભાવના નહિ રહે. ભગવાનના અર્થે તથા તેમની આજ્ઞાથી કરેલ કર્મ કદી નાશ પામતા નથી તથા તે મોટા ભયમાંથી રક્ષણ કરનાર છે. આ પ્રકારના કર્મમાં માત્ર પ્રભુની આજ્ઞા જાણવાથી બુદ્ધિ નિશ્ચયાત્મક રહે છે. વળી, તેવી બુદ્ધિને અનેક પ્રકારના ફળોની અભિલાષા હોતી નથી. (૩૯–૪૧)

**આવી નિશ્ચયાત્મક સ્થિરબુદ્ધિ કોની નથી થતી તે જણાવે છે.** જેઓ માત્ર એમ જ માને છે કે વૈદિક કર્મના ફળ વિના અન્ય કોઈ ફળ નથી જ જેઓ કામનાવાળા છે. અને કામના પૂર્તિનો અર્થ જ શાસ્ત્રોમાંથી શોધે છે. તેવા કામનામાં ભટકતા ચિત્તવાળાની બુદ્ધિ સમાધિમાં સ્થિર થતી નથી. (૪૨–૪૪)

વેદો ત્રૈગુણ્યજીવોને સ્વર્ગ વ. નું ફળ આપનાર કર્મનું પ્રતિપાદન કરનારા છે. સત્વ–રજ–તમ ત્રણે ગુણોવાળા જીવ પ્રાકૃત સૃષ્ટિના છે. જ્યારે



ભગવાનની લીલા સૃષ્ટિ નિર્ગુણ છે. માટે **નૈર્ગુણ્ય થવા માટેનાં સાધન** (૧) નિર્દ્વંદ્વ થા. (૨) અહંતા–મમતા રહિત થા. (૩) નિત્ય સ્વરૂપ ભગવાનમાં નિષ્ઠાવાન થા. (૪) પોતાના બળથી જ પ્રાપ્ત અને તેનું પાલન કરવું તે ક્ષેમ તે બંનન્નેમાં પોતાનું બળ છે. તેવી દ્વંદ્વ બુદ્ધિ રહિત થા. (૫) અને મન વશ જેને છે તેવો આત્મવાન થા. (૪૫–૪૬)

વેદોમાંથી જેને જેટલું ઉપયોગી હોય તેટલું જ ગ્રહણ કરવાનું છે. વેદરૂપી સમુદ્રમાંથી ગ્રહણ કરવા યોગ્ય એટલું જ છે કે તારો અધિકાર કર્મ કરવામાં છે. ફળનો અધિકાર ભગવાનનો છે માટે ફળના પ્રયોજનવાળો ન થા તથા અકર્મ તથા નિષિદ્ધકર્મ ન કરવા. (૪૭)

**હવે આ કર્મ કેવી રીતે કરવું ?** તે બતાવે છે.

ભગવાનમાં ચિત્ત રાખીને, સારું કે બુરૂં જે પણ ફળ મળે તે પ્રભુની ઈચ્છા મુજબનું છે. તેમ જાણી કરે તેને સમપણું યોગ કહે છે. (૪૮)

સિદ્ધિ–અસિદ્ધિમાં સમાન રહે તેને બુદ્ધિ યોગ કહે છે. ફળની આકાંક્ષાથી કર્મ કરવું તે બુદ્ધિયોગથી ઘણું જ હિન છે. કારણ કે તેવાઓ લોભી છે માટે બુદ્ધિયોગને નિમિત્ત કરી ઈશ્વરને શરણ થા.

બુદ્ધિયોગવાળાને સુકૃત–દુષ્કૃતનો વિચાર નહિ હોવાથી તે તેના ફળનો અહીં જ ત્યાગ કરે છે. કર્મ કેવી રીતે કરવું તે કૌશલ્ય જ આ બુદ્ધિયોગમાં રહેલો છે. અને પરિણામે તે જન્મ–મરણ બંધનથી મુક્ત થઈને રોગરહિત ભગવાનના ધામને પ્રાપ્ત કરે છે. (૪૯–૫૨)

પરંતુ **આવો બુદ્ધિયોગ ક્યારે પ્રાપ્ત થાય ?** તેનો જવાબ ભગવાન આપે છે જ્યારે તને લૌકિક પદાર્થોમાં મોહ નહિ રહે ત્યારે તું કયાંક કર્મ અને તેથી પ્રાપ્ત થતા ફળો વિષે સાંભળશે તો પણ તેમાં તું લપટાઈશ નહિ. કર્મ ફળથી વૈરાગ્ય થઈ જશે. એટલે કે શ્રુતિમાં કહેલા કર્મ–ફળો વિષે તારી બુદ્ધિ ઈચ્છા રહિત થશે ત્યારે મારું ચિંતન કરવામાં તારી બુદ્ધિ અચલ – સ્થિર થશે ત્યારે તને બુદ્ધિયોગ પ્રાપ્ત થશે. (૫૩)

હવે અર્જુન આવા બુદ્ધિયોગ પામેલા **સ્થિતપ્રજ્ઞના સ્વરૂપ લક્ષણો** વ. જાણવા માંગે છે ભગવાન જણાવે છે ?

**સ્થિતપ્રજ્ઞ કેવી રીતે બોલે ?** તેવાને બહારની કામનાનું સ્ફૂરણ જ ન થાય તે માત્ર પોતાના આત્મામાં સ્થિત હોવાના લીધે પોતાના સ્વરૂપભૂત આત્માનું ઐક્ય સ્ફૂરવાથી સ્વતઃ સંતુષ્ટ રહે. તેવાને સ્થિતપ્રજ્ઞ કહેવાય તે લૌકિકમાં અનુકૂળ કે પ્રતિકૂળ બન્ને પરિસ્થિતિમાં આનંદ પણ નથી પામતો કે દ્વેષ પણ નથી કરતો. તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે. અહીં સુધી સ્થિપ્રજ્ઞ કેમ બોલે તે જણાવ્યું. (૫૪–૫૭)

**સ્થિપ્રજ્ઞ કેમ બેસે તે કહે છે.** કાચબો જેમ તેના અંગોને સ્વભાવથી અંદર ખેંચી લે તેમ ભોગ્ય પદાર્થોમાંથી ઈંદ્રિયોને ખેંચી લે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે. વિષયમાંથી ઈંદ્રિયોને ખેંચવનો અર્થ એવો કે તેમાંથી મનની વૃત્તિ ખેંચવાની છે. લાલસા દૂર કરવાની છે. ઈંદ્રિયો તો બળવાન છે જેથી તે મનને વિષયો પ્રતિ ખેંચી જાય છે. પરંતુ જેને ઈંદ્રિયો વશ છે તેની જ બુદ્ધિ પ્રતિષ્ઠિત છે. (૫૮–૬૧)

અહીં સુધી બહારની ઈંદ્રિયોના વશની વાત હતી હવે મન વશ ન હોય તો બુદ્ધિયોગ ભ્રંશ થાય છે તે બતાવે છે. વિષયોનું ચિંતન કરનાર પુરુષને વિષયમાં આસક્તિ થાય છે તેથી વિષયોને ભોગવવાની કામના થાય છે તે કામના જો પરિપૂર્ણ ન થાય (કયારે ય પરિપૂર્ણ તો થતી જ નથી) ત્યારે ક્રોધ આવે છે. ક્રોધ આવવાથી વિવેક ચાલી જાય છે અને તેમ થતાં ગુરુદ્વારા થયેલ ઉપદેશમાં વિભ્રમ થાય છે અને આમ બુદ્ધિયોગનો નાશ થતાં તેનો વિનાશ થાય છે. આમ અહીં **સ્થિતપ્રજ્ઞ કેમ ચાલે** તેનો જવાબ આપ્યો છે. સ્થિતપ્રજ્ઞ વિષયોનું ધ્યાન કર્યા વગર ચાલે છે. (૬૨–૬૪)

**ઈંદ્રિયોનો નિગ્રહ અશક્ય જણાય છે તો શું કરવું ?**

તો કહે છે કર્તવ્યમાં ચિત્ત રાખવું તથા રાગદ્વેષ રહિત રહેવું તો ઈંદ્રિયોને વશમાં રાખી વિષયોનો ભોગ કરે તો પણ તેનું ચિત્ત પ્રસન્ન રહે છે અને તેથી તેવાની બુદ્ધિ પ્રતિષ્ઠિત રહે છે. (૬૫)

હવે જેની બુદ્ધિ પ્રતિષ્ઠિત નથી તેને તત્ત્વનું (ભગવાનનું) ચિંતન નથી



હોતું તેના કારણે તેને શાંતિ નથી અને પરિણામે સુખ નથી. કારણ કે જેમ વાયુ નૌકાને ગમે તે દિશામાં ખેંચી જાય છે તેમ ભટકતી ઈંદ્રિયો મનને ગમે તે દિશામાં ખેંચી જઈને, જેમ તેવી નાવ ડૂબી જાય તેમ તેવું બુદ્ધિયોગ હટાવાથી અધઃપાત થાય છે એટલે કે જેની ઈંદ્રિયોનો નિગ્રહ ન હોય તેની પ્રજ્ઞાનો નાશ થાય છે. (૬૬–૬૮)

**ઈંદ્રિયોના સંયમથી જેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થઈ છે તેનાં લક્ષણો જણાવે છે.** અજ્ઞાનરૂપી અંધકારથી મુંઝાયેલ મતિવાળો સંસારી જે તત્વોનો અનુભવ નથી કરી શકતો તેના માટે તે નીશા છે ત્યારે ઈંદ્રિયોને સંયમમાં રાખનાર સ્થિતપ્રજ્ઞ તે તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે (તેના માટે દિવસ છે) અને સંસારિક વ્યવહારમાં જે રચ્યા પચ્યા છે (દિવસ છે) તેવામાં સ્થિતપ્રજ્ઞને માટે રાત્રી છે. સ્થિપપ્રજ્ઞને કોઈ જ કામના હોતી નથી. પરંતુ કામનાઓ સ્થિતપ્રજ્ઞમાં પ્રવેશ કરે છે. (જનકરાજા) દા.ત. સમુદ્રના જલ નદી પ્રતિ નથી જતા પણ નદીઓના જળ સમુદ્રમાં સમાય છે. તેથી કરીને આવો પુરુષ પ્રાકૃત કામનાઓથી નિઃસ્પૃહ હોવાનાં કારણે આત્મરમણ કરે છે તથા અહંતા–મમતા રહિત હોવાના કારણે તે જીવ સ્વરૂપસ્થ થાય છે એટલે કૃતાર્થ થાય છે. બાલબોધ–૭

**હવે યોગનો ઉપસંહાર કરે છે.** આ બ્રાહ્મી સ્થિતિ છે એટલે કે જેમ બ્રહ્મ નિર્દોષ છે અને સમ છે તેવી સ્થિતિ થઈ તેવી સ્થિતિ પ્રાપ્ત કરનાર અંતઃકાળ સમય સુધી પણ તે જ સ્થિતિમાં રહે છે તેને જરૂર બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. (૬૯–૭૨)

**સાર :** ત્યાગ કરતાં અત્યાગ ઉત્તમ છે કારણ કે શરીરનો સંબંધ હોય ત્યાં સુધી કર્મનો ત્યાગ કરી શકાતો નથી તેથી ભગવાનની આજ્ઞા પ્રમાણે ભગવદર્થ કર્મ કરવાં એ જ ઉત્તમ છે એવો નિર્ણય કરેલો છે.

## અધ્યાય – ૩ કર્મયોગ

ગયા અધ્યાયમાં ૭૧માં શ્લોકમાં विहाय कामान् વ. કહેલું હોવાથી તેમાં સાંખ્યવત્ કર્મત્યાગનો ઉપદેશ હોય તેમ લાગવાથી કોઈ પ્રકારનો નિશ્ચય નહિ કરી શકવાથી અર્જુન પુનઃ પ્રશ્ન કરે છે કે જો કર્મ કરતાં

બુદ્ધિયોગ ઉત્તમ હોય તો મને કર્મમાં શા માટે યોજો છો ?

કયારેક તમે કર્મ, તો કયારેક કર્મ ત્યાગના વખાણ કરો છો તો જીવને મોહ થાય છે માટે મારું શ્રેય હોય તે કહો. (૧–૨)

ત્યારે ભગવાને જવાબ આપ્યો કે સાંખ્યોને જ્ઞાનયોગની નિષ્ઠા તથા યોગીઓને કર્મયોગની નિષ્ઠા બન્નેને પોતપોતાના અધિકારાનુસાર યોગ્ય છે.

યોગમાર્ગવાળો કર્મનો આરંભ જ ન કરે, તેથી તેઓને નૈષ્કર્મ પ્રાપ્ત થતું નથી. પરંતુ જો તે બુદ્ધિયોગથી કર્મ કરે તો તેનું અંતઃકરણ શુદ્ધ થાય છે. તેવી જ રીતે સાંખ્ય માર્ગવાળો માત્ર કર્મનો ત્યાગ કરે તો તેને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, કેમ કે સત્વાદિક ગુણો દરેકને એક ક્ષણ પણ કર્મ કર્યા વગર રાખતા નથી. છતાં પણ કોઈ જો બાહ્યેન્દ્રિયોને સંયમમાં રાખી મનથી વિષયોનું સ્મરણ કરે તો તે દંભી છે. કેમ કે સાંખ્યમાં પણ મનથી ત્યાગ છે જ. (૩–૬)

માટે ઈંદ્રિયોને મનથી નિયમનમાં રાખી કર્મ કરવું ઉત્તમ છે કેમ કે નહિ તો શરીરયાત્રા સિદ્ધ નહિ થાય. માટે ભગવદર્થ કર્મ સિવાયના બીજા કર્મ જેવા કે કામ્ય કર્મ, પરધર્મ વ. આ લોકમાં બંધન કરાવનારા છે. (૭–૯)

ભાગવતના સર્ગ પ્રકરણમાં બ્રહ્માએ યજ્ઞ અને પ્રજા ઉત્પન્ન કર્યા અને કહ્યું કે 'યજ્ઞ ઈષ્ટકામ આપનાર થાઓ.' અહીં યજ્ઞ વિહિતકર્મ તરીકે છે. તે કામના વગર કરવાથી મોક્ષ મળે છે. યજ્ઞથી તમે દેવોને સંતોષો, દેવ તમોને સંતોષશે. વૃષ્ટિ વગેરે દેવો આપે છે માટે તેમને આપીને જ ભોગ કરવો જોઈએ. પાંચ પ્રકારના યજ્ઞ ભગવાનનું સ્વરૂપ જ હોવાથી તેમને આપીને અવશિષ્ટ જ ભોગવવું જોઈએ નહિ તો પાપ લાગે છે. માટે કર્મ કરવું જોઈએ. (૧૦–૧૩)

**હવે ઉત્પત્તિનો પ્રકાર કહે છે** તે મુજબ પણ કર્મ કરવા જોઈએ. પ્રાણીમાત્ર અન્નથી નભે છે. વરસાદથી અન્ન પાકે છે. યજ્ઞથી વરસાદ થાય છે અને યજ્ઞાત્મક ભગવદ્રૂપની ઉત્પત્તિ કર્મથી થાય છે. માટે કર્મ કરવું જોઈએ.

યજ્ઞમાં નિત્યબ્રહ્મ રહેલ છે કેમ કે કર્મનો ઉદ્ભવ વેદમાં થાય છે અને



વેદ અક્ષરબ્રહ્મમાંથી થયા છે. માટે પ્રજાપતિએ યજ્ઞ કરવાનો ઉપદેશ આપ્યો છે. માટે જે યજ્ઞ કર્યા વગર ભોગવે છે તે પાપમય થાય છે. (૧૪–૧૬)

આમ યોગમાર્ગીય પુરુષે સ્વઅર્થની સિદ્ધિ માટે કર્મ કરવું તેવો ઉપદેશ આપ્યો.

હવે સાંખ્ય માર્ગ વાળાને જ્ઞાનની આવશ્યકતા છે. કર્મ કરવાનું નથી તેમ કહે છે.

જે મનુષ્ય આત્મતૃપ્ત, આત્મામાં જ રમણ કરનારો છે તેને કંઈ કાર્ય કરવાનું નથી કેમ કે તેને કર્મ કરીને પુણ્ય નથી મેળવવું કે કર્મ નહિ કરીને પાપ નથી મેળવવું. (૧૭–૧૮)

હવે ભગવાન અર્જુનને કહે છે કે તને સાંખ્યજ્ઞાન નથી માટે તું આસક્તિ રાખ્યા વગર / અથવા ભગવાનના માટે કાર્ય કર. વળી, જનક વ. ને આ પ્રમાણે કર્મ કરવાથી જ્ઞાનસિદ્ધિ થઈ હતી. વળી લોક સંગ્રહ માટે પણ કર્મ કરવા જોઈએ. કારણ શ્રેષ્ઠ પુરૂષોનું લોકો આચરણ (અનુસરન) કરતા હોય છે. આમ કહીને ભગવાન પોતાનો દાખલો આપે છે કે મારે કંઈ કર્મ કરવાની જરૂર ન હોવા છતાં કર્મ કરું છું. જો તેમ ન કરું તો મનુષ્ય મને ખોટી રીતે અનુસરે. પરિણામે લોકોનો નાશ થાય. વિદ્વાને લોકસંગ્રહાર્થે કર્મમાં આસક્ત થયા વગર કર્મ કરવા. પરંતુ અજ્ઞોને કે જે કર્મમાં આસક્ત છે તેમને ઉપદેશ આપવો નહિ. કેમ કે નહિ તો તેઓ કર્મ કરવાનું જ છોડી દેશે. તેમને તો પોતાના જીવનમાંથી જ ધીરે ધીરે શિખવવું. (૧૯–૨૬)

**વિદ્વાન અને અવિદ્વાન જે કર્મ કરે છે તેમાં ભેદ શું છે ?** પ્રકૃતિ અને પુરુષમાંથી પ્રકૃતિ કાર્ય કરનારી છે અને પુરુષ ભોક્તા છે. કર્મ કરનાર પ્રકૃતિના ગુણો છે. પરંતુ અવિદ્વાન (મૂઢ અંતઃકરણવાળો જીવ) એમ માને છે કે હું કર્તા છું. જ્યારે વિદ્વાન જાણે છે કે ગુણો જ કર્મ કરે છે. આત્માથી કર્મ થતું જ નથી. એમ જાણનાર કર્મમાં આસક્ત થતો નથી. (૨૭–૨૮)

આવા વિદ્વાનોએ મંદમતિવાળાને ઉપદેશ આપવો નહિ. ભગવાન અર્જુનને કહે છે ''માટે કર્મના ફળનો, મમતાનો કે કર્તાપણાનો ત્યાગ કરીને યુદ્ધ કર.''

આવા કર્મરૂપી સાધન મારામાં શ્રદ્ધા રાખીને જે કરે તેને અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. અને તેમ ન કરનાર નાશ પામે છે. (૨૮–૨૯)

ત્યાં **શંકા** થાય કે આપના મત પ્રમાણે ચાલવાથી જો ઉત્તમ ફળ પ્રાપ્ત થતું હોય તો બધા તે પ્રમાણે કેમ વર્તતા નથી ? **સમાધાન** – ત્યાં કહે છે સામાન્ય તો શું પણ શાસ્ત્રજ્ઞ પણ પ્રકૃતિના ગુણો આગળ પાંગળો થઈ જઈને ઈંદ્રિયોનો નિગ્રહ કરી શકતો નથી. આ ઈંદ્રિયોને પોતાના ઈષ્ટ અર્થ પ્રતિ રાગ અને અનીષ્ટ અર્થ પ્રતિ દ્વેષ હોય છે. માટે વિવેકી પુરુષે રાગ–દ્વેષને વશ ન થવું. રાગ–દ્વેષ તે પરધર્મ છે જ્યારે શાસ્ત્રોક્ત વિહિત ધર્મો તે સ્વધર્મો છે. પરધર્મનું આચરણ પોતાને શ્રેયસ્કર નથી. માટે સ્વધર્મ નિમ્ન હોવા છતાં પણ તેને ત્યજવો નહિ. સ્વધર્માચરણ કરતાં મૃત્યુ આવે તો તે પણ બહેતર છે. (૩૩–૩૫)

હવે અર્જુન પૂછે છે તો પછી **જીવ પરધર્મ કેમ તજી શકતો નથી ?** ઈચ્છતો ન હોવા છતાં પાપ શા માટે કરે છે ? ત્યારે ભગવાન જવાબ આપે છે – ભિન્ન ભિન્ન ઈચ્છાઓ પ્રતિ રાગ ઉત્પન્ન કરનાર કામ જ છે અને દ્વેષ ઉત્પન્ન કરનાર ક્રોધ પણ કામનું જ પરિણામ છે. આ કામ બુદ્ધિનો નાશ કરનાર છે. તે મહાપાપ કરાવે છે. આ કામ ભોગથી શાંત થતો નથી. માટે તો તેને બહુ ખાનારો કહ્યો છે. આમ બલાત્કારે પાપનું આચરણ કરાવનાર આ કામ છે.

આ આખું જગત કામથી જ છવાયેલું છે. આ કામ વેરી હોવાથી દુષ્પુર છે તે શોક–સંતાપ ઉત્પન્ન કરાવનાર હોવાથી અગ્નિ છે. આ કામથી જ્ઞાનીનું જ્ઞાન ઢંકાઈ જાય છે.

આ કામના રહેવાના સ્થળ ઈંદ્રિયો, મન કે અંતઃકરણ અને બુદ્ધિ છે. જ્ઞાન આ ત્રણથી ઢંકાઈ જવાથી મોહ ઉત્પન્ન કરે છે. પ્રથમ ઈંદ્રિયોથી મોહ થાય છે માટે આ ઈંદ્રિયોનો નિગ્રહ કર અને ત્યારબાદ શાસ્ત્રીય જ્ઞાન અને વિજ્ઞાન બન્નેનો નાશ કરનાર કામને હણ. જ્ઞાનના વિરોધી એવી ઈંદ્રિયોથી મન બળવત્તર છે. અને મનથી બલવત્તર બુદ્ધિ અને બુદ્ધિથી બલવત્તર કામ છે. આ કામ બુદ્ધિથી પણ વશ થાય તેવો નથી માટે યોગથી શુદ્ધ થયેલ આત્મા વડે મનને સ્થિર કરી દુર્જય શત્રુ કામનો ત્યાગ કર. (૩૭–૪૩)

**ઉપસંહાર :** આ અધ્યાયમાં કર્મયોગનો ઉપદેશ કહેલો છે. ઈંદ્રિયોનો



નિગ્રહ કરવાનો, બુદ્ધિનો નાશ કરનાર ક્રોધ–કામનો ત્યાગ કરવાનો ઉપદેશ છે. જ્યાં હરિની ઈચ્છા વગર કર્મનો ત્યાગ કરવો નહિ. અર્થાત કર્મ કરવું ઉત્તમ છે. યોગીઓએ પણ કર્મ કરવું તેવો ઉપદેશ છે.

## અધ્યાય – ૪ જ્ઞાન કર્મ સંન્યાસયોગ

ગયા બે અધ્યાયમાં યોગબુદ્ધિથી સ્વધર્મનું આચરણ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેમ કહેલું છે. તે જ કર્મયોગનું હવે અહીં ભગવાન બ્રહ્મભાવથી નિરૂપણ કરે છે.

પ્રથમ ૩ શ્લોકમાં તે પરંપરાથી પ્રાપ્ત થાય છે તેમ કહે છે. ભગવાન કહે છે – જેનું ફળ અવ્યય મોક્ષ છે તેવો આ યોગ પ્રથમ મેં સૂર્યને કહ્યો, સૂર્યએ મનુને અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. આ યોગને પહેલાં રાજર્ષિઓ જાણતા જ હતા પણ તે લાંબા સમયે અહીં નષ્ટ થયો આ તે જ યોગ છે જે મેં તને કહ્યો છે. કારણ તું મારો સખા તથા ભક્ત છે. (૧ થી ૩)

હવે અર્જુન શંકા ઊભી કરે છે કે સૂર્ય તો પુરાતન છે. જ્યારે આપ તો હમણાં આ કાળમાં જન્મેલા છો તો તે યોગ ક્યારે કહ્યો ? જો કે અર્જુન કૃષ્ણને ભગવાન તરીકે જાણે છે પરંતુ આ પ્રશ્ન દ્વારા તે વિશેષમાં જાણવા માંગે છે કે ભગવાનનો જન્મ કેવા પ્રકારે થાય છે ? તેમનો દેહ શાનો બનેલો છે ? જન્મનું પ્રયોજન શું ? જન્મ કયારે અને કોના માટે થાય છે ? (૪)

ભગવાન ઉત્તર આપે છે – હે અર્જુન મારા અને તારા બહુ જન્મો થઈ ગયા, જે હું જાણું છું પણ તું જાણતો નથી તેમ કહીને બ્રહ્મવાદ પ્રમાણે કહ્યું કે ઈશ્વર સર્વજ્ઞ છે જ્યારે જીવ સર્વજ્ઞ નથી. (૫)

### જન્મ કેવી રીતે ?

જો ભગવાન અનાદિ છે તો જીવ પેઠે જન્મ કેમ કહ્યો ? તે માટે કહે છે કે હું જન્મ રહિત, વિકાર રહિત, પ્રાણીઓનો ઈશ્વર, એટલે કે કર્મને આધીન નથી છતાં મારી માયાથી અવતાર લઉં છું. અહીં માયા એટલે ભગવાનનું સામર્થ્ય. ભગવાન પોતાના નિત્ય સિદ્ધ જ્ઞાન અને ક્રિયાશક્તિના આશ્રયરૂપ સચ્ચિદાનંદરૂપને અધિષ્ઠાન કરીને અવતરે છે. જેથી ભગવાનના

છે એ ગુણો આવિર્ભૂત રહે છે. (૬)

**જન્મ શા માટે ? / ક્યારે ?**

હું ધર્મી પુરુષોનું રક્ષણ કરવા અને અધર્મીઓનો વિનાશ કરવા તથા ધર્મનું સંસ્થાપન કરવા દરેક યુગમાં અવતરું છું. ભગવાન પક્ષપાતી નથી પણ માતાની જેમ, દોષ આવે તો શિક્ષા પણ કરે. (૭)

જ્યારે ધર્મનો ક્ષય અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે જન્મ લે છે. ભગવાનનો દેહ– આત્મા બધું આનંદમય છે તેમજ તેમાં વિભાગ નથી. ભગવાનનું જ્ઞાન નિત્ય છે. સચ્ચિદાનંદ, વિરૂદ્ધ ધર્માશ્રયી છે. (૮)

**કેવા ભગવાનને પામે ?**

જે કોઈ ભગવાનના આવા મૂળ સ્વરૂપને જાણે છે તે ભગવાનને પ્રાપ્ત કરે છે. જો ભગવાનનો જન્મ–કર્મ પ્રાકૃત હોય તો તેમનો આશ્રય કરનાર તો ઘણા મુક્ત થયા છે તથા રાગ–ભય–ક્રોધથી મુક્ત થયા છે. વળી, જે કોઈ તે મને જેવી રીતે ભજે છે તેઓને તે તેવી રીતનું ફળ આપે છે. (૯–૧૧)

**તો આ લોકમાં ઘણાઓ અન્ય દેવોને કેમ ભજે છે ?** ત્યાં કહે છે કે જેને આ લોકમાં જ કર્મનું પ્રાકૃત ફળ પામવાની ઈચ્છા હોય તેવા તે મને ભજતા નથી પણ ઈંદ્રાદિ દેવોનું યજન કરે છે.

ભગવાને જ જગતમાં ચાર વર્ણ, ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે રચેલા છે. સત્વપ્રધાન બ્રાહ્મણો, સત્વ–રજ પ્રધાન ક્ષત્રીયો, રજ–તમ પ્રધાન વૈશ્યો અને તમ પ્રધાન મૂઢો. તે ગુણ અનુસાર તેમના ધર્મો શમદમાદિ, શૌર્યાદિ, કૃષિવાણિજ્યાદિ તથા દ્વિજસેવા અનુક્રમે છે. આ ચારે વર્ણના જીવોનો પ્રકૃતિ સાથે સંબંધ થયો હોવાથી તેઓને ઈંદ્રિયો સાથે જ ગુણ અને કર્મ આપેલા છે. તેથી તેઓ જેવા કર્મ કરે તેવા ફળ પામે.

જ્યારે ભગવાન તો આ ચારે વર્ણોના કર્તા હોવા છતાં વસ્તુતઃ અકર્તા છે કેમ કે તેમનામાં અહંકાર વ. નથી, તે અવ્યય છે માટે તો તેમને કર્મ લેપતું નથી કે તેમને કર્મફળની સ્પૃહા પણ નથી. વળી જે ભગવાનને આવા જાણે છે તેને કર્મબંધન કરતું નથી. (૧૨–૧૪)



હવે ઉદાહરણ આપે છે કે પૂર્વેના મુમુક્ષોઓ જેવા કે નારદ, મનુ વ. એ પોતાના ધર્મ અનુસાર કર્મ કરેલા. આમ કર્મ શિષ્ટાચાર હોવાથી તું પણ કર્મ કર. (૧૫)

**હવે ભગવાન કર્મનું સ્વરૂપ સમજાવે છે.**

કર્મ એટલે વિહિત કર્મ અને અકર્મ એટલે અવિહિત કર્મ. અને અશુભ કર્મ એટલે વિકર્મ. આ વિકર્મ નિષિદ્ધ કર્મ છે. આ બધું જાણવાથી કયું કર્મ કરવું તેનું જ્ઞાન થાય છે . કારણ કર્મની ગતિ ગહન છે. (૧૬–૧૭)

જે એમ જાણે છે કે વિહિત કર્મ કરવાથી કર્મબંધન થતું નથી. અને નિષિદ્ધ કર્મથી કર્મબંધન થાય છે તે સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન છે એટલે કે કર્મયોગવાળો છે.

**કર્મબંધન કોને નહિ ?**

જેમનાં કર્મ, ફળ અને ફળ પ્રાપ્તિની ઈચ્છા વગરના છે તેવા કર્મો જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગયેલાં હોવાથી કર્મબંધન થતું નથી. આવા પુરુષોને જ્ઞાનીઓ પંડિત કહે છે. (૧૮–૧૯)

જે કોઈ કર્મ કરે પણ તેમાં પ્રાકૃત આસક્તિ ત્યજી, પોતાનામાં જ તૃપ્ત રહે છે તથા કર્મફળ આપનારનો આશ્રય કરતો નથી અને કર્મના સાધન વ. માં અપ્રાકૃત વસ્તુની યથાર્થ ભાવના કરે છે તેને કર્મબંધન થતું નથી. જેને હું કર્તા છું તેવો અહંકાર નથી તથા જે ભગવદીચ્છાથી પ્રાપ્તમાં સંતોષ પામનાર, સુખદુઃખ દ્વંદ્વથી અતીત, મત્સર રહિત છે, તે કર્મબંધનને પામતો નથી. તેવો ભગવાન માટે જ કર્મ કરે છે કેમ કે જેને માટે અર્પણ હવિ, અગ્નિ, હોમકર્તા વ. સર્વમાં બ્રહ્મની ભાવના છે તેનું કર્મ પણ બ્રહ્મરૂપ થાય છે જેથી તેને કર્મનું બંધન થતું નથી. (૨૦–૨૪)

જ્ઞાની બ્રહ્મવાદીઓ બ્રહ્મઅગ્નિમાં બ્રહ્મરૂપી યજ્ઞનો બ્રહ્મરૂપી યજ્ઞથી હોમ કરે છે જ્યારે જુદા જુદા અધિકારીઓ જુદા જુદા યજ્ઞ કરે છે. કોઈ ઈંદ્રિયોને સંયમાગ્નિમાં હોમે છે, કોઈ વિષયોને ઈંદ્રિયરૂપી અગ્નિમાં હોમે છે, કોઈ ઈંદ્રિયોના કર્મને તથા પ્રાણ કર્મોને જ્ઞાનથી પ્રદીપ્ત આત્મ સંયમરૂપ અગ્નિમાં હોમે છે.

વ્રત પાળનારા યતિઓ દ્રવ્યયજ્ઞ (ગૃહસ્થ), તપોયજ્ઞ (વાનપ્રસ્થ), યોગયજ્ઞ (યોગી) સ્વાધ્યાય યજ્ઞ (બ્રહ્મચારી) અને જ્ઞાનયજ્ઞ (જ્ઞાની) કરનારા હોય છે.

કોઈ અપાનમાં પ્રાણ હોમે છે તો કોઈ પ્રાણમાં અપાન હોમે છે આમ, તેઓ પ્રાણાયામ પરાયણ છે.

કોઈ નિત્ય આહારવાળા પ્રાણને પ્રાણમાં હોમે છે. આ સર્વ અધિકારાનુસાર યજ્ઞ કરનારા પાપ યજ્ઞથી ક્ષય પામે છે. યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલ અમૃતનો જે ભોગ કરે છે તેને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તેથી યજ્ઞ અવશ્ય કરવો જોઈએ. કર્મ કર્યા વગર રહી શકાતું નથી. (૨૫–૩૦)

આ બધા યજ્ઞો કર્મથી જ સિદ્ધ થાય છે. હવે **ઉત્તમ કયો** તે કહે છે સર્વ યજ્ઞ કરતાં સાંખ્ય અને યોગના એકાર્થરૂપ બ્રહ્માત્મક જ્ઞાનયજ્ઞ સર્વથી ઉત્તમ છે. તેમાં સર્વ કર્મ ફળસહિત સમાઈ જાય છે.(૩૧–૩૩)

હવે આ જ્ઞાનયજ્ઞના સાધનભૂત **જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય** તે કહે છે – આ જ્ઞાન પ્રણીપાત–દીનતાથી, વારંવાર પ્રશ્ન પૂછવાથી અને જ્ઞાનીઓની સેવા કરવાથી પ્રાપ્ત થાય છે. (૩૪)

**હવે જ્ઞાનનું ફળ કહે છે** – આવું બ્રહ્માત્મક જ્ઞાન થયા પછી મોહ થશે નહિ અને સર્વ ભૂતોને તું તારા પોતાનામાં તેમજ મારામાં જોઈશ. આવી જ્ઞાનરૂપી નૌકાથી પાપના સમુદ્રને સહેલાઈથી તરી જવાશે. ઉદાહરણ તરીકે જેમ પ્રજ્વલીત અગ્નિ કાષ્ઠને ભસ્મ કરે તેમ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને બાળીને ભષ્મ કરી નાંખે છે.

**જ્ઞાન કોણ પ્રાપ્ત કરે ?**

તપ, ધ્યાન, વ. સાધનોમાં જ્ઞાન સમાન પવિત્ર સાધન કોઈ નથી. આ સાંખ્ય–યોગના એકાર્થરૂપ જ્ઞાન પ્રાપ્ત થવું કઠીન છે. ગુરુ આવા ઉત્તમ જ્ઞાનનું દાન શ્રદ્ધાવાન, જ્ઞાનપરાયણ અને ઈંદ્રિયોને સંયમમાં રાખનાર હોય તેને જ આપે છે. આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી ચિત્તની પરમશાંતિ મળે છે.



**જ્ઞાન કોને ન મળે ?**

પરંતુ જે અજ્ઞાની છે, જ્ઞાન હોય પણ શ્રદ્ધા ન હોય, સંશયવાળો હોય, તેમને આ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેમને આલોક કે પરલોકમાં સુખ પ્રાપ્ત થતું નથી માટે નિશ્ચયાત્મક બુદ્ધિ રાખવી. (૩૫–૪૦)

**ઉપસંહાર :** સાંખ્ય–યોગ ઉભયના એકાર્થમાં જે 'તત્પદ' છે એટલે કે કર્મ કરવા છતાં તેના પરિણામમાં જે સમાન રહે છે એટલે કે અંદરથી કર્મનો સંબંધ નથી તેવો યોગી તથા જ્ઞાનથી આત્મા – અનાત્મા સંબંધી જેના સંશયો છેદાઈ ગયા છે જેને અનાત્માનું સ્વલ્પ પણ અભિમાન નથી અને જે માત્ર આત્મવાન છે તેને કર્મ બંધન કરતું નથી.

ભગવાન અર્જુનને કહે છે કે – માટે ઊઠ, સાંખ્યબુદ્ધિ પ્રમાણે અનાત્મરૂપ સંશયને જ્ઞાનરૂપી અસ્ત્રથી છેદીને યોગ કર. અને તારા ક્ષત્રિયના કર્મરૂપ યુદ્ધ માટે તૈયાર થા. (૪૧–૪૨)

## અધ્યાય – ૫ કર્મ સંન્યાસયોગ

ચતુર્થ અધ્યાયમાં કહ્યું કે કર્મ બહારથી કરવું, ફળમાં આસક્તિ ન રાખવી, અંદરથી કર્મનો સંબંધ ન રાખવો એ સાંખ્ય તથા યોગ ઉભયનો એકાર્થ છે, તે ભગવાને પ્રતિપાદન કર્યું છતાં **અજુન પુનઃ પોતાના શ્રેય સંબંધી પ્રશ્નો કરે છે.** (૧)

અર્જુન – તમે કર્મના સંન્યાસ અને પછી પાછા યોગનો પણ ઉપદેશ આપો છો તો તે બેમાંથી જો એક શ્રેય હોય તે મને કહો. ત્યારે ભગવાન કહે છે : સાંખ્યનો કર્મસંન્યાસ અને યોગનો કર્મયોગ બન્ને સ્વતંત્ર પુરુષાર્થના સાધન છે અને બન્ને થકી મોક્ષ મળી શકે પણ સંન્યાસ કરતાં કર્મયોગ ઉત્તમ છે કારણ કે યોગમાર્ગ પ્રમાણે કર્મ કરતો હોય અને જય–પરાજય સર્વ દ્વંદ્વમાં દ્વેષ–રાગ રહિત હોય, કર્મફળની ઈચ્છા ન રાખતો હોય તે નિત્યસંન્યાસી જ છે. તે યોગ અને સાંખ્ય બન્ને પ્રકારમાં પ્રક્રિયા જુદા પ્રકારની હોવા છતાં ફળ એક જ છે. બન્નેમાં અંદરથી કર્મ સાથે સંબંધ રાખવાનો નથી તેથી તત્વજ્ઞો તો તે બન્નેને એક જ કહે છે. સાંખ્યની સિદ્ધિ માટે સંન્યાસની જરૂર છે. જ્યારે યોગમાં સંન્યાસ વગર

સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન રહેવું તેનું નામ યોગ. જેથી યોગ વગર સંન્યાસ પ્રાપ્ત કરવો કઠીન છે. (૨–૬)

હવે **યોગીનું સ્વરૂપ કહે છે.**

યોગી શુદ્ધ અંતઃકરણવાળો, મન અને ઈંદ્રિયોને જીતનાર, તથા પ્રાણીમાત્રના આત્માને પોતાનો આત્મા જાણે છે. આવો યોગી ઈંદ્રિયોના વ્યાપાર કરતો હોવા છતાં તેને કતૃપણાનું અભિમાન નથી હોતું. જેથી તે કમળપત્રની જેમ કર્મથી લેપાતો નથી. જેથી પાપથી પણ લેપાતો નથી.

આ યોગી આસનાદિ વગેરે કર્મ કાયાથી, ધ્યાન વ. મનથી, તત્ત્વ – નિશ્ચય બુદ્ધિથી અને શ્રવણ–કીર્તન–દર્શન વ. કર્મો આસક્તિરહિત ઈંદ્રિયોથી કરે છે. યોગીઓ આ પ્રકારનું કર્મ આત્માની શુદ્ધિ એટલે સમપણા માટે કરે છે. આ પ્રકારે તેઓ સંગ (આસક્તિ) તજીને કર્મ કરે છે. આમ કરવાથી તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. આવો દેહી દેહમાં રહેવા છતાં કંઈ કરતો નથી. (૭–૧૩)

કતૃપણાનું અભિમાન કર્મ કે કર્મફળના સંયોગો ભગવાન નથી સર્જતા પણ તેવા લોકનો સ્વભાવ જ 'કર્તાપણા'નું અભિમાન સર્જે છે આમ થવાનું કારણ જીવનું અજ્ઞાન છે અને તેના અધ્યાસો છે, અવિદ્યાના પર્વો છે. અવિદ્યા આત્માના સ્વરૂપને ઢાંકી દઈ તેને જન્મ–મરણના ફેરામાં નાખે છે. પરંતુ ભગવદ્ કૃપાથી જેને આત્મવિદ્યાનું દાન થાય છે તેને પરબ્રહ્મનું જ્ઞાન થાય છે. જેથી તેમના પાપ જ્ઞાનથી ધોવાઈ જાય છે અને તેઓ મોક્ષને પામે છે (૧૪–૧૭)

તેવા જ્ઞાની સર્વમાં બ્રહ્મને જ જૂએ છે એટલે કે સર્વ પ્રતિ સમાન રહે છે. બ્રહ્મ પણ સમ તથા નિર્દોષ હોવાથી તેઓ બ્રહ્મમાં જ રહેલા છે અને તે આ લોકમાં જ મુક્ત થઈ ગયા છે. તેવો બ્રહ્મજ્ઞાની સ્થિરબુદ્ધિવાળો તથા મોહરહિત છે. તેના માટે કંઈ જ પ્રિય કે અપ્રિય રહેતું નથી. સાંખ્ય પ્રમાણે જેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેવી જ સિદ્ધિ આવા બ્રહ્મયોગથી પણ પ્રાપ્ત થાય છે માટે વિદ્વાન અનિત્ય ભોગોમાં રમતો નથી. યોગી મૃત્યુપર્યંત કામ–ક્રોધને સહન કરવા શક્તિમાન હોય છે. તદુપરાંત તે અંતરાત્મામાં જ સુખી, અંતરાત્મામાં જ રમણ કરનાર તથા અંતરાત્મામાં જ પ્રકાશવાળો હોય છે. તેને મોક્ષ અથવા બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે. વળી, તેઓના પાપ



ક્ષીણ થઈ ગયેલા, તેઓ સંશય રહિત અને તેઓ પ્રાણી માત્રના હિતમાં રમણ કરનારા છે. તેવાઓને જીવતાં જ બ્રહ્મનિર્વાણ છે. (જીવનમુક્ત છે.) (૧૮–૨૬)

**હવે યોગની પ્રક્રિયાનું વર્ણન કરે છે.**

યોગી બહારના પદાર્થોના ચિંતનને અંદર પ્રવેશવા દેતા નથી. જ્ઞાનપ્રધાન નેત્રને બે ભ્રકુટી મધ્યે રાખે છે. પ્રાણ અને અપાનને સમાન રાખી એટલે કે કાર્ય સિદ્ધિ પરાયણ નહિ રહેતાં મોક્ષ પરાયણ રહે. ઈશ્વર પરાયણ રહી જે પોતાના મન–બુદ્ધિ–ઈંદ્રિયને સંયમમાં રાખે છે તથા જેના કામ–ક્રોધ ઈચ્છા દૂર થયેલા છે તે જીવનમુક્ત છે અને જે ભગવાનને જ યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વ લોકનો મહેશ્વર અને પ્રાણી માત્રનો આત્મા જાણે છે. આવો માહાત્મ્યજ્ઞાની મોક્ષને પામે છે. (૨૭–૨૯)

## અધ્યાય – ૬ આત્મસંયમયોગ

આગળના અધ્યાયમાં બતાવ્યું કે આત્મસંયમ વડે સંન્યાસ અને યોગ ઉભયના એકાર્થની સિદ્ધિ થાય છે.

**સંન્યાસી - યોગી કોણ ?**

માટે જે કર્મ ફળનો ત્યાગ કરી અગ્નિ હોત્રાદિ કર્મ કરે છે તે સંન્યાસી છે. અને કર્તવ્ય–કર્મ કરતો હોવાથી તે યોગી પણ છે. પરંતુ જે અગ્નિહોત્રાદિ કર્મ કરતો નથી તે સંન્યાસી નથી તો યોગી તો હોય જ ક્યાંથી ? વળી જે વાવ–કૂવા ખોદાવવા, દાન કરવા વ. પણ કરતો નથી તે પણ સંન્યાસી કે યોગી નથી. (૧)

સંન્યાસ – યોગ બન્નેમાં ભેદ નથી. ઊભયનો સંયોગ જરૂરી છે. ફળના સંકલ્પના ત્યાગનો ઉપદેશ યોગમાં છે તેથી તે સંન્યાસ પણ છે. આત્મસંયમ (યોગ)ના માર્ગે આગળ વધવાનું સાધન, ફળની ઈચ્છા વગર સ્વધર્મનું આચરણ છે અને યોગારૂઢ (આત્મસંયમ સિદ્ધિ) થયા પછી સર્વ સંકલ્પનો ત્યાગ કરવાનો છે. જેથી યોગારૂઢતા દઢ થાય. તેવાને પોતાની ક્રિયાથી થતા કર્મમાં પણ આસક્તિ રહેતી નથી. વિષયમાં આસક્તિ રાખ્યા

વગર કર્મ કરવું, તેને પોતે જ આત્માનો ઉદ્ધાર કરવો તેવું કહે છે. જેથી કર્તાને આત્માનો બંધુ બનાવવો જોઈએ. વિષયમાં આસક્તિ રાખીને શત્રુ ન બનાવવો. આત્મા આત્માનો બંધુ હોવો એટલે કે વિવેકબુદ્ધિથી કર્તાપણાના અભિમાનને જીત્યો છે. આવો આત્માને જીતેલો ઉષ્ણ–શીતાદિ સર્વ અવસ્થામાં સમ–શાંત રહે છે. તેવાને પરમાત્મા અંતર્યામીની પેઠે સમાધિમાં રહેલા છે. (૨–૮)

**યોગારૂઢ મુનીનું સ્વરૂપ**

જેનું અંતઃકરણ ઉપદેશથી પ્રાપ્ત જ્ઞાનથી તથા સાક્ષાત્ થયેલા અનુભવથી તૃપ્ત થયેલ છે તથા જે વિકારરહિત છે, જે જિતેન્દ્રિય છે અને જેની બુદ્ધિ સમ છે તેવો યોગી યોગારૂઢ છે. આવો ઉત્તમ યોગી સર્વ હિતનો જ ઉપદેશ કરનાર છે. તે કોઈનો મિત્ર કે શત્રુ નથી તે બન્ને વાદીના મધ્યસ્થ જેવો તટસ્થ છે. દ્વેષ–રાગ રહિત, સહુનો સંબંધી, સદાચારી સાધુ અને પ્રાણીમાં સમાન બુદ્ધિવાળો છે. (૯–૧૦)

અહીંથી **અંગ સહિત યોગની સિદ્ધિ** કેવી રીતે થાય તે કહે છે બહુ ઊંચું કે નીચું નહિ એવા સ્થિર આસન ઉપર કુશ ઉપર મૃગચર્મ અને વસ્ત્ર પાથરી તેને પવિત્ર ભૂમિ પર સ્થાપન કરી મનને એકાગ્ર કરી, કાયા–ગ્રીવ–શીરને અચલ રાખી પોતાના નાકના ટેરવાને જોઈ, અન્ય દિશામાં જોયા વિના સ્થિર રહી, ચિત્ત અને ઈંદ્રિયોની ક્રિયાનો નિગ્રહ કરી આત્માની શુદ્ધિ માટે યોગ કરવો. મનનો સંયમ કરી, ભગવાનમાં ચિત્ત રાખી સાવધાન થઈ ભગવત્પરાયણ રહેવાની પ્રક્રિયાને સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. તેવા યોગીને અક્ષર બ્રહ્મમાં તાદાત્મ્યથી પણ ઉત્તમ ભગવાનમાં લયરૂપ મોક્ષ ફળ મળે છે. (૧૧–૧૫)

**આવો યોગ કોને સિદ્ધ નથી થતો ?**

તેવાએ બહુ આહાર ન કરવો કે નિરાહાર ન રહેવું. બહુ નિંદ્રા નહિ કે જાગરણ નહિ પરંતુ યોગ્ય આહાર, વિહાર, નિદ્રા લેવા વળી – યોગ સિદ્ધિ દરમિયાન ચિત્ત આત્મામાં જ રહેવું જોઈએ. અને મધ્યપાતી સિદ્ધિઓની સ્પૃહા ન રાખે તો તે દૃઢયોગી અથવા અસંપ્રજ્ઞાત સમાધિવાળો યોગી કહેવાય છે. હવે



ઉદાહરણ આપે છે કે જેમ પવન વગરના પ્રદેશમાં દીપકની જ્યોત હાલતી નથી તેમ આવા યોગીનું ચિત્ત ચંચળ થતું નથી. "चेतस् तत् प्रवणं सेवा" (૧૬–૧૯)

**હવે યોગનું સ્વરૂપ અને ફળ કહે છે.**

નિરૂદ્ધ થયેલ ચિત્ત અંદર જ સંતોષ પામે છે તેને ઈંદ્રિયાતીત નિત્ય સુખનો અનુભવ થાય છે તેનો બુદ્ધિથી જ અનુભવ થાય છે. તે આનાથી અધિક કશાને જાણતો નથી. તથા આવો યોગી મોટા દુઃખથી પણ ડગતો નથી. જેના કારણે આવું દુઃખ તેના માટે દુઃખ નથી રહેતું તે યોગ છે. માટે આવા યોગને આચરવો. (૨૦–૨૩)

હવે **પ્રત્યાહારથી મનને સ્થિર કરવાનો ઉપદેશ આપે છે.**

સંકલ્પના કારણે ઉદ્‌ભવતિ કામનાઓને તદ્દન તજીને, સર્વ તરફથી ઈંદ્રિયોના સમૂહને મનના નિયમનમાં લાવી, ધૃતિવાળી બુદ્ધિથી મનને આત્મામાં સ્થિર કરવું, બીજું કંઈ ચિતન ન કરવું કદાચ ચંચળ મન ભટકી જાય તો તેને પકડીને આત્મામાં સ્થિર કરવું. પરિણામે રજોગુણ શાંત થવાથી, શાંત મન થવાથી પાપ રહિત બ્રહ્મભૂત આ યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. આવી રીતે આત્માને પરબ્રહ્મમાં જોડનાર યોગી સાક્ષાત્કાર/બ્રહ્મસંસ્પર્શ સુખ ભોગવે છે જેથી તે જીવનમુક્ત છે. આવા યોગીને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે તે સર્વ ભૂતોમાં પોતાને જુએ છે અને પોતામાં સર્વ ભૂતોને જૂએ છે. આ અક્ષરબ્રહ્મના સંબંધવાળું ફળ છે. (૨૪–૨૯)

હવે **ભગવાનના સંબંધવાળું ફળ કહે છે** – પરંતુ જે ભગવાન વાસુદેવને સર્વત્ર જુએ છે તેના ઉપર ભગવાન નિરંતર કૃપા દૃષ્ટિ કરે છે. તે ગમે તે પ્રકારે વ્યવહાર કરે તો પણ તેને મારો જ આધાર હોવાથી તે મારામાં રહેલો છે. (૩૦–૩૨)

અર્જુન શંકા કરે છે કે સુખ અને દુઃખમાં ચિત્ત સમાન રહે તે સંભવિત નથી, કારણ મન ચંચળ છે તેવું મન વાયુ જેવું હોવાથી તથા દૃઢ અને બળવાન હોવાથી તેનો નિગ્રહ દુષ્કર છે. (૩૩–૩૪)

ત્યારે ભગવાન જવાબ આપે છે – કે તારી વાત સાચી છે, પરંતુ અભ્યાસથી અને વૈરાગ્યથી તેનો નિગ્રહ થઈ શકે છે અને યોગ પ્રાપ્ત કરવો હશે તો મનનો નિરોધ અને મનને સમમાં રાખવું જ પડશે. (૩૫–૩૬)

હવે અર્જુન પૂછે છે – કે જેનો આવા **(અભ્યાસ) વૈરાગ્યમાં અલ્પ પ્રયત્ન છે પરંતુ શ્રદ્ધાવાળો** છે તેને યોગ તો સિદ્ધ ન થાય તો પછી **શું ગતિ થાય ?** પહેલાં તો તે કર્મ વ. કરતો હતો પણ હવે તેનો ત્યાગ કરી યોગમાર્ગમાં પ્રવૃત્ત થયો પણ તે પણ પુરું ન થાય તો શું તેનો નાશ થાય ? (૩૭–૩૯)

**ભગવાન જવાબ આપે છે** – કલ્યાણમાર્ગના પથિકની દુર્ગતિ તો થતી જ નથી. આવો યોગભ્રષ્ટ પુરુષ પુણ્ય કરનારના લોકોને ભોગવીને પછી કોઈ પવિત્ર સદાચારી શ્રીમંતને ત્યાં અવતરે છે અથવા તો તે ભાગ્યશાળી યોગબુદ્ધિવાળાના કુળમાં જન્મ લે છે અને પછી તે પૂર્વ સંસ્કારથી ફરી યોગ સિદ્ધિમાં પ્રયત્ન શરૂ કરે છે. તે વખતે કદાચ આવતા વિષયો રૂપી અંતરાયો પણ નિવૃત્ત થાય છે. (૪૦–૪૪)

**હવે જે યોગભ્રષ્ટ થયો નથી તેની ગતિ કહે છે.** તેવો મનને નિગ્રહ કરી સર્વ પાપથી રહિત વિશુદ્ધ થઈને અનેક જન્મ સુધી તત્વજ્ઞાનવાળો રહે છે તે અક્ષરને પ્રાપ્ત કરે છે. (૪૫)

હવે **ઉપસંહાર** કરે છે કે યોગી તપસ્વીઓથી, જ્ઞાનીઓથી અનેક કર્મવાળાઓથી અધિક છે અને સર્વ યોગીઓમાં પણ જે મારામાં અંતરાત્મા યોજી; શ્રદ્ધાળુ થઈ મને ભજે છે તેને હું ઉત્તમ યોગી ગણું છું.

આ છ અધ્યાયમાં સંખ્ય તથા યોગમાં વિવેક તથા ધૈર્યથી સ્વધર્માચરણ ભક્તિથી કરવાનું કહ્યું છે.

## અધ્યાય – ૭ જ્ઞાન વિજ્ઞાનયોગ

પ્રથમ છ અધ્યાયમાં સાંખ્ય અને યોગનું આત્મજ્ઞાન છે. અહીંથી ભગવાન માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિનું નિરૂપણ કરે છે. આરંભમાં યોગધર્મનું આચરણ કરવાથી ભગવાનના માહાત્મ્યનું વિજ્ઞાન પ્રાપ્ત થાય



છે. તેનાથી ભગવાનનો આશ્રય, તેનાથી પ્રાપ્ત થતું ભગવાનનું જ્ઞાન તે ઉત્તમજ્ઞાન છે. માત્ર આત્મજ્ઞાન ઉત્તમ નથી.

હવે ભગવાન **પોતાનું જ્ઞાન યોગીને કેવી રીતે થાય** તે બતાવે છે. આગળ વર્ણન કર્યા મુજબ યોગનું આચરણ કરી નિરૂપધિ માહાત્મ્યવાળા અને ઉત્તમ અલૌકિક ગુણોવાળા એવા મારું જ્ઞાન કઈ રીતે થાય તે કહે છે ? આ જાણ્યા પછી તારે કંઈ જ જાણવાનું બાકી રહેતું નથી. (૧–૨)

હજારો મનુષ્યો આત્મતત્ત્વ જ્ઞાન માટે પ્રયાસ કરે છે તેમાંથી કોઈકને જ તેવું જ્ઞાન સિદ્ધ થાય છે. તેમાંથી પણ કોઈક ને જ ભગવાનનો આશ્રય થઈ તેમનું ઉપર મુજબનું માહાત્મ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૩)

અહીંથી **ભગવાન બ્રહ્મવાદ પ્રમાણે પોતાનો મહિમા કહે છે** આ જગતનું એકમાત્ર નિમિત્ત ઉપાદાન કારણ બ્રહ્મ છે તેની પરા–અપરા એવી બે પ્રકારની પ્રકૃતિથી સૃષ્ટિ ભગવાન કરે છે. અપરા પ્રકૃતિના ૮ પ્રકાર છે. ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, તે પંચમહાભૂત તથા મન, બુદ્ધિ, અહંકાર એ ત્રણ અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણના અધિષ્ઠાન રૂપ, છે તેમ ૮ પ્રકાર થયા નવમું વાસુદેવના અધિષ્ઠાનરૂપ ચિત્ત પોતાનાથી ભિન્ન નથી માટે કહ્યું નથી. વળી તે પ્રાકૃત પણ નથી આ બધી સદશભૂત અચિત પ્રકૃતિ છે. આ બધીને ચિત્તનો સંબંધ થાય તો જ કંઈ કરી શકે માટે તેને અપરા કહી છે. (૪)

હવે બીજી ભગવાનની જીવભૂતા પરા પ્રકૃતિ છે તે ચિદ્રૂપ છે તેને ભોક્ત્રી, પુરુષ વ. પણ કહે છે. જીવ અવિદ્યાથી થયેલ નથી. આ જગત એટલે જડરૂપ શરીર સત્ અને અસત્ના મિશ્રણવાળું વિરાટરૂપ ધારણ થયેલ છે. તે ભગવાનની પ્રકૃતિ જ છે. જડ અપરા પ્રકૃતિમાંથી દેહ અને ચેતન પરા પ્રકૃતિમાંથી જીવ થાય છે. સર્વ પ્રાણીમાત્ર આ બેમાંથી જ ઉત્પન્ન થાય છે. આ સર્વ જગતની ઉત્પત્તિ અને પ્રલયનું કારણ ભગવાન જ છે. હવે ભગવાન ઉદાહરણ આપે છે. જેમ સૂત્રમાં મણિ પરોવાયેલા હોય તેમ સર્વ જગત્ મારા આશ્રયે રહેલ છે. માટે ભગવાનથી પર કંઈ નથી. હવે જગતનું સત્ ચિત્ બધું ભગવાન રૂપ (મારા રૂપ) છે તે માટે આપ કહે છે જલોમાં રસ, સૂર્યમાંની પ્રભા, વેદોમાં પ્રણવ, આકાશમાં

શબ્દ, પુરૂષોમાં પૌરૂષ, પૃથ્વીમાં પુણ્યગંધ, અગ્નિમાં તેજ, સર્વભૂતોમાં જીવન, તપસ્વીઓનું તપ, સર્વભૂતોનું સનાતન બીજ, બુદ્ધિવાળાઓની બુદ્ધિ, તેજસ્વીઓનું તેજ, કામ–રાગ વગરનાના બળવાળાનું બળ પ્રાણીઓમાં રહેલો ધર્મથી અવિરૂદ્ધ કામ, તે સર્વ હું છું. (૫–૧૧)

સાત્વિક, રાજસ, તામસ ભાવો મારામાંથી છે પણ હું તેમાંથી નથી એટલે કે હું તેમને આધીન નથી. જગતના પદાર્થો આ ત્રણ ગુણોવાળા હોય છે. જગત આનાથી મોહ પામેલ હોવાથી વિકાર રહિત તેવા મને (ભગવાનને) જાણતા નથી. આ પ્રકૃતિના ગુણો જ બંધ કરાવનાર છે. તે જ માયાના ગુણો સર્વને મોહ કરાવે છે અને ઈશ્વર સ્વરૂપને જાણવા દેતા નથી. પરંતુ અવિદ્યાથી થતા અધ્યાસો દઢ કરાવે છે પરંતુ જે મારો આશ્રય કરે છે તે આ દૈવીમાયાને તરી જાય છે. પરંતુ જે પશુ પેઠે વિવેકરહિત, જેઓનું ગુરૂએ આપેલ જ્ઞાન માયાથી હરાઈ ગયું છે તેવા, અસુર ભાવનો આશ્રય કરી રહેલા મારો આશ્રય કરતા નથી.

પરંતુ જેમણે સત્કાર્ય કરેલા છે એવા ૪ પ્રકારના પુરુષો મને ભજે છે. (૧) આર્ત (ગજેન્દ્ર જેવા) સંસારનો કલેશ દૂર કરવાના હેતુથી (૨) જીજ્ઞાસુ (સૌનક જેવા) મારા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુથી (૩) અર્થ – ધનની ઈચ્છાવાળા (૪) જ્ઞાની (શુકદેવજી જેવા) મોક્ષ પ્રાપ્તિના પ્રયોજનવાળા, તેઓના પૂર્વેના સુકૃતના કારણે તેઓ મને ભજે છે. આ બધાથી વિશિષ્ટ ગોપીજનોનો પ્રકાર જુદો જ છે. આ ચારે પ્રકારમાં ચોથો જ્ઞાની ઉત્તમ છે. કેમ કે તેમની ભક્તિ નિરપેક્ષ છે. તેમને ફક્ત મારામાં જ પ્રીતિ હોય છે. તેમને જે વસ્તુમાં પ્રીતિ હોય છે તે પોતાના આનંદરૂપ આત્માના કારણે હોય છે. અને આત્મા, પરમાનંદરૂપ પરમાત્માનો અંશ છે તેથી તેઓ મને પણ પ્રિય છે. આ ચોથો પ્રકાર ઉત્તમ હોવા છતાં બાકીના ત્રણ પણ સંસારમાં મચ્યા રહેતા નથી. તેઓનું ભજન વ્યાહવારિક રીતે પ્રાકૃત હોવાથી તેઓને પ્રિય કહ્યા નથી, પરંતુ તે બધા પણ હરિમાં કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐકય (સુહૃદ) નિત્ય રાખતાં રાખતાં તન્મય થાય છે. જ્યારે જ્ઞાની તો ભગવાનના આત્મારૂપ હોવાથી તે તો મુક્ત જ છે. (૧૨–૧૮)

આત્મજ્ઞાન થવું તો સરળ છે પણ ત્યારબાદ ભગવાનની પ્રપત્તિ



થવી મહાદુર્લભ છે. ''આ સર્વ વાસુદેવ છે.'' એવા જ્ઞાનવાળો ભગવાનને શરણે જાય છે.

જેઓ પ્રાકૃત કામનાઓને વશ થઈને અન્ય દેવતાનું ભજન કરે છે તેઓ સંસારમાં બૂડયા રહે છે. તેવાઓ તે દેવતાઓ મારું જ અંગ છે તેમ જાણતા નથી માટે હું પણ તેઓની તે તે દેવતામાં શ્રદ્ધા અચલ કરું છું. તેથી તેવાઓ તે દેવતાઓ પાસેથી ઈચ્છીત પ્રાકૃતફળ પ્રાપ્ત કરે છે. પરંતુ તેવું પ્રાપ્ત ફળ વિનાશી હોય છે તથા તેવાઓ તેવા દેવોને પામે છે. પરંતુ મારા ભક્તો મને પામીને અક્ષય્ય ફળને પ્રાપ્ત કરે છે. (૧૯–૨૩)

આવા પ્રાકૃત દેવોના ભક્તોને મારું યથાર્થ જ્ઞાન નહિ હોવાના કારણે મને ભજતા નથી. મારી યોગમાયાથી ઢંકાયેલો એવો હું તેવા મૂઢ લોકોથી જોઈ ન શકાતો હોવાથી તેઓ મને, અવ્યક્ત પુરુષોત્તમને સાધારણ લોક જેવો અથવા સાધારણ દેવતા જેવો જાણે છે. તેઓ મને અજ, અવ્યય, અનંત મહિમાવાળા તથા સર્વ મુક્તિનું દાન કરવાવાળા અવતાર પામેલા વાસુદેવ તરીકે જાણતા નથી. જો કે હું તે સર્વના ભૂત–વર્તમાન–ભવિષ્યકાળને જાણું છું. (૨૪–૨૬)

તેઓ સર્વ મને તેવો જાણતા નથી કેમ કે તેઓને સુખ–દુઃખ રૂપ દ્વંદ્વના કારણે મોહ થાય છે અને મોહ જ મારી અને તેમની વચ્ચેનો પડદો છે. પરંતુ જે પુણ્યકર્મવાળા છે અને જેમના પાપ નષ્ટ થયા છે તે મોહરહિત થઈ મને ભજે છે. જે ચાર પ્રકારના ભક્તો આગળ કહ્યા તેમાંના આર્ત અને અર્થાથી પોતાના ઈચ્છેલા ફળ પ્રાપ્ત કરી, મુમુક્ષુ થઈ (બ્રહ્માત્મજ્ઞાન પ્રાપ્ત કરીને) જિજ્ઞાસુ થાય છે કેટલે કે મારો આશ્રય કરી જરા–મરણથી મુક્ત થવા યત્ન કરે છે. તે અક્ષરબ્રહ્મનું તથા આત્માને પ્રાપ્ત થયેલ સ્વભાવ અને સર્વ કર્મનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. (૨૭–૨૯)

આવા આગળ કહેલા જીજ્ઞાસુ ભક્તો કે જે ભગવાનને અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત જાણે છે તેઓ યુક્ત ચિત્તવાળા થઈને (યોગ સિદ્ધિ પામીને) અંતે પ્રયાણકાળે ભગવાનને તેવી જ રીતે જાણે છે. (૩૦)

આ છેલ્લા બે શ્લોકનું વિવરણ હવે પછીના અધ્યાયમાં વિગતે આપેલ છે.

## અધ્યાય – ૮ અક્ષરબ્રહ્મયોગ

ગયા અધ્યાયના છેલ્લા બે શ્લોકોમાં અમુક શબ્દો વાપર્યા હતા તે સર્વનો યથાર્થ જાણવા અર્જુન ઈચ્છે છે. અર્જુન પૂછે છે (૧) બ્રહ્મ શું ? (૨) અધ્યાત્મ શું ? (૩) કર્મ શું ? (૪) અધિભૂત કોને કહ્યું ? (૫) અધિદૈવ શું ? (૬) અધિયજ્ઞ કોણ ? (૭) આ દેહમાં તે કેવી રીતે જણાય ? (૮) જેમને આત્માને નિયમમાં રાખ્યો છે તેમને તેમના પ્રયાણકાળે આપ કેવી રીતે જણાઓ ? (૧–૨)

ભગવાન જવાબ આપે છે (૧) જે બ્રહ્મ કહ્યું છે તે પરમ અક્ષર છે. પરમ એટલે પ્રધાન – ઉત્કૃષ્ટ અને અક્ષર એટલે જેનો વિકાર થાય નહિ તે. આને ભગવાન બ્રહ્મ, પરમાત્મા કહે છે. આ જ સમષ્ટિ અને વ્યષ્ટિનું મૂળ છે. સમષ્ટિ એટલે આખા બ્રહ્માંડમાં વ્યાપેલું અને વ્યષ્ટિ એટલે પ્રાણી માત્રમાં રહેલું. આ જ ભગવાનનું ગણિતાનંદ આધ્યાત્મ સ્વરૂપ છે તે ભગવાનથી જુદું ન હોવા છતાં ભગવાનનું ધામ છે. વિષ્ણુનાં ત્રણ રૂપ છે. (a) મહત્ તત્ત્વને ઉત્પન્ન કરનારું અક્ષર (b) બ્રહ્માંડમાં વ્યાપી રહેલું સમષ્ટિ રૂપ અને (c) પ્રાણીમાં રહેલું વ્યષ્ટિરૂપ.

(૨) અધ્યાત્મ એટલે સૂક્ષ્મ ઈંદ્રિયો સાથેના મનનું રૂપ એટલે કે સ્વભાવ. આત્મામાં જણાય તે અધિઆત્મ. સ્વભાવની સ્થિતિ આત્મામાં છે.

(૩) ઉત્પત્તિ કરનાર વિસર્ગ અથવા આહૂતિ તે કર્મ. આહૂતિનો સ્વભાવ ઉત્પન્ન કરવાનો છે. અથવા તો ભૌતિક શરીર, તેનો ઉદ્દભવ તે જ કર્મ.

(૪) ક્ષર ભાવ એટલે કે જેનો સ્વભાવ નાશ પામવાનો અથવા વિકાર પામવાનો છે. તે ભૌતિક પદાર્થ તે અધિભૂત છે.

(૫) વળી જીવ – આત્મા તે સર્વત્ર **અધિદૈવ** છે તે જ પુરુષ અને શબ્દાદિ પદાર્થનો ભોક્તા છે.

(૬) યજ્ઞોના આરાધ્ય પરમાત્મા એટલે કે યજ્ઞોનો અધિષ્ઠાતા અવયવી તે **અધિયજ્ઞ**. સર્વ દેહમાં પણ તે અધિયજ્ઞ રૂપે છે.

(૭) સર્વ પ્રાણીઓના શરીરમાં જે રહે છે તે **અંતર્યામી** છે.



(૮) અંતકાળે જે ભક્તિભાવવાળો યોગી સ્મરણ કરી, બીજા કોઈમાં ચિત્ત ન રાખે અને મારું સ્મરણ કરતાં દેહ ત્યજે તે મારા ભાવને પામે છે. આમ અર્જુનના આઠે શબ્દોની વ્યાખ્યા આપે કરી. (૩–૪)

અથવા તો જે અંતઃકાળે જે ભાવનું સ્મરણ કરતાં શરીર તજે તે, તે ભાવને પામે છે. જેમ ભરતજીએ મૃગનું સ્મરણ કરતાં દેહ ત્યજ્યો તો મૃગ થયા. જેથી ભગવાન અર્જુનને સલાહ આપે છે કે જો તું તારું મન અને બુદ્ધિ મારામાં રાખીશ તો મને જ પામીશ, માટે યુદ્ધ કર.

માટે અભ્યાસ અને યોગથી સ્થિર થયેલા ચિત્તથી માત્ર પરમ દિવ્ય પુરુષનું ચિંતન કરનાર તેને પામે છે. (૬–૮)

હવે સામિપ્યરૂપ મુક્તિનો પ્રકાર કહે છે કે જે પ્રયાણકાળે ભક્તિ તથા યોગબળથી મુક્ત થઈ બે ભ્રમર વચ્ચે પ્રાણને સારી રીતે રાખી અચલમનથી દિવ્ય પુરુષનું સ્મરણ કરે છે તે તેને પામે છે. (૯–૧૦)

હવે ભગવાન **અક્ષરનું સ્વરૂપ કહે છે.** વેદ જાણનાર અક્ષર સુધી પહોંચે છે તથા જેમનો સંસારમાંથી રાગ દૂર થયો છે તેવા યતિઓ પણ આ અક્ષરમાં પ્રવેશ કરે છે. જે અક્ષરની ઈચ્છાથી બ્રહ્મચર્ય પામે છે તે પણ તે પદને પામે છે. (૧૧)

હવે આ અક્ષર પદને પામવા માટેના ઉપાય કહે છે કે સર્વ દ્વારોનો સંયમ કરીને, મનનો હૃદયમાં નિરોધ કરીને, પોતાના પ્રાણને મસ્તકમાં રાખી યોગ ધારણા કરતાં ૐ એ એકાક્ષર બ્રહ્મ ઉચ્ચારતાં અને મારું સ્મરણ કરતાં જે દેહ ત્યજી જાય છે તે પરમગતિને પામે છે. અક્ષરને પામે છે. (૧૨–૧૩)

આમ અક્ષર પ્રાપ્તિના ત્રણ પ્રકાર કહ્યા હવે **ભગવાનને પ્રાપ્ત કરવાનો ઉપાય કહે છે** – કે જે ભગવાન સિવાયના સર્વ લૌકિક સ્ત્રી–પુત્રાદિક તથા અલૌકિક અક્ષરાદિ વિષયમાં ચિત્ત નહિ રાખતાં નિત્ય ભગવાનમાં ચિત્ત રાખી તેમનું જ સ્મરણ કરે છે તેને પુરૂષોત્તમ વાસુદેવ ભગવાન પ્રાપ્ત થાય છે અને તેવાઓને પુનર્જન્મ થતો નથી. પરંતુ બ્રહ્મભુવન સુધીના સર્વને પુનર્જન્મ નિશ્ચિત છે. (૧૪–૧૬)

આ બ્રહ્માનો પણ લય થાય છે તે જણાવવા બ્રહ્માના કાળનું પરિમાણ કહે છે. ૪૩૨૦૦૦ વર્ષનો કળીયુગ તેથી બમણો દ્વાપર, ત્રણ ગણો ત્રેતા અને ચાર ગણો – સત્યુગ છે. આમ ચાર યુગ મળી ૪૩૨૦૦૦૦ વર્ષ થયા આને મહાયુગ કહે છે. આવા ૧૦૦૦ મહાયુગનો બ્રહ્માનો દિવસ તેટલી જ બ્રહ્માની રાત્રી છે. આવા રાત્રી–દિવસ મળી બ્રહ્માનો એક દિવસ થયો. તેવા ૧૦૦ વર્ષ બ્રહ્માનું આયુષ્ય છે અને તે આયુષ્ય પૂરું થતાં બ્રહ્માનો લય થાય છે.

જ્યારે બ્રહ્માનો દિવસ થાય છે ત્યારે ભગવાનના ચરણરૂપ અવ્યક્ત અક્ષરમાંથી સમષ્ટિ અને પ્રકૃતિ સાથે ઉત્પન્ન થયેલા પરમેષ્ટિ (બ્રહ્મા) માંથી દેવ, મનુષ્ય, કીર વ. સ્થાવર જંગમ સર્વ પ્રગટે છે અને બ્રહ્માની રાત્રી થતાં તે સર્વ અક્ષરમાં લીન થઈ જાય છે. આ બધા જ ભૂતોના સમૂહ પ્રકૃતિના ગુણોને પરવશ હોવાથી પ્રકટ થાય છે અને અક્ષરમાં લય પામે છે. આ લય થનાર સર્વ ક્ષર કહેવાય છે. આ ક્ષર ભાવથી પર એક ગુણાતીત સનાતન અવ્યક્ત ભાવ છે તેનો નાશ કે વિકાર થતો નથી. આ અક્ષર ભગવાનનું પરમધામ હોવાથી તેમાં ગતિ પામનારને પુનઃ સંસારમાં આવવાનું રહેતું નથી. આ અક્ષરની પ્રાપ્તિ અનન્ય ભક્તિથી જ થાય છે. અક્ષર સહિત સર્વ ભૂતો તેમાં રહેલા છે. (૧૭–૨૨)

હવે **ક્યા માર્ગે જનાર યોગીઓનો પુનર્જન્મ થતો નથી** અને કયા માર્ગે જનાર યોગીનો પુનર્જન્મ થાય છે તે કહે છે. અગ્નિ, જ્યોતિ, દિવસ, શુકલપક્ષ, ઉત્તરાયણના છ માસમાં પ્રયાણ કરનાર, બ્રહ્મ જાણનાર યોગીઓને અક્ષરબ્રહ્મ ક્રમમુક્તિ પ્રકારથી પ્રાપ્ત થાય છે.

ધૃમ, રાત્રી, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના છ માસમાં પ્રયાણ કરનાર, સકામ કર્મ કરનાર યોગી ચંદ્રલોક સુધીનું સુખ ભોગવી પુનઃ જન્મે છે.

આમ, શુકલમાર્ગથી અનવૃત્તિ (મુક્તિ) પ્રાપ્ત થાય છે. જ્યારે કૃષ્ણમાર્ગથી આવૃત્તિ (પુનર્જન્મ) પ્રાપ્ત થાય છે. આ માટે સદા યોગને ધારણ કરવો. (માત્ર પ્રયાણ કાળે નહિ) વેદોમાં, યજ્ઞોમાં, તપોમાં, દાનોમાં પુણ્યનું જે ફળ કહેલું છે તે સર્વનું ઉપરોક્ત કહેલ જાણીને જો યોગી અતીક્રમણ કરે તો અધિસ્થાન (અક્ષરધામ) ને પામે છે.



આમ, ૮ પ્રશ્નનો નિર્ણય કરી જે કહ્યું છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી અક્ષર પ્રાપ્તિ થાય છે. (૨૩–૨૮)

## અધ્યાય – ૯ રાજવિદ્યા રાજગુહ્યયોગ

આઠમા અધ્યાયમાં ભગવાને પોતાનો મહિમા કહ્યો. તથા પોતે સર્વથી ઉત્તમ છે તેમ કહ્યું અને યોગ નિષ્પન્ન જ્ઞાનીને પણ માત્ર ભક્તિથી જ પોતાની પ્રાપ્તિ થાય છે તેમ સૂચવ્યું. હવે આ નવમા અધ્યાયમાં ભગવાન પોતાના અક્ષરના ઐશ્વર્યનું જ્ઞાન વિજ્ઞાનસહિત કહે છે.

ભગવાન અર્જુનને આ ગુહ્યજ્ઞાન જણાવે છે જે સાંભળવાથી મોહનો નાશ થઈ શકે છે.

આ વિદ્યા સર્વ વિદ્યાઓમાં ઉત્તમ હોવાથી રાજવિદ્યા છે. તે પરમ પવિત્ર, પરમ ગુહ્ય છે, ભગવાનને પ્રત્યક્ષ કરાવનાર છે. ધર્મને ઉત્પન્ન કરાવનાર છે, સુખેથી સાધી શકાય તેવું અને અવિનાશી છે. (૧–૨)

ભગવાન કહે છે – પરંતુ જેને આમાં શ્રદ્ધા નથી તે સંસારમાં ભટક્યા કરે છે. સર્વ પંચમહાભૂતો તથા પ્રાણીમાત્ર મારામાં રહેલા છે. તેઓ મને આધીન છે. પરંતુ હું તેઓને આધીન નથી. અને આ ભૂતો મારામાં રહેલા હોવા છતાં તે ભૂતોથી હું લેપાતો નથી. મારી આધારશક્તિને લીધે જ તેઓની સ્થિતિ છે મારો મનોમય સંકલ્પ જ સર્વ કરવા શક્તિમાન છે. મારો આત્મા સર્વ ભૂતોને ઉત્પન્ન કરે છે, ધારણ કરે છે પણ તે ભૂતોનો સજાતીય નથી. જેમ આકાશ વાયુનો આધાર છે છતાં તેઓનો સંશ્લેષ નથી. તે જ પ્રકારે હું ભૂતોની મારી યોગમાયાથી કલ્પના આરંભે સર્જુ છું અને કલ્પના અંતે લય કરું છું. અર્થાત બ્રહ્માના ૧૦૦ વર્ષ થતાં લય કરું છું. આ જે માયા સર્વને મોહ કરનાર છે તે જ મારી સદંશ પ્રકૃતિ છે. તેનું અવલંબન કરી સર્વ ભૂતો સર્જન પામે છે.

આ સર્જનકર્મ ભગવાનનો અસાધારણ મહિમા છે જે આસક્તિ રહિત થઈને આ કર્મ કરે છે તેમને આ કર્મ બંધન કર્તા નથી. જીવો પોતાના પ્રાકૃત કર્મોના કારણે સુખદુઃખને પામે છે. જો કે આ પ્રકૃતિ તો અચેતન છે.

તેથી હું પુરુષરૂપે અધિષ્ઠાન થાઉં ત્યારે તે ચેતન અને જડરૂપ જગત સર્જાય છે. આમ વારંવાર જગતનું પરિવર્તન થાય છે. (૧–૧૦)

પરંતુ જે આવા પુરુષોત્તમનો મહિમાને જાણતા નથી પણ તેમને સાધારણ મનુષ્ય જેવા જાણે છે, તેવા પ્રકૃતિના લીધે મોહિત થયેલા છે. તેવા લોકો વ્યર્થ આશાવાળા છે, તેઓ એમ માને છે કે કર્મ જ ફળ આપશે, પરમાત્મા નહિ. તેવાઓનું જ્ઞાન પણ વ્યર્થ છે કેમ કે તે જ્ઞાન આસુરી છે તેથી તેઓનું ચિત્ત પણ વિક્ષિપ્ત છે.

પરંતુ જે દૈવી સ્વભાવરૂપ પ્રકૃતિનો આશ્રય કરવાવાળા છે. તે અનન્ય મનથી પુરુષોત્તમને જ ભજે છે તથા તેને જ સર્વથી પર જાણે છે. તેઓનો આ અંતિમજન્મ હોય છે. તેવા મહાત્મા છે. આ જે મહાત્મા છે તે બે પ્રકારના છે. (૧) ભક્ત (૨) જ્ઞાની. તેમાંથી ભક્ત મહાત્મા પુરુષોત્તમનું જ ભજન કીર્તન – અર્ચન વ. દૃઢ મનથી કરે છે. તેઓનું આલોક પરલોક બધું જ તેમને સમર્પિત છે. તેઓ દૈન્યથી નમન કરે છે. તેઓ ભગવાનમાં જ ચિત્ત રાખવામાં સદા સાવધાન છે. તેઓ સ્નેહના કારણે જ સેવા કરે છે નહિ કે વિધિવત્.

હવે જે જ્ઞાની પ્રકારના મહાત્મા છે તે મારા અક્ષરસ્વરૂપની ઉપાસના કરે છે. તેઓ ભિન્ન ભિન્ન પ્રકારે મારી ઉપાસના કરે છે. જેમ કે ''તે હું છું'' ''હું દાસ છું'' તેઓ શિવ, ગણેશ, સૂર્ય વ. ની ઉપાસના કરે છે તથા તેઓ મારા વિરાટ સર્વાકાર છતાં અવિકૃતપણાની ઉપાસના કરે છે.

વળી કેટલાંક જ્ઞાનીઓ ભગવાન શ્રીકૃષ્ણ પોતે સર્વરૂપ છે તેથી સર્વ હું છું એટલું જ નહિ કહેતાં, જુદા જુદા પદાર્થોના નામ આપી 'તે હું છું' તેમ કહે છે. એટલે કે જે મારા જે રૂપનું ભજન કરે છે તેમને હું તે રૂપથી ફળદાન કરું છું. તેથી ભગવાન કહે છે શ્રૌતકર્મ કરવાનો સંકલ્પ ક્રતુ હું છું, યજ્ઞની અધિષ્ઠાત્રી દેવતા, યજ્ઞનનું ફળ આપનાર આધિદૈવિક દેવતા, અગ્નિહોત્ર વ. ધર્મરૂપ યજ્ઞ, પિતૃઓને અર્પવાનું અન્ન, રોગ દૂર કરનાર ઔષધ, મંત્ર, અગ્નિમાં હોમવાનું ઘી, અગ્નિમાં હોમવાનું અન્ન પણ હું છું. જગતનો ઉત્પાદક, પિતા–માતા, કર્મનું ફળ આપનાર ધાતા, જગતનો



પિતામહ બ્રહ્મા, સર્વજ્ઞાનમાં સાધનોથી જાણવા યોગ્ય, પાવન કરનાર પ્રણવ તેમજ ચારે વેદ પણ હું છું. મોક્ષ વ. ફળરૂપ, પોષણ કરનાર, સર્વના નિયંતા, સાક્ષી, યાગભૂમિ, અભય આપનાર, પ્રાર્થના વગર હિત કરનાર, જગત સર્જનાર, જગતનું લયસ્થાન તથા જગતની સ્થિતિ રાખનાર રક્ષક, વિનાશરહિત મૂળકારણ હું છું. હું જ સૂર્યરૂપે તપું છું તથા વરસાદને ખેચું છું અને છોડું છું. તેના કારણે અન્ન થવાથી સૃષ્ટિ જીવે છે. માટે અમૃત હું છું અને વરસાદને રોકી મૃત્યુ લાવનાર પણ હું છું. સત્ એટલે ભાવ પદાર્થ તથા અસત્ એટલે અભાવ પણ હું છું. આ સર્વ હું હોવાથી જ્ઞાનીઓ બહુ પ્રકારે મારી ઉપાસના કરે છે. (૧૧–૧૯)

પરંતુ જેઓ આ સર્વ ભગવત્ સ્વરૂપ છે તેમ જાણતા નથી અને વેદોમાં પ્રવણ થયેલા અને તેથી જ ત્રિગુણાત્મક કર્મ કરાવનાર, સોમપાન કરનાર નિષ્પાપ થયેલા પુરુષો યજ્ઞોમાં તે તે દેવતાનું પૂજન સ્વર્ગાદિ ફળ માટે કરે છે. કેમ કે તેઓ નથી જાણતા કે તે દેવોમાં હું જ રહેલો છું. તેવાઓ તે તે સ્વર્ગલોકના ભોગ ભોગવીને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં અવતરે છે અને વારંવાર આ પ્રવાહમાં જ રહે છે. (૨૦–૨૧)

હવે **ભક્તિના બે પ્રકાર** (૧) મર્યાદા ભક્તિ (૨) પુષ્ટિ ભક્તિ. તેમાં જે મારા સિવાય અન્ય દેવની, અન્ય ફળની અથવા અન્ય માર્ગની પણ ભાવના રાખતા નથી તેવા અનન્ય ભક્તોના યોગ અને ક્ષેમ હું જાળવું છું તેમને આ લોકમાં સેવોપયોગી વસ્તુ તથા પરલોકમાં મોક્ષ આપું છું.

પરંતુ જેઓ અન્ય દેવનું જ ભજન કરે છે (જો કે તેઓ અવિધિપૂર્વક મારું જ ભજન કરે છે) તેઓને મારી પ્રાપ્તિ થતી નથી પણ જન્મ–મરણ થયા કરે છે. (૨૨–૨૩)

તેવાઓને જેવો ભાવ તેવું ફળ મળે છે તેથી જેઓ દેવોનું વ્રત કરે છે તે દેવોને પામે છે, પિતૃઓનું વ્રત કરનાર પિતૃઓને, જે યક્ષ, રાક્ષસ, પિશાચ આદિનું યજન કરે તે ભૂતોને પામે છે પરંતુ પરમાત્મા વાસુદેવનો સંકલ્પ કરી કર્મ કરનારને મારી જ પ્રાપ્તિ થાય છે. વળી તેવા મારા ભક્ત મને ભક્તિથી જે કંઈ પણ અર્પણ કરે છે તે સર્વ હું આરોગું છું. (૨૪–૨૬)

માટે હે અર્જુન, તું લૌકિક, વૈદિક, નિત્ય, નૈમિત્તિક જે કંઈ કર્મ કરે તે મને અર્પણ કર. તેથી તું કર્મના બંધનમાંથી મુક્ત થઈશ. (સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં આ જ ઉપદેશ છે.) (૨૭)

તું ભગવદ્ ભજનના વિરોધી સર્વ પદાર્થોનો ત્યાગ કર, તે જ સંન્યાસ છે અને સર્વ કર્મ કરીને ભગવાનને અર્પણ કર, તે જ ભક્તિરૂપ યોગ છે. તેમ થતાં તું કર્મના શુભ–અશુભ ફળથી લેપાતો નથી અને એવો તું મને પામીશ. (૨૮)

હવે **પ્રભુ સામાન્ય કૃપા સર્વ પર કરે છે અને વિશિષ્ટ કૃપા પોતાના ભક્તો પર કરે છે તે બતાવે છે** કે મને ઉચ્ચ–નીચ સર્વ ભૂતો સમાન છે. કોઈ પ્રતિ પ્રેમ કે દ્વેષ નથી. પરંતુ જેઓ ભક્તિથી મારું ભજન કરે છે તેઓ મારામાં છે અર્થાત હું તેઓનો આધાર છું અને હું તેઓનો છું અર્થાત તેઓને આધીન છું. મારી ભક્તિ માટે ચોક્કસ અધિકારની જરૂર નથી પરંતુ જે મને અનન્યતાથી ભજે છે તે ભલે પછી ગમે તેવા આચારવાળો હોય તો પણ તે નિશ્ચયાત્મ બુદ્ધિવાળો હોવાથી મને પામે છે. (દા.ત. માધવદાસ વેશ્યા રાખી હતી તથા ગુલાબખાન જેવાનો દુરાચાર નાશ પામે છે અને તે ધર્માત્મા થાય છે.) તેવાને પતીતમાંથી પાવન હું કરું છું અને મારી કૃપાથી તેમનો નિરોધ થાય છે. હવે તેના ઉદાહરણો આપે છે કે પૂતના જેવી પાપી, ગોપીઓ જેવી અભણ સ્ત્રીઓ, તુલાધાર અને નંદજી જેવા વૈશ્યો અથવા વિદુર જેવા શુદ્રો પ્રભુની કૃપા પામીને કૃતાર્થ થયા. તો પછી વિચાર કર કે જે વેદાધ્યયનના અધિકારી એવા બ્રાહ્મણો તથા પ્રજાપાલનનું સદાચરણ કરવાવાળા રાજર્ષિ ભક્તો ઉત્તમ ગતિ પામે તેમાં આશ્ચર્ય શું છે ? માટે તેવું અનિત્ય અને સુખરહિત લોક પ્રાપ્ત કરેલ એવો તું નિત્ય સુખ પ્રાપ્તિ માટે મારું ભજન કર. (૨૭–૩૩)

હવે, **પોતાનું ભજન કેવી રીતે કરવું તે કહે છે** કે ''તું મારામાં જ મન રાખનાર થા.'' આમાં સાંખ્ય–યોગના તાપ્પર્યરૂપ સ્મરણરૂપ ભક્તિ કહી. તેનાથી જ્ઞાનકાંડના અર્થની સિદ્ધિ થાય. વળી '' મારો ભક્ત થા'' તેમ કહ્યું તેથી ઉપાસના કાંડની સિદ્ધિ થાય છે. વળી '' મારું જ યજન કરનારો થા.'' આથી કર્મ–કાંડના અર્થની સિદ્ધિ થાય છે.



'મને નમન કરી મને પરાયણ રહી આત્માને એવી રીતે યોજવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. તેમાં 'હું આપનો દાસ છું' તેમ શરણભાવ છે. 'एव' કહીને અનન્યતા કહી છે. ''મને જ પ્રાપ્ત કરીશ'' કહેવાથી સર્વસાધનરૂપ તથા ફળરૂપ ભગવાન જ છે તેમ કહ્યું છે. આમાં પુષ્ટિ માર્ગીય સિદ્ધાંત છે. (૩૪)

## અધ્યાય – ૧૦ વિભૂતિયોગ

નવમા અધ્યાયમાં ભગવાને ભક્તિનું સ્વરૂપ કહ્યું અને સર્વ કર્મ ભગવાનને સમર્પવાનું કહ્યું તથા ભક્તિ કરવાનો બોધ દીધો પરંતુ ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના ભક્તિ સંભવતી નથી, તેથી ભગવત્સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તે માટે ભગવાન **પોતાના સ્વરૂપનું તથા પોતાની વિભૂતિઓનું આ અધ્યાયમાં નિરૂપણ કરે છે.**

હવે આ અધ્યાયમાં ભગવાન અર્જુનને તેના હિતના વચન કહે છે. હવે જે વચન કહે છે તે ઘણા ગૂઢ છે. દેવો તથા મહર્ષિઓ પણ ભગવાનના યથાર્થ સ્વરૂપને જાણતા નથી. તેઓ તો જાણે છે કે આપ ભૂમિ–ભાર હરવા પધાર્યા છે. તે નથી જાણતા કે કૃષ્ણ જ પૂર્ણ પુરુષોત્તમ છે અને તે ભક્તિના પ્રચાર માટે પ્રભવ્યા છે. ભગવાન કહે છે મારા આવિર્ભાવને મંત્રદષ્ટા ઋષિઓ પણ જાણતા નથી. મુક્તજીવો અજ છે પણ હું તો અનાદિ છું. તેઓનો તો આરંભ છે પણ મારો આરંભ નથી. વળી હું જ સર્વલોકોનો નિયંતા છું. આવા મારા સ્વરૂપને જે જાણે છે તે સંસારનો હેતુ – ભૂત ભક્તિવિરોધી સર્વ પાપોથી મુક્ત થાય છે. પ્રાણીઓમાં જે કંઈ ભાવો પ્રગટે છે તેનું કારણ પણ હું જ છું. જેમ કે નિશ્ચયરૂપ બુદ્ધિ, ઉપદેશથી થતું જ્ઞાન, માયાના વિલાસમાં મોહ ન થવો તે, સહનશીલતા, પ્રમાણથી જેવા અર્થનો નિર્ણય થાય તેવું ભાષણ એટલે સત્ય, બાહ્ય ઈંદ્રિયોને તેના વિષયોથી દૂર રાખવી તે દમ, અતઃકરણની શાન્તિ એટલે શમ, આત્માને અનુકૂળ અનુભવ તે સુખ, આત્માને પ્રતિકૂળ અનુભવ તે દુઃખ, ઉત્પત્તિ અને નાશ, કાળ વ. નો ભય, ભયનો અભાવ, દયા, સર્વત્ર ભગવદ્ બુદ્ધિ, સંતોષ, તપ, દાન, યશ, અપયશ... આ બધા જ ભાવોનું કારણ હું છું. પ્રકૃતિ વ. તો કરણ છે કારણ નથી.

આગળ જેમ કહ્યું કે દેવો તથા મહિર્ષોનું કારણ હું જ છું તે કહે છે કે ૭ મહર્ષિ તથા ૧૪ મનુમાંના પ્રથમ ૪ મનુ મારા મનમાંથી જ પ્રગટ્યા છે તેથી કહ્યું છે કે ભગવાન મનથી સૃષ્ટિ રચે છે. માટે સર્વ પ્રજાના કારણરૂપ હું છું. જેઓ મને આ પ્રકારે જાણે છે તેમને ભક્તિયોગ પ્રાપ્ત થાય છે. **ભગવાનની વિભૂતિ તથા યોગના જ્ઞાનથી પ્રાપ્ત થયેલ ભક્તિ કેવી રીતે વૃદ્ધિ પામે છે ?** તે કહે છે. આ સર્વ જગતનું પ્રભવ તથા ઉત્પત્તિસ્થાન હું જ છું. તેમ માહાત્મ્ય જે જાણે છે તે બુદ્ધિમાન લોકો મને ભજે છે. તેવાઓ મારામાં જ ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, એકબીજા સાથે મારા સંબંધે સત્સંગ કરતા અને મારી કથા જ તેમના સંતોષનું કારણ છે તેવા એટલે કે બ્રહ્મસંબંધ પામી જે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરે છે તે તથા જે તેમના દેહથી તથા જેમને દેહ પણ મને સમર્પિત કર્યો છે તેવા પ્રીતિપૂર્વક મને ભજે છે મારી સ્વરૂપાત્મકતા સમિપ આવે છે. તેમના દેહાધ્યાસ રૂપ અંધકારને હું દૂર કરૂં છું. (૮–૧૧)

હવે અર્જુન ભગવાનના **ઉત્તમ યોગ પ્રભાવ તથા સર્વમાં તેઓ જ બિરાજેલા છે તે વિસ્તારથી સાંભળવા સ્તુતિ કરે છે** કે આપ જ પરબ્રહ્મ, પરમાત્મા, પરમ પવિત્ર છો તથા સર્વ ઋષિઓ તથા દેવર્ષીઓ પણ આપને ઉપર કહ્યા તેવા જ જાણે છે તથા આપ પણ મને તેવા જ કહો છો જેને હું સત્ય માનું છું. દેવો તથા દાનવો પણ આપના વિભૂતિરૂપો વ્યક્તિત્વને જાણતા નથી. આપને આપના સિવાય અન્ય કોઈ જાણવા સમર્થ નથી. કારણ આપ જ પુરુષોત્તમ, ભૂત–પ્રાણીઓને જે તે ભાવ આપનાર છો. દરેક ભૂતના સ્વામી આપ જ છો. આપ દેવોના દેવ છો અને રક્ષક છો. આપના અંશરૂપ સર્વને વશ રાખનારી વિભૂતિઓથી ત્રણે લોકને આપ જ વ્યાપી રહ્યા છો. તેથી તેવી સર્વ અસાધારણ દિવ્ય વિભૂતિઓ મને કહો. કારણ કે તેથી મને જણાય કે કયા કયા પદાર્થોમાં મારે આપનું ચિંતન કરવું ? માટે મને વિસ્તારથી કહો. (૧૨–૧૮)

ભગવાન કહે છે – મારી વિભૂતિઓનો અંત નથી માટે હું તને મુખ્ય મુખ્ય કહું છું. પ્રણીમાત્રનો અંતરાત્મા હું છું તેમજ સર્વનો આદિ, મધ્ય, અંત હું છું. બારે આદિત્યોમાં હું વિષ્ણુ છું (વામન છું) જ્યોતિઓમાં હું



કીરણવાળો સૂર્ય છું, મરૂતોમાં મરીચિ છું, નક્ષત્રોમાં ચંદ્ર છું, વેદોમાં સામવેદ, દેવોમાં ઈંદ્ર, ઈંદ્રિઓમાં મન, પ્રાણીઓમાં ચેતના, રૂદ્રોમાં શંકર, યક્ષ–રાક્ષસોમાં કુબેર, વસુઓમાં ભગવાનના મુખારવિંદ રૂપ અગ્નિ, પર્વતોમાં સુવર્ણમય મેરૂ, પુરોહિતોમાં દેવોના પુરોહિત બૃહસ્પતિ, સેનાધિપતિઓમાં દેવોનો સેનાધિપતિ સ્કંદ તથા સ્થિર જળાશયોમાં રત્નાકર સાગર, મહર્ષિઓમાં ભક્તિ કયા દેવની કરવી તેનો નિર્ધાર કરનાર ભૃગુ, વાણિમાં એકાક્ષર ૐકાર, યજ્ઞોમાં હું જપયજ્ઞ અને સ્થાવરોમાં હું હિમાલય, સર્વ વૃક્ષોમાં હું વૈષ્ણવ સ્વરૂપ અશ્વત્થ, દેવર્ષિઓમાં હું મહા ભાગવત નારદ, ગંધર્વોમાં ચિત્રરથ, સિદ્ધોમાં ભગવદવતાર સાંખ્યતત્ત્વનો વક્તા કપિલ મુની છું, અશ્વોમાં અમૃત સાથે ઉત્પન્ન થયેલો અગ્નિ સ્વરૂપ સાતમુખવાળો ઉચ્ચૈશ્રવા છું, ઉત્તમ હાથીઓમાં ઐરાવત છું, માણસોમાં રાજા છું, શસ્ત્રોમાં વજ્ર છું, ગાયોમાં કામધેનુ છું. કામોમાં ભગવદીય પ્રજાની ઉત્પત્તિના હેતુરૂપ કામ છું, સર્પોમાં વાસુકી, (સર્પોએકમુખી હોય છે), બહુમુખી નાગોમાં હું શેષ છું, જલચરોમાં વરુણ, પિતૃઓમાં શ્રાદ્ધાન્તનો ભોગકરનાર અર્યમા અને સંયમ કરનાર હું યમ છું, દૈત્યોમાં પ્રહલાદ, ગણનારમાં કાળ, પશુઓમાં સિંહ, પક્ષીઓમાં ગરૂડ, શુદ્ધિ કરનાર પદાર્થમાં પવન, શસ્ત્રધારણ કરનારાઓમાં રામ/પરશુરામ, મત્સ્યોમાં મકર, વહેતા જલોમાં ભગવત્ પાદોદક ગંગા છું. ત્રણે સૃષ્ટિના આદિ, મધ્ય, અંત હું છું. વિદ્યાઓમાં તત્ત્વનો નિર્ધાર કરનારી આધ્યાત્મવિદ્યા અને વાદ કરનારાઓમાં તત્ત્વના સ્વરૂપના નિર્ણયાત્મક વાદ હું છું, અક્ષરોમાં વાસુદેવવાચક ૐકાર, સમાસોમાં ઉભયપદનું જેમાં પ્રાધાન્ય છે તેવો દ્વંદ્વસમાસ છું, પ્રવાહરૂપ અક્ષયકાળ, સર્વત્ર મુખવાળા બ્રહ્મા સૃષ્ટિ ઉત્પન્ન કરનાર હું છું. સર્વનો સંહાર કરનાર મૃત્યુ અને ઉત્પત્તિ હું છું. નારીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા હું છું. સામથી સર્વેશ્વર તરીકેની સ્તુતિ થતી હોવાથી બૃહત્સામ હું છું. વેદોના છંદોમાં ભગવત્સ્વરૂપનું પ્રતિપાદન કરનાર ગાયત્રી હું છું. માસમાં માર્ગશીર્ષ, ઋતુઓમાં વૃંદાવનમાં નિત્ય રહેનારી વસંતઋતુ હું છું, છલ કરનારાઓ ધૃત, તેજસ્વીઓનું તેજ, જય હું છું, ઉદ્યમ–નિશ્ચય હું છું,

ધૈર્યવાળાઓમાં હું ધૈર્ય છું. વૃષ્ણિઓમાં હું વાસુદેવ છું, પાંડવોમાં નારાયણના અંશરૂપ અર્જુન છું, મનન કરનાર મુનીઓમાં દ્વૈપાયન કૃષ્ણ છું, કવિઓમાં હું ઉત્તમ શુક્રાચાર્ય છું. દમનારાઓમાં સર્વ દોષને હરનાર દંડ છું, જપની ઈચ્છાવાળાની નીતિ, ગુહ્ય પદાર્થોમાં મૌન તથા જ્ઞાનીઓનું જ્ઞાન હું છું. એટલે કે સર્વભૂતોનું બીજ હું જ છું. કોઈ ચર કે અચર પદાર્થ મારા વિનાનું નથી. આમ મારી અનંત વિભૂતિઓ છે. દરેક પદાર્થમાં જે ઉત્કર્ષવાળો છે તે મારા અંશમાંથી જ પ્રગટ થયેલ છે.

હવે <u>ઉપસંહાર</u> કહે છે કે હું પુરુષોત્તમ છું મારા એક અંશ અર્થાત અક્ષરના મહિમાથી, મારા આધ્યાસ્વરૂપથી આ સર્વ સ્થૂલ અને સૂક્ષ્મ, ચેતન અને અચેતન જગતને ધારણ કરી રહ્યો છું એ મારા યોગનું ઐશ્વર્ય જાણ.

## અધ્યાય – ૧૧ વિશ્વરૂપ દર્શનયોગ

ગયા અધ્યાય–૧૦ માં ભગવાને પોતાના અંશથી આ સર્વ જગતને વ્યાપી રહેલા છે તેવો અસાધારણ યોગ કહ્યો. તેથી અર્જુન કહે છે કે આપે મારા પર અનુગ્રહ કરવા જે પરમ ગુહ્ય આધ્યાત્મ વચન કહ્યા તેથી આપના ઐશ્વર્યના અજ્ઞાનરૂપ મારો મોહ નષ્ટ થયો છે. પરંતુ મને તેવા રૂપનું દર્શન થયું નથી. મેં તે પણ સાંભળ્યું છે કે ભૂતમાત્રની ઉત્પત્તિ–લય આપ છો તથા આપ અવ્યય છો આપે કહ્યું તેવા સ્વરૂપના દર્શનની મને લાલસા છે. જો કે આ દર્શન જીવની કૃતિથી નહિ પણ ઈશ્વરની ઈચ્છા અનુગ્રહથી જ થાય તો આપ મને અધિકારી માનતા હો તો **મને આપના અવ્યય સ્વરૂપના દર્શન કરાવો.** (૧–૪)

આ પ્રમાણે અર્જુનની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને ભગવાન તેમના દર્શન કરવા અર્જુનને સાવધાન–તૈયાર કરે છે. એક જ સ્થાનમાં અન્યોન્ય વિરૂદ્ધ ધર્મો જે રૂપમાં રહેલા હોય તે આશ્ચર્યરૂપ છે તેવા આશ્ચર્યોને જો. બાર આદિત્ય, આઠ વસુઓ, અગિયાર રૂદ્રો, બે અશ્વનીકુમારો, ઓગણપચાસ મરૂતો તથા મારા આ સ્વરૂપમાં સર્વ સ્થાવર–જંગમ સહિત જગતને જો કે તારાં આ ચર્મચક્ષુથી મારા અલૌકિક અક્ષરસ્વરૂપના દર્શન થઈ શકશે નહિ તેથી હું તને દિવ્યચક્ષુ આપું છું તેથી મારો ઐશ્વર્યયોગ જો. (૫–૮)



ત્યારે સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું કે હે રાજન, મહાયોગેશ્વર હરિએ એમ કહીને અનેક મુખ અને નયનવાળું, અનેક અદ્‌ભૂત દર્શનવાળું, એક દિવ્ય આભરણવાળું, અનેક દિવ્ય આયુધો ધારણ કરેલું, દિવ્યમાલા – વસ્ત્રો – ગંધોના લેપવાળું, સર્વ આશ્ચર્યવાળું, પ્રકાશમાન, અનંત, સર્વત્ર મુખવાળું પોતાનું પરમ ઐશ્વર્યરૂપ અર્જુનને દેખાડ્યું. (૮–૧૧)

તેમનું સ્વરૂપ આકાશમાં એક સાથે હજાર સૂર્યના પ્રકાશ ઉત્પન્ન થાય તેથી પણ વિશેષ થયું. ત્યારે અર્જુને આપના સ્વરૂપમાં ચૌદે ભુવનને એક સાથે જોયા, આમ ભગવાને પોતાના મર્યાદા પુષ્ટિ ભક્ત અર્જુનને પોતાના માહાત્મ્યનું દર્શન કરાવ્યું. પછી આશ્ચર્યાન્વિત તથા રોમાંચિત થયેલા અર્જુને નમસ્કાર કરીને આ પ્રકારે વિજ્ઞપ્તિ કરી. તે ૧૭ શ્લોકોમાં ૧૬ શ્લોક ભગવાનના કળા રૂપ અને ૧ શ્લોકથી વિજ્ઞપ્તિ કરે છે હું આપના દેહમાં સર્વ દેવોને, ભૂતોના સમૂહોને, કમલાસન પર બેઠેલા બ્રહ્માને, ઈશને, સર્વ ઋષિઓ અને દિવ્ય સર્પોને જોઉં છું. હું આપને અનેક બાહુવાળા, ઉદર, મુખ, નેત્ર, અનંત રૂપવાળા કે જેને આદિ, મધ્ય કે અંત નથી તેવા વિશ્વરૂપ જોઉં છું. કીરીટવાળા, ગદાવાળા, ચક્રવાળા, તેજના સમૂહરૂપ સર્વતઃ પ્રકાશમાન, જેમની સામે દૃષ્ટિ ન થઈ શકે તેવા, સર્વ બાજુએ પ્રદીપ્ત અગ્નિ અને સૂર્યની જેવી કાંતિવાળા તથા પ્રમાણ થઈ ન શકે તેવા હું આપને જોઉં છું.

આપ જ અક્ષર, જાણવા યોગ્ય, વિશ્વના પરમ નિધાન, શાશ્વત ધર્મનું રક્ષણ કરનાર, અવ્યય તથા સનાતન પુરુષ છો. આપ આદિ, મધ્ય તથા અંત રહિત અનંત વિર્યવાળા, અનંત બાહુવાળા, ચંદ્ર અને સૂર્યરૂપી નેત્રવાળા પ્રદિપ્ત અગ્નિ જેના મુખમાં છે તેવા અને પોતાના તેજથી આ વિશ્વને તપાવતા હું આપને જોઉં છું.

આકાશથી પૃથ્વી, તથા સર્વ દિશામાં આપ વ્યાપેલા એવા આપનું અદ્‌ભૂત ઉગ્રરૂપ જોઈને ત્રણે લોક બહુ વ્યથિત થયા છે. વળી દેવોનાં ટોળામાં કોઈ આપમાં પ્રવેશ કરે છે કેટલાક ભય પામી સ્તુતિ કરે છે તથા મહર્ષિ અને સિદ્ધોનાં ટોળાંઓ સ્વસ્તિ એમ કહીને પુષ્કર સ્તુતિથી આપનું

સેવન કરે છે. રૂદ્રો, આદિત્યો, વસુઓ અને સર્વ સાધ્યો, બન્ને અશ્વનીકુમારો, મરુતો, પિતૃઓ, ગંધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધોના સમૂહો વિસ્મિત થઈ આપના દર્શન કરે છે. વળી હે મહાબાહો ! બહુ મુખવાળા અને નેત્રવાળા, બહુ બાહુ, સાથળ અને ચરણવાળા, બહુ ઉદરવાળા અને ઘણી દાઢોથી વિકરાળ આપના મોટા રૂપને જોઈને હું તથા લોકો વ્યથિત છે. આકાશને સ્પર્શ કરતા, પ્રકાશમાન અનેક રંગવાળા પ્રસારેલા તથા દાઢોથી વિકરાળ અને કાલાગ્નિ જેવા આપનું મુખ જોઈ મને ભય થાય છે. વળી ધૃતરાષ્ટ્રના સર્વપુત્રો, ભીષ્મ, દ્રોણ અને સૂતપુત્ર તથા ભૂપાલોના સમૂહ સાથેના આપણા મુખ્ય યોદ્ધાઓ આપના વિકરાળ દાઢોવાળા મુખમાં પ્રવેશ કરે છે. જાણે કે નદી સમુદ્ર તરફ વહેતી હોય અને પતંગિયા અગ્નિમાં પ્રવેશતાં હોય ! આપ તે સૌને ભરખી રહ્યા છો. ઉગ્રરૂપવાળા આપ કોણ તે મને કહો. હું આપને જાણવા ઈચ્છું છું. કારણ આપની પ્રવૃત્તિ હું જાણતો નથી. (૧૨–૩૧)

ત્યારે ભગવાને કહ્યું – હું લોકોનો સંહાર કરવા વૃદ્ધિ પામેલો કાળ રૂપ છું, આ સર્વ યોદ્ધાઓને મેં મારેલા જ છે તેથી ઊઠ, શત્રુઓને મારીને સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ. આ દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તેમજ અન્ય સૌ યોદ્ધાઓને મેં મારેલા જ છે. (૩૨–૩૪)

સંજય કહે છે – ત્યારે ભયભીત એવા અર્જુને હાથ જાડી ગદ્‌ગદ્ કંઠે આ પ્રમાણે કહ્યું. (૩૫)

અર્જુન – અહીંથી ૧૧ શ્લોકથી સ્તુતિ કરે છે. – હે હૃષીકેશ, આપની કીર્તિથી જગત હર્ષ પામે છે અને પ્રસન્ન થાય છે, રાક્ષસો ભય પામી ભાગે છે, સર્વ સિદ્ધોના સમૂહ નમન કરે છે. આપ અક્ષર, સત્, અસત્‌થી પર છો પછી તેઓ આપને કેમ ન નમે ? આપ જ આદિદેવ, પુરાણપુરુષ વિશ્વના પરમ નિધાન, જાણનાર, જાણવા યોગ્ય તથા પરમધામ છો. આપ જ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્ર, પ્રજાપતિ, પ્રપિતામહ, આપ અનંત વિર્યવાળા, અપરિમિત પરાક્રમવાળા તથા સર્વરૂપ છો. તે માટે આપને પુનઃ પુનઃ નમસ્કાર હો.

હે અચ્યુત, આપનો મહિમા નહિ જાણવાથી મેં આપને સખા જાણી, પ્રમાદને લીધે અથવા પ્રણયથી વગર વિચારે ‘‘શય્યા, આસન અને ભોજનમાં,



એકાંતમાં તથા સખાઓની સમક્ષ વિનોદ માટે જે આપનો અનાદર કર્યો તેની હું ક્ષમા માંગું છું. આપ જ સ્થિર અને જંગમ લોકના પિતા, ગુરુ છો. ત્રણે લોકમાં આપ સમાન કોઈ નથી. જેમ પિતા પુત્રનો, મિત્ર મિત્રનો અપરાધ સહન કરે તેમ આપ મારા પ્રિય આપના પ્રિય માટે અપરાધ ક્ષમા કરો. હું દંડવત્ કરી આપની પ્રસન્નતા યાચું છું. આપનું આવું રૂપ કયારેય નહિ જોયેલું તેથી હર્ષ થાય છે સાથે ભય પણ પામું છું, મને હવે આપના ચતુર્ભુજ રૂપના દર્શન કરાવો, હું આપના તેવા જ મુકુટ, ગદા, ચક્રવાળા ચતુર્ભુજ સ્વરૂપના દર્શન કરવા ચાહું છું. માટે તેવા થાઓ. (૩૬–૪૬)

ભગવાન કહે છે – હે અર્જુન, પ્રસન્ન થઈને મેં આત્મયોગથી આ તેજોમય વિશ્વરૂપ કે જે અનંત, આદ્ય અને તારા વિના પૂર્વે કોઈએ જોયું નથી. આ દર્શન માત્ર મારા અનુગ્રહથી જ થાય. આ સાધન સાધ્ય નથી. વેદ, યજ્ઞ, અધ્યયન, દાન, ક્રિયાઓ, તપ, વ. થી થઈ શકે તેમ નથી. તેમ કહી પછી ભગવાને અર્જુનને ભયમુક્ત કરી પોતાના પ્રથમ રૂપના પુનઃ દર્શન કરાવી પ્રસન્ન ચિત્ત બનાવ્યો. (૪૭–૪૯)

ભગવાન ફરી કહે છે કે દેવોને પણ દુર્લભ તથા જેની તેઓ આકાંક્ષા રાખે છે તેવા મારા આ રૂપના દર્શન માત્ર અનુગ્રહથી જ થાય છે તે સાધન સાધ્ય નથી. માત્ર અનન્ય ભક્તિથી જ હું પ્રાપ્ય છું. એટલે કે મારું જ્ઞાન થાય છે. મારું તત્ત્વથી દર્શન થાય છે અને મારામાં પ્રવેશ થાય છે.

**ઉપસંહાર** કરતાં કહે છે કે માટે હે અર્જુન, જે ફળની કામના વગર મારા માટે કર્મ કરે છે તથા જે દાસ હોવાના કારણે મને જ પરાયણ છે તથા જે અન્ય સર્વ લૌકિક વિષયોના સંગ રહિત છે તથા જે સર્વ પ્રાણીઓ પ્રતિ રાગ–દ્વેષ રહિત છે તેવો મારો ભક્ત મને પ્રાપ્ત કરે છે. (૫૦–૫૫)

## અધ્યાય – ૧૨ ભકિતયોગ

અધ્યાય – ૮ માં શ્લો. ૧૧–૧૩ સુધીમાં અક્ષરની ઉપાસના કહી. વિશ્વરૂપનું પણ અક્ષર તરીકે નિરૂપણ કર્યું. વળી અક્ષર ભગવદ્‌ધામ છે. તેથી ભગવાનથી કંઈક ભિન્ન જણાય છે. તેથી **ભગવાન અને ભગવદધામરૂપી અક્ષર એ બે ની ઉપાસના કરનારમાં કોણ શ્રેષ્ઠ**

તેની જિજ્ઞાસા થવાથી અર્જુન પ્રશ્ન કરે છે. અધ્યાય –૧૧ શ્લો.–૫૫ માં ભગવાને પોતાની સેવાનો પ્રકાર કહ્યો તે પ્રમાણે નિત્ય ભગવત્ સેવામાં યુક્ત રહેનાર પૂર્ણ પુરુષોત્તમની સેવા કરે છે તથા અન્ય દેવોની ઉપાસના કરતો નથી. અને બીજો જે અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે તે બે મધ્યે વિશેષ યોગ જાણનાર કોણ છે તે મને કહો. (૧)

**ભગવાન પ્રત્યુત્તર આપે છે** – જે ઉપર કહ્યો તેવો નિત્યુક્ત થઈ, મારામાં મન રાખી તથા શ્રદ્ધા રાખી મને સેવે છે તેને હું શ્રેષ્ઠ ગણું છું.

પરંતુ જેઓ ઈંદ્રિયોના સમૂહને નિયમમાં રાખી, સર્વત્ર સમાન બુદ્ધિવાળા થઈ, સર્વ પ્રાણી પ્રત્યે સમાન બુદ્ધિવાળો થઈ અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વવ્યાપક, અચિન્ત્ય, કૂટસ્થ, અચલ અને નિત્ય તેવા અક્ષરની ઉપાસના કરે છે તે મને પામે છે. 'તુ' અક્ષરથી બન્નેમાં ભેદ બતાવ્યો છે. તે કહે છે કે અક્ષરની ઉપાસના કરનાર મને પામે છે પણ સાધનદશામાં નિર્વિશેષ અક્ષર સાથે અભેદની ભાવના કરવી તે કલેશમય છે. વળી તેનું ફળ પણ અવ્યક્ત ગતિ છે. જ્યારે જેઓ સર્વ લૌકિક–અલૌકિક કર્મો મને અર્પણ કરી માત્ર મને જ પરાયણ રહી, અનન્ય યોગથી મારું ધ્યાન ધરતાં માત્ર મને જ ભજે છે તેવાને હું સંસારના સંબંધમાંથી અલ્પ સમયમાં જ મુક્તિ આપું છું.

માટે હે અર્જુન, તું પણ મારામાં જ મન રાખ. તથા સંકલ્પ વિકલ્પ રૂપ બુદ્ધિનો મારામાં પ્રવેશ કરાવ. આમ કરવાથી તું મારામાં જ રહીશ. તારો અક્ષરમાં લય થશે નહિ. કદાચ જો તું મારામાં સ્થિર ચિત્ત ન રાખી શકે તો પછી અભ્યાસથી ચિત્તને સ્થિર કરી મને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખ. કદાચ તું આ પ્રકારના અભ્યાસમાં પણ અસમર્થ હો તો કર્મફળની આસક્તિ વગર મારી પ્રીતિ અર્થે મારી સેવા કર તો પણ તને તે સિદ્ધિ પ્રાપ્ત થશે.

વળી, કદાચ તું આ કરવા પણ અસમર્થ ન હોય તો તું તારા સેવ્ય–સેવકનો સંબંધનો આશ્રય કરીને ચિત્તને વશ કરીને સર્વ કર્મના ફળનો ત્યાગ કર.

ઉપર સર્વ option આપ્યા તેની છણાવટ કરતાં કહે છે કે અભ્યાસ કરતાં ઉપદેશથી યુક્તિ સહિતનું સર્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તે સારૂં કહે છે કે



જ્ઞાન કરતાં ધ્યાન ઉત્તમ. ધ્યાનથી સર્વ કર્મોનો વાસના સહિત ત્યાગ ઉત્તમ જેથી શાંતિ પ્રાપ્ત થાય છે. (૨–૧૨)

હવે શ્લો. ૧૩ થી ૧૯ માં **ભક્તિના સ્વરૂપનું નિરૂપણ છે.**

જેમાં ભક્તના ૩૨ લક્ષણો વર્ણવ્યા છે. (૧) પ્રાણીમાત્રનો દ્વેષ ન કરે (૨) પ્રાણીમાત્રનો મિત્ર (૩) પ્રાણીમાત્ર પ્રતિ કરૂણાવાળો (૪) મમતા રહિત (૫) પોતે ઉત્તમ છે એમ અહંકર રહિત (૬) સુખ દુઃખ જેને સમાન છે (૭) દુષ્ટ લોકો અપમાન કરે તો પણ સહન કરીને ક્ષમા આપનાર (વિ.ધૈ.આ.) (૮) જે કંઈ દ્રવ્ય ભગવદ્ સેવાર્થે મળે તેનાથી સંતુષ્ટ પામનાર (પદ્મનાભદાસ) (૯) મારું સદા ચિંતન કરીને (યોગ આચરનાર) (૧૦) ઈંદ્રિયોને નિયમમાં રાખનાર (૧૧) ભગવાનની સેવામાં જ જેનો દઢ નિશ્ચય છે તેવો (૧૨) મન અને બુદ્ધિને પણ મારામાં જ પરોવી રાખનાર (૧૩) જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી કે જેને લોકથી ઉદ્વેગ થતો નથી (૧૪) જે હર્ષ, ક્રોધ, ભય અને ખેદથી મુક્ત છે. (૧૫) મુક્તિ પર્યંતની અપેક્ષાથી રહિત (૧૬) પવિત્ર આચરણવાળો (૧૭) પ્રભુની સેવામાં ચતુર (૧૮) સેવાથી ભિન્નમાં ઉદાસીન (૧૯) વ્યથા રહિત કે સહન કરનાર (૨૦) પ્રારબ્ધ કર્મ ફળની અપેક્ષા રાખી નથી (૨૧) લૌકિક પદાર્થની પ્રાપ્તિથી હર્ષ થતો નથી (૨૨) અપ્રિય પ્રસંગ પ્રાપ્ત થાય તો દ્વેષ કરતો નથી (૨૩) ધન વ. નો વ્યય થાય તો શોક કરતો નથી (૨૪) અથવા તેની આકાંક્ષા રાખતો નથી. (૨૫) જેને શુભ–અશુભ સર્વ કર્મમાં ફળનો ત્યાગ કરેલો છે. (૨૬) શત્રુ–મિત્ર, માન–અપમાન, તાઢ, તાપ, સુખ–દુઃખમાં જે સમાન છે (૨૭) જે સંગથી રહિત છે (૨૮) જેને નિંદા સ્તુતિ સમાન છે (૨૯) જેને વાણીને નિયમમાં રાખી છે (૩૦ જે કંઈ પ્રાપ્ત થાય તેમાં જેને સંતોષ છે (૩૧) જે સ્થાન રહિત છે (૩૨) સ્થિર મતિવાળો છે.

ભગવાન કહે છે આવો ભક્ત મને અતિ પ્રિય છે. વળી, જે દૈવી જીવ શ્રદ્ધા રાખી મને પરમ જાણે છે અને આ સેવા ધર્મ રૂપ અમૃતનું સેવન કરે છે તેવો ભક્ત મને ખૂબ પ્રિય છે.

ઉપસંહાર – અવ્યક્તની ઉપાસનાના માર્ગમાં દુઃખ છે જ્યારે કૃષ્ણ ભક્તિમાર્ગમાં સુખ છે. આમ ભક્તોના લક્ષણો કહીને આ અધ્યાયમાં ભક્તિ–યોગરૂપી અમૃત વચનો અર્જુનને કહ્યા.

## અધ્યાય - ૧૩ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગયોગ

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાયમાંથી પહેલા ૬ અધ્યાય સૂત્રરૂપ છે. ૭ થી ૧૨ અધ્યાય આ સૂત્રની વૃત્તિ રૂપ અને ૧૩ થી ૧૮ અધ્યાયો ભાષ્યરૂપે છે. ૭ માં અધ્યાયમાં પુરુષ–પ્રકૃતિ વિષયમાં હવે કહે છે કે દેહ ક્ષેત્ર છે અને પુરુષ ક્ષેત્રી છે. જો કે તે પોતાને શરીરથી ભિન્ન છે તેવું સમજતો ન હોય તો તે માત્ર ક્ષેત્રી છે અને તેને તેવું જ્ઞાન છે તો તે પછી ક્ષેત્રજ્ઞ પણ વિદ્વાન છે. માત્ર ક્ષેત્રી હોય તો તે સંસારી છે અને ક્ષેત્રજ્ઞ વિદ્વાન છે.

ભગવાન આ અધ્યાયમાં અર્જુનના પૂછયા વગર ઉપદેશ શરૂ કરે છે કારણ કે આ તો ભાષ્ય માત્ર છે જેથી વિષયને ઊંડાણથી સમજાવવાનો છે.

સંસારમાં નિમગ્ન જીવ (ક્ષેત્રી), ક્ષેત્રને પોતાનાથી ભિન્ન જાણતો નથી પરંતુ જે કોઈ વિદ્વાન તે ક્ષેત્રને પોતાથી ભિન્ન જાણે છે તેનામાં મારા ગુણનો આવિર્ભાવ હોવાથી તેને મારા રૂપ અથવા ''હું જ છું'' એમ જાણ.

ભગવાન ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ બાબતે કહે છે (૧) જે દ્રવ્ય છે (૨) જેને આશ્રય છે (૩) જે વિકારવાળું છે (૪) પ્રયોજનથી જેનો ઉદ્ભવ થયો છે. (૫) જે સ્વભાવવાળું છે. તે ક્ષેત્ર છે. **ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ.** આ બધાની વિગત ઋષિઓએ બહુ પ્રકારે ગાયેલી છે. વેદમાં તેનું વર્ણન છે. તેને ધ્યાન – ધારણા – વૈરાજ રૂપ કહ્યું છે. તેને વ્યાસજીના બ્રહ્મસ્તોત્રોમાં પણ ગાયું છે. આમ ભગવાન શાસ્ત્રોના પ્રમાણથી ભાષ્ય કરવા માંગે છે.

**ક્ષેત્ર :** (૧) દ્રવ્ય – પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ આ પંચમહાભૂત તે ક્ષેત્ર છે. તે જ દ્રવ્ય છે.

(૨) આ ક્ષેત્રને જેઓનો આશ્રય છે તે છે અહંકાર, બુદ્ધિ મહત્તત્ત્વ, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય તથા એક મન તથા પાંચ ઈંદ્રિયોના વિષયો.



(૩) વિકારો – ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ, સંઘાત એટલે સર્વનું એકત્ર થવું તે, ચેતના (વિવેક વ. રૂપ પ્રાણોની વૃત્તિ) અને ધૈર્ય.

(૪) આ ક્ષેત્ર ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ પુરુષાર્થને પ્રાપ્ત કરાવનાર છે.

(૫) તેનો સ્વભાવ 'નશ્વર' છે.

આ પ્રમાણે ક્ષેત્ર ટૂંકમાં કહ્યું. (૧–૬)

હવે **જ્ઞાનની વ્યાખ્યા** કરે છે – અમાનીપણું, અદંભીપણું, અહિંસા, ક્ષમા, નિષ્કપટપણું, આચાર્યની સેવા, પવિત્રતા, બાહ્ય તથા અભ્યંતર, કલેશમાં પણ ભગવત્ પરાયણ રહેવું તે સ્થૈર્ય, ચિત્તનો નિગ્રહ એટલે કે આત્મનિગ્રહ, ઈંદ્રિયોના વિષયો પ્રતિ વૈરાગ્ય, અહંકારનો અભાવ, જન્મ–મરણમાં(જરા–વ્યાધિમાં) દુઃખ–દોષનો વિચાર, પુત્ર–પત્ની ગૃહ વ. માં આસક્તિનો તથા સંગનો અભાવ, ઈષ્ટ તથા અનિષ્ટની પ્રાપ્તિમાં નિત્ય સમચિત્તપણું તથા ઈષ્ટ તથા મારામાં અવ્યભિચારિણી ભક્તિ, ભગવત્સેવામાં પ્રતિબંધક ન હોય તેવા અંકાંત પ્રદેશનું સેવન, લૌકિક સભામાં પ્રીતિનો અભાવ, આત્માના સ્વરૂપનું નિત્યજ્ઞાન, મોક્ષ સંબંધે દર્શન–વિચાર, આ બધા ગુણોને જ્ઞાન કહે છે. આ ગુણો વિદ્યાના છે અને આથી વિરૂદ્ધ અજ્ઞાન–અવિદ્યા. (૭–૧૧)

હવે ૧૨ થી ૧૭ શ્લોકમાં **જ્ઞેયનો બોધ** કરે છે. જ્ઞાનીઓ શાસ્ત્રજ્ઞાનથી જ્ઞેયનું સ્વરૂપ જાણીને મોક્ષ પામે છે. આ જ્ઞેય આદિરહિત તથા પરબ્રહ્મ છે. તે સર્વ વિરૂદ્ધ ધર્મોનો આશ્રયસ્થાન હોવાથી સત્ કે અસત્ નથી. અર્થાત તે દુર્જ્ઞેય છે. તે સર્વ ગતિ અને ક્રિયા માટે સમર્થ છે તેને સર્વજ્ઞાન તથા ભોગ છે, તે સર્વત્ર પ્રધાન છે. સર્વત્ર શ્રવણ કરે છે છતાં તે પરિછિન્ન નથી તે વ્યાપક પણ છે. આ બ્રહ્મને સર્વ અપ્રાકૃત દિવ્ય ઈંદ્રિયો છે.

બીજો વિરૂદ્ધ ધર્મ, બ્રહ્મ આસક્તિ રહિત હોવા છતાં ગુણોનો ભોગ કરનાર છે. તે સ્થિર તથા જંગમ ભૂતોના ભોક્તા તરીકે ભૂતોની અંદર છે છતાં ભૂતોથી ભિન્ન એવો વ્યાપક બહાર છે. સ્થાવર – જંગમ બધું બ્રહ્મ જ છે. આ બ્રહ્મ સૂક્ષ્મ હોવાથી અજ્ઞેય છે. વળી તે દૂર તથા સમીપ છે. આ

શ્લોકમાં બ્રહ્મના વિરૂદ્ધ ધર્મો કહ્યા છે. આ બ્રહ્મ સર્વ ભૂતોમાં અવિભક્ત છતાં વિભક્ત છે. બ્રહ્મ એક હોવા છતાં અનેકરૂપે પ્રગટ થઈ શકે છે. તે જ ભૂતોનો પાલક, સંહારક તથા ઉત્પાદક છે. તે જ મૂળ પ્રકાશક છે. અન્ય પ્રકાશ આપનાર સૂર્ય–ચંદ્ર તેના પ્રકાશના કારણે જ છે. તે તમ પ્રકૃતિથી પર છે. તે જ જ્ઞાનના સાધનરૂપ છે. તે જ જાણવા યોગ્ય છે. અને જ્ઞાનથી પ્રાપ્ય તે જ છે. વળી તે અંતર્યામી છે. (૧૧–૧૭)

આ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેય ટૂંકમાં કહ્યા. અગાઉ ત્રીજા શ્લોકમાં પુરુષ તત્ત્વ વિષે કહેવાની પ્રતિજ્ઞા કરી હતી તે કહે છે – પુરુષ અને પ્રકૃતિ બન્ને ભિન્ન સ્વભાવના હોવા છતાં બન્નેનું કારણ એક જ છે. **પ્રકૃતિ અને પુરુષ જ સર્વ જગતનું કારણ છે એમ હવે પાંચ શ્લોકથી કહે છે.**

પ્રકૃતિ ભગવાનની એક શક્તિ છે તેમ ભગવદીયસાંખ્ય કહે છે. તથા પુરુષોત્તમ, અક્ષર, કાળ, પ્રકૃતિ અને પુરુષ પાંચ અનાદિ છે.

પ્રકૃતિ બે પ્રકારની છે. (૧) કાર્યરૂપ – તે અવિદ્યાવાળી જીવાત્માની ઉપાધિ (૨) કારણરૂપ – તે પરમાત્માની માયા

પુરુષના પણ બે પ્રકાર છે. (૧) કાર્યરૂપ – તે જીવાત્મા (૨) કારણરૂપ – તે મૂળ પુરુષ ભગવાન.

પ્રકૃતિ સદ્‌રૂપ છે પુરુષ ચિદ્‌રૂપ છે.

જીવના બંધ કારણરૂપ ઈર્ષ્યા, દ્વેષ વ. વિકારો તથા સત્વ વ. ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જાણ.

હવે સૃષ્ટિમાં પુરુષ તથા પ્રકૃતિથી કયાં કયાં કાર્યો થાય છે તે કહે છે – બંધ અને મોક્ષના કારણરૂપ વિકારો ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ હેતુ કહેવાય છે અને પુરુષ આ કારણો ઉત્પન્ન કરવામાં પ્રકૃતિને માત્ર ચેતવે છે. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા વિકાર તથા ગુણોથી પ્રાપ્ત થતું દુઃખ અથવા સુખ પ્રકૃતિ સાથે સંસૃષ્ટ થઈ પુરુષ ભોગવે છે. વસ્તુતઃ પુરુષ અને પ્રકૃતિના સંયોગ વિના કાંઈ કાર્ય થતું નથી. પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્વ વ. ગુણોનો પ્રકૃતિના કાર્યરૂપ ઈંદ્રિયોથી ભોગ કરે છે. જીવ આ પ્રમાણે ગુણોનો



ભોગ કરે છ. (પણ અંતર્યામી ભોગ કરતો નથી) આમ પ્રકૃતિના સંગથી પુરુષના અક્ષર ભાવનું તિરોધાન થાય છે. પ્રકૃતિના ગુણો સાથે તેને સંગ થવાથી સારી અથવા ખરાબ યોનિમાં જન્મ થાય છે.

હવે **અંતર્યામીનું** નિરૂપણ કરે છે. આ દેહમાં જીવથી અન્ય 'પરમાત્મા', 'પરપુરુષ' કહેવાતો અંતર્યામી છે. તે અસંગ છે તથા તે ઉપદષ્ટા અથવા સાક્ષી છે. ભોગનો તેને સંગ થતો નથી. છતાં તે મુખ્ય ભોક્તા છે. તે અનુમંતા/અનુમતિ આપનાર છે. તે ભર્તા/પાલક છે., તે મહેશ્વર/નિયામક છે. તે નિર્લેપ છે. જીવ ભોગનો સંગી થવાથી લેપવાળો થાય છે.

**મોક્ષ કોને મળે ?** આમ વસ્તુતઃ અક્ષરના પ્રભાવવાળા, ક્ષેત્રજ્ઞ બ્રહ્મના અંશરૂપ, ચેતન, જીવરૂપ તથા અંતર્યામીરૂપ ઉભય પ્રકારના પુરુષને જે સ્વરૂપથી પ્રકૃતિના સંગ રહિત નિર્ગુણ જાણે છે તથા ગુણો સાથે પ્રકૃતિ રહેલી છે તેમ જાણે છે તે દેહધારી હોવા છતાં પુનઃ જન્મતો નથી. આ જ્ઞાન સાધન છે.

**મોક્ષના અન્ય સાધન** – કેટલાક જ્ઞાનીઓ પોતાના હૃદયમાં આત્મા / મન વડે આત્માને / ભગવાનને **ધ્યાનરૂપી સાધનથી** જૂએ છે. જ્યારે બીજા **નિત્યાનિત્ય વસ્તુઓના વિવેકરૂપ** સાધનથી આત્માને જૂએ છે. તો બીજા કેટલાંક **અષ્ટાંગયોગ રૂપ સાધનાથી** તો કેટલાક કર્મયોગ / નિષ્કામ કર્મ કરી આત્માને જૂએ છે. હવે જેને પોતાને જ્ઞાન કે અનુભવ નથી તેવાઓ ગુરુ વ. અન્ય પાસેથી **શ્રવણ કરીને** આત્માની ઉપાસના કરે છે. (૧૮–૨૫)

**આત્મદર્શન કહે છે** – આત્મા ત્રણ પ્રકારનો છે. (૧) અંતર્યામી (૨) પુરુષ (૩) અવ્યક્ત. તેનાં ફળ કહે છે. સર્વ ભૂતોમાં સમાન રહેનાર અંતર્યામીને જે જૂએ છે તથા જે તેને પ્રકૃતિના કારણરૂપ શરીરનો વિનાશ થતાં તેનો વિનાશ નહિ થતો જાણે છે અને તે 'જ્ઞાતા' તરીકે સમાન આકારવાળો છે તેમ જાણે છે તે સત્ય જૂએ છે. સર્વત્ર આત્માને સમાન જાણનાર આત્માને યથાર્થ જાણે છે. એટલે કે તે આત્માને હણતો નથી.

તેવો પ્રભુના ધામ અક્ષરને પામે છે.

હવે દ્વિતીય પ્રકાર આત્મા–પુરુષના જ્ઞાનનું ફળ કહે છે. કર્મ સર્વદા પ્રકૃતિથી જ થાય છે અને આત્મા અકર્તા છે તેમ જે જૂએ છે તે સત્ય જૂએ છે.

હવે આત્માના તૃતીય પ્રકાર અવ્યક્ત / અક્ષરબ્રહ્મના જ્ઞાનનું ફળ, દેવો, મનુષ્યો વ. ભૂતોમાં રહેલા દેવત્વ, મનુષ્યત્વ, દીર્ઘત્વ, સ્થૂલત્વ વ. ભિન્ન ભિન્ન ભાવોને એક પ્રકૃતિમાં રહેલા તથા વસ્તુતઃ તે સર્વને અવ્યક્ત અક્ષરમાં રહેલા જૂએ છે તે અક્ષરબ્રહ્મને પામે છે. (૨૬–૩૦)

**ઉપસંહાર** – આ પુરુષને સ્વતઃ પ્રાકૃત સંબંધ નથી. પરમાત્મા / પુરુષ / જીવ અક્ષરરૂપ હોવાથી અનાદિ, નિર્ગુણ છે તેથી અવ્યય છે. જેમ સર્વત્ર રહેલું આકાશ સૂક્ષ્મ હોવાથી લેપાતું નથી તેમ દેહમાં સર્વત્ર રહેલો આત્મા લેપાતો નથી. જેમ એક સૂર્ય સર્વ લોકોને પ્રકાશે છે તેમ આ ક્ષેત્રી ચૈતન્યપણાથી પૂરા દેહને પ્રકાશે છે.

એવી રીતે જ્ઞાનચક્ષુથી ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો ભેદ તથા ભૂતોનો પ્રકૃતિમાંથી મોક્ષ જે પ્રકારે થાય તે જે જાણે છે તેઓ પરને પામે છે.

## અધ્યાય – ૧૪ ગુણત્રયવિભાગયોગ

ગયા અધ્યાયમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે તે કહ્યું. પુરુષનો સારી અથવા ખરાબ યોનીમાં જન્મ થવાનું કારણ પ્રકૃતિનો સંગ જ છે અને જે ક્ષેત્ર અને ક્ષત્રજ્ઞનો ભેદ તથા ભૂતોનો પ્રકૃતિમાંથી મોક્ષ જેનાથી થાય છે તે જે જાણે છે તે પરને પામે છે.

આ અધ્યાયમાં **પ્રકૃતિના ત્રણ ગુણોના વિભાગપૂર્વક, પ્રકૃતિના સંબંધવાળા આ જગતમાં ગુણાતીત કોઈક જ હોય છે.** ગયા અધ્યાયના અંતમાં જે કહેલું તે જ વિશેષથી કહે છે કે જે જ્ઞાન કહ્યું તેનો આશ્રય કરનારનો પુનર્જન્મ થતો નથી. ભગવાન પોતાની લીલા દર્શાવે છે. બ્રહ્મના સદંશરૂપ પ્રકૃતિ મારી યોનિ છે તેમાં હું અક્ષરાત્મા પુરુષ બીજરૂપ ગર્ભ દષ્ટિથી મૂકું છું. આમ મારી ઈચ્છાથી સર્વ પ્રાણીમાત્ર પ્રકૃતિ તથા પુરુષના સંસર્ગથી ઉત્પન્ન થાય છે. તે જગમાં સર્વયોનિઓમાં જે જે મૂર્તિઓ (બાળકો) ઉત્પન્ન થાય છે તેમાં વસ્તુતઃ મહદ્ બ્રહ્મ યોનિ છે અને બીજ આપનાર પિતા હું છું. સત્વ, રજ, તમ એ ત્રણ પ્રકૃતિના ગુણો છે. આત્માના નથી. છતાં તે અવ્યય એવા પુરુષને બંધન કરે છે. (૧–૫)



હવે અનુક્રમે **ગુણોના લક્ષણ તથા તે કેવી રીતે બંધન કરે છે તે કહે છે. સત્વગુણ** – નિર્મળ હોવાથી જ્ઞાન ઉત્પન્ન કરનાર છે, નિરોગી રાખનાર છે તે જીવને જ્ઞાનનો તથા સુખનો સંગ કરાવે છે જેથી તે જીવ લૌકિક–વૈદિક સાધનો કરવા પ્રવૃત્ત થાય છે. જેથી તેના ફળરૂપે તેનો યોગ્ય યોનિમાં જન્મ થાય છે. સત્વગુણ મર્યાદા દ્વારા પુરુષને બંધન કરાવે છે.

તૃષ્ણા તથા આસક્તિથી ઉત્પન્ન થતા **રજોગુણ**ને રાગરૂપ જાણ. તે દેહીને કર્મના સંગથી બંધન કરાવે છે. સર્વ દેહીઓને મોહ ઉત્પન્ન કરનાર **તમોગુણને** અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો જાણ. તે પ્રમાદ, આળસ તથા નિદ્રાથી બંધન કરે છે. એટલે કે ટૂંકમાં સત્વ સુખમાં, રજ, કર્મમાં અને વિષયોમાં આસક્તિ કરાવે છે અને તમ જ્ઞાનને ઢાંકી પ્રમાદમાં આસક્તિ કરાવે છે. રજ–તમને ઢાંકી સત્વ; રજ–સત્વને ઢાંકી તમ અને તમ–સત્વને ઢાંકીને રજ (પ્રગટ) થાય છે. જે ગુણની વૃદ્ધિ જણાય તે બીજાને ઢાંકી પ્રગટ થાય છે તેમ કહેવાય. આ જે વૃદ્ધિ પામી પ્રગટ થાય તે જ ગુણ બંધનનું કારણ બને છે. પ્રકાશ તથા જ્ઞાન સત્વગુણનાં કાર્ય છે.

લોભ, નિષ્પ્રયોજન પ્રવૃત્તિ છે. કર્મો કરવામાં ઉદ્યોગ, અશાંતિ, સ્પૃહા તે બધા રજોગુણના કાર્ય છે. તથા અપ્રકાશ વ. તમોગુણના કાર્ય છે.

હવે **ફળ કહે છે** – સત્વગુણની વૃદ્ધિ વેળા મૃત્યુ થાય તો યોગી દેહ પ્રાપ્ત થાય અને ત્યાં પણ યથાર્થ સાધન કરી ઉત્તમ લોક પામે. રજોગુણની વૃદ્ધિ સમયે મૃત્યુ થાય ત્યારે કર્મમાં આસક્તિવાળા લોકોને ત્યાં જન્મ થાય તથા તમોગુણની વૃદ્ધિમાં જે મરણ પામે તે નીચલોક કે અસુરોમાં જન્મ પામે.

સત્વગુણથી થતાં સુકૃત કર્મનું ફળ સાત્વિક – નિર્મળ હોય છે. રજોગુણથી થતા રાજસ કર્મનું ફળ દુઃખ છે. તમોગુણથી તથા તામસ કર્મનું ફળ અજ્ઞાન છે.

ટૂંકમાં સત્વથી જ્ઞાન, રજો ગુણથી લોભ અને તમો ગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન થાય છે. વળી સત્વમાં રહેલા ઉપરના લોક સત્યલોકથી મોક્ષ પર્યંત જાય છે. રાજસોને લોભ હોવાથી મનુષ્યલોકમાં રહે છે અને તામસ નીચેના અતલ વ. અસુરોના સ્થાનમાં જાય છે.

**મોક્ષ** : હવે જ્યારે જીવ એમ જાણે છે કે માત્ર ગુણો જ પોતાને અનુકૂળ કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે અને આત્મા ગુણોથી પર છે ત્યારે તે અક્ષરબ્રહ્મને પ્રાપ્ત કરે છે અને જેથી તે ગુણોને અતીક્રમી જાય છે. અને જન્મ–મૃત્યુ–જરા–દુઃખથી મુક્ત થઈ મોક્ષને પ્રાપ્ત કરે છે. (૧૯–૨૦)

અર્જુન પૂછે છે કે જેને આ ત્રણે ગુણોને અતિક્રમણ કર્યા હોય તેના લક્ષણો કયા ? અને કયા ઉપાયોથી તેમ કરી શક્યો ?

ભગવાન – પ્રકાશ (સત્વ), પ્રવૃત્તિ (રજ) કે મોહ (તમ)માં પ્રવૃત્ત થયા હોય તેમનો પણ જે દ્વેષ કરતો નથી, તથા તેમાંથી જે નિવૃત્ત થયા હોય તેમના પ્રતિથી કંઈ આકાંક્ષા રાખતો નથી, જે ઉદાસીનની જેમ ગુણોથી ચલાયમાન થતો નથી, જે કંઈ કરે છે તે ગુણો જ કરે છે તેમ જે જાણે છે, જેને સુખ–દુઃખ સમાન છે, જેને વસ્તુ માત્ર સમાન છે, જે ધીર છે, નિંદા–સ્તુતિ, માન–અપમાન, મિત્ર–શત્રુ સર્વમાં સમ છે તે ગુણાતીત છે.

આ પ્રમાણે જ્ઞાન માર્ગીય ગુણાતીતના લક્ષણો કહ્યા. હવે ભક્તની વાત કહે છે કે ભક્તો કેવળ અનન્ય ભક્તિથી ગુણાતીત થાય છે. આવા અનન્ય ભક્તને બ્રહ્મભાવ અવાંતર ફળ તરીકે મળે છે. કારણ કે અમૃત (મોક્ષ), અવ્યય અક્ષર બ્રહ્મ (ધામ), શાશ્વત ધર્મ (ભગવદ ધર્મ), એકાંતિક સુખ (ભજનાનંદ) તે સર્વનું મૂળ હું જ છું.

અહીં શ્રીકૃષ્ણે સાંખ્યનું તાત્પર્ય ભગવાન પોતે છે તેમ કહ્યું આમ સાંખ્યની વિવૃત્તિ કરી. (૨૧–૨૭)

## અધ્યાય – ૧૫ પુરુષોત્તમયોગ

ગયા અધ્યાયમાં પુરુષને ગુણોના સંગથી પ્રકૃતિનો સંબંધ થવાથી આ વિચિત્ર જગત થાય છે તથા આ કાર્ય ભગવાને લીલાર્થે જ કર્યું છે, એમ સાંખ્યશાસ્ત્ર પ્રમાણે નિરૂપણ કરીને પ્રસંગોપાત ગુણોના વિભાગો વ. કહીને અંતે તે ગુણોની નિવૃત્તિ કરી વીરલ ભક્તિમાર્ગીય પુરૂષો અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ કરે છે તેમ કહ્યું.

હવે અક્ષરબ્રહ્મના આશ્રય એવા શ્રી **પુરુષોત્તમ ક્ષર અને અક્ષરથી અતીત છે.** સર્વ વેદાંતના તાત્પર્ય છે. ક્ષર, અક્ષર, બદ્ધ, મુક્ત સર્વના



મૂલરૂપ હોવાથી સર્વ ધર્મોના આશ્રય છે તથા ઉત્તમ છે એમ કહેવાનો આરંભ કરે છે. ગુણોની સૃષ્ટિમાં સત્–ચિત્ત–નામ–રૂપ સર્વ જ ભગવાનના સત્ તથા ચિદ્ અંશમાંથી ઉદ્ભૂત થયેલા હોવાથી ભગવત્ સ્વરૂપ હોવા છતાં ભજનીય નથી પરંતુ મૂળરૂપ પુરુષોત્તમ જ ભજનીય છે, તેવો બોધ કરવા માટે પ્રથમ પ્રપંચનું સ્વરૂપ કહે છે.

**પ્રપંચનું સ્વરૂપ** – અહીં જગતને પિંગળા સાથે સરખાવે છે. આ અશ્વત્થ ઊંચામૂળવાળો અર્થાત જેનું મૂળ શ્રી પુરુષોત્તમ સર્વથી ઊંચું છે તે નીચી શાખાઓવાળો છે એટલે કે જીવ વ. અશ્વત્થની શાખાઓ નીચી છે. તે ભગવાને રચેલો હોવાથી ભગવદ્રૂપ છે તેથી નિત્ય છે. વેદના મંત્રો આ અશ્વત્થના પાંદડાં છે. જેમ વેદના મંત્રો ભગવત્પ્રાપ્તિના ઉપાય દર્શાવી જીવોના તાપનું નિવારણ કરી સુખ આપે છે. જેમ પાંદડા છાંયો કરીને સુખ આપે છે. જે આવા પ્રપંચરૂપ અશ્વત્થને જાણે છે તે વેદને જાણે છે. પ્રપંચ કે જગતનું યથાર્થ જ્ઞાન થયા વિના વેદનું જ્ઞાન સંભવતું નથી. તેની શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે. અર્થાત વિવિધ જીવરૂપ શાખાઓ નીચે પ્રસરેલી છે અને લીલાવતારરૂપી શાખાઓ ઉપર પ્રસરેલી છે. આ શાખાઓ સત્વ વ. ગુણોથી સિંચાઈને વૃદ્ધિ પામેલી છે. તેમાં રૂપ વ. વિષયો પલ્લવરૂપે રહેલા છે. અને મનુષ્યલોકમાં તેના વાસનારૂપ મૂળ ફેલાઈ રહ્યા છે. આ મૂળો કર્મમાં પરિણામ પામે છે તેથી જેવાં કર્મ તેવા લોકોની પ્રાપ્તિ થાય છે.

હવે આ વાસનારૂપ મૂળોની સૃષ્ટિ કેવી છે તે કહે છે. આ અશ્વત્થનું ભગવાનની અલૌકિક ક્રિડારૂપ સત્યસ્વરૂપ અહીં થતું નથી. તથા તેમાં નિત્યપણાની સ્થિતિ પણ જણાતી નથી. તો પછી શું કરવું ? તો કહે છે જેના મૂળ બહુ દઢ થઈ ગયા છે તેવા આ સંસારરૂપી અશ્વત્થનો અનાસક્તિના દઢ શસ્ત્રથી છેદવો. ત્યારબાદ અક્ષરબ્રહ્મરૂપ ભગવદ્ ધામને શોધવું. શા માટે ? કેમ કે તેને પ્રાપ્ત કરેલો કોઈ પુનઃ આ સંસારમાં આવતો નથી. આ પદ કેવી રીતે પ્રાપ્ત થાય ? તો કહે છે શરણભાવથી ભગવાનની ભક્તિ કરવાથી આ પદ પ્રાપ્ત થાય છે.

**હવે ઉત્તમ / દેવી / મુમુક્ષુ જીવના લક્ષણ કહે છે.** – તેવાને માન–મોહનો અભાવ, સંગદોષનો અભાવ, આધ્યાત્મજ્ઞાન, નિવૃત્ત કામત્વ, સુખ દુઃખ વ. દ્વંદ્વનો અભાવ હોય ત્યારે તે પદ પ્રાપ્ત થાય છે. આ કહ્યા તે દોષોનો અભાવ તથા ગુણોની પ્રાપ્તિ ભગવાનને શરણે જવાથી થાય છે. અન્ય કોઈ રીતે પ્રાપ્ત થતા નથી. આ પદ અવ્યય છે. હવે આ અક્ષર કેવું છે ? તે પદ સ્વપ્રકાશ છે, ત્યાં સૂર્ય–ચંદ્ર કે અગ્નિના કારણે પ્રકાશ નથી. તે ભગવાનનું ઉત્તમ ધામ હોવાથી તે પદ પ્રાપ્ત કરી સંસારમાં કોઈ પાછો આવતો નથી.

**હવે જીવનું સ્વરૂપ કહે છે** – સચ્ચિદાનંદ પુરુષોત્તમનો જ સનાતન અંશ જીવલોકમાં જીવ થયેલો છે છતાં પણ તેનો આનંદ તિરોહીત થતાં અનાદિ કર્મરૂપ અવિદ્યાના આવેષ્ટનથી જીવલોકમાં જીવ થયેલો તે પ્રકૃતિના પરિણામ રૂપ દેવ, મનુષ્ય વ. સર્વ જ શરીરમાં રહેલી પાંચ જ્ઞાનેન્દ્રિયને તથા મનને ખેંચે છે. અર્થાત કર્મને અનુકૂળ કરે છે. જો કે કોઈક જ જીવ અવિદ્યાથી મુક્ત થઈ સ્વરૂપમાં રહે છે. જીવને દ્વૈત બુદ્ધિ હોવાથી તેને દુઃખ થાય છે. પરંતુ બ્રહ્મને દુઃખ થતું નથી. તે બ્રહ્મનો અંશ હોવાથી સજાતીય છે પણ સર્વથા બ્રહ્મ નથી. તે અંશીથી ન્યૂન શક્તિવાળો હોવાના કારણે તો અંશ કહેવાય છે. આ ભેદ પણ ઈશ્વરે પોતાની સહજ ઈચ્છાથી કરેલો છે.

આવો ઈંદ્રિયોનો ઈશ્વર જીવ જે શરીર પ્રાપ્ત કરે છે ત્યાં પોતાની સાથે આ મન તથા ઈંદ્રિયો એટલે કે લીંગ શરીરને લઈ જાય છે. જેમ વાયુ ગંધને લઈ જાય તે રીતે. જીવ આમને એટલા માટે લઈ જાય છે કે જેથી જીવ તેમનું અધિષ્ઠાન કરીને વિષયોને સેવે છે. જે લોકો મૂઢ છે એટલે કે દેહાભિમાનવાળા છે તે પ્રાકૃત મનુષ્યો આત્માને દેહથી ભિન્ન જાણતા નથી. પરંતુ જેને દેહ અને આત્માનું વિવેકરૂપ જ્ઞાન છે તે તેમને ભિન્ન જૂએ છે. **કોણ ભિન્ન જોઈ શકે છે ?** આવા વિવેકજ્ઞાનવાળાઓ પણ જ્યારે ચિત્તનો નિરોધ કરે તેઓ જ પ્રયત્ન કરીને તેને જોવાને યોગ્ય થાય છે. (૧–૧૧)

જીવ – દેહ વ. ના ભિન્નત્વનું જ્ઞાન આપી **હવે બ્રહ્મ વિષે કહે છે** કે આદિત્ય વ. ના પ્રકાશ વ. અચિત્ (સદ્) ના પરિણામો પણ મારી જ



વિભૂતિ છે તે જ રીતે પૃથ્વીની ધારણશક્તિ અને ચંદ્રમાં રહેલી પોષણશક્તિ પણ મારી જ છે. હું જ વૈશ્વાનર થઈ પ્રાણીઓના દેહનો આશ્રય કરી પ્રાણ અને અપાનથી યુક્ત થઈ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, પેય તેમ ૪ પ્રકારના અન્નને પાચન કરું છું. મેં જ સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો હોવાથી સર્વની સ્મૃતિ, જ્ઞાન, વિસ્મરણ પણ મારાથી જ થાય છે. સર્વનો અંતર્યામી હું હોવાથી તે સર્વ મારાં જ રૂપ હોવાથી તેઓનું વર્ણન કરનાર વેદ પણ મારું જ ગાન કરે છે. વેદોના નિર્ણયના સિદ્ધાંતરૂપ વેદાંતોને મારા વિના અન્ય કોઈ જાણતો નથી. મેં જ કૃષ્ણ દ્વૈપાયનને રૂપે વેદાંત સૂત્રો રચેલા છે. (૧૨–૧૫)

લોકોમાં ક્ષર અને અક્ષર બે પુરુષ છે. તેમાંથી કોઈ સ્ત્રી પ્રકૃતિવાળો એટલે કે જડ નથી. જે ક્ષર પુરુષ છે તે પણ સ્વરૂપથી અક્ષર જ છે. બ્રહ્માથી તૃણ પર્યંત સર્વ પ્રાણીઓ જેને જીવ કહે છે, ભગવાનના સદંશરૂપ પ્રકૃતિ સાથે સંસૃષ્ટ હોવાથી જે ઉત્પત્તિ વ. ક્રિયાના વિષય કહેવાય છે, તે ક્ષર પુરુષ છે.

જે અક્ષર છે તે સર્વ પ્રાણીઓના સમૂહમાં અંતર્યામી રૂપે રહેલો છે તેથી તેને કૂટસ્થ પણ કહે છે. તે અક્ષર ભગવદ્ધામ હોવાથી એકવચનરૂપે કહ્યું. (૧૬)

### પુરુષોત્તમનું સ્વરૂપ

આ ક્ષર તથા અક્ષરથી ભિન્ન, સર્વથી ઉત્તમ, સર્વના આશ્રયરૂપ મુખ્ય સ્વરૂપને પરમાત્મા કહે છે. તે ત્રણે લોકમાં પ્રવેશ કરીને તેમને ધારણ કરે છે છતાં તેમાં વિકૃતિ નથી માટે તે અવ્યય છે. હું ક્ષરથી અતીત તથા અક્ષરથી ઉત્તમ છું તેથી લોક તથા વેદમાં પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું. માટે સર્વત્ર મારું જ માહાત્મ્ય છે. જે મોહથી રહિત છે તેને જ મારા પુરુષોત્તમનું જ્ઞાન હોય છે. તથા તે સર્વાત્મભાવથી મારી સેવા કરે છે.

ભગવાન અર્જુનને કહે છે કે હે પપરહિત, સર્વ વેદાંતના સારરૂપ સર્વથી ગુહ્ય પુરુષોત્તમ યોગ નામનું શાસ્ત્ર તને કહ્યું. આ જાણીને હર કોઈ સામાન્ય માણસ પણ બુદ્ધિમાન શાસ્ત્ર તાત્પર્ય જાણવાવાળો થઈને કૃતકૃત્ય થાય છે. (૧૭–૨૦)

## અધ્યાય – ૧૬ દૈવાસુરસંપદવિભાગયોગ

ગયા અધ્યાયમાં શ્રી પુરુષોત્તમની સર્વાત્મભાવથી સેવા કરનાર તથા આપનાં જ્ઞાનવાળો બુદ્ધિમાન કૃતકૃત્ય થાય છે તેમ કહ્યું. તો શંકા થાય કે સૃષ્ટિના બધા બુદ્ધિમાનો કેમ કૃતકૃત્ય થવા પ્રયત્ન નથી કરતા ? તેનો જવાબ હતો 'મોહ રહિતતા' એટલે કે દૈવી સંપત. તેથી આ અધ્યાયમાં દૈવી સંપત તથા આસુરી સંપત કોને કહેવી ? તેનાં શું કાર્ય ? વ. નો બોધ કરે છે.

પ્રથમ ૩ શ્લોકથી **દેવી સંપદના ગુણો** કહ્યા છે તે આ છે. (૧) અભય (૨) અંતકરણની શુદ્ધિ (૩) જ્ઞાન તથા યોગમાં સ્થિતિ, (૪) દાન (૫) દમ (૬) યજ્ઞ (૭) સ્વાધ્યાય (૮) તપ (૯) ઋજુતા (૧૦) અહિંસા (૧૧) સત્ય (૧૨) અક્રોધ (૧૩) ત્યાગ (૧૪) શાન્તિ (૧૫) અપૈશુન (ચાડી ન કરવી) (૧૬) પ્રાણીઓ પ્રતિ દયા (૧૭) ભોગ ઈચ્છાથી મનને ચંચલ ન કરવું (૧૮) મૃદુતા (૧૯) લજ્જા (૨૦) ચપલતાનો અભાવ (૨૧) તેજ (૨૨) ક્ષમા (૨૩) ધૃતિ (૨૪) પવિત્રતા (૨૫) અદ્રોહ (૨૬) માનિત્વનો અભાવ. (૧–૩)

હવે **આસુરી સંપદના લક્ષણો કહે છે.** (૧) દંભ (૨) દર્પ (૩) અભિમાન (૪) ક્રોધ (૫) કઠોરતા (૬) અજ્ઞાન.

હવે **બંન્ને સંપદના કાર્ય કહે છે.**

દૈવી સંપદનું કાર્ય મોક્ષ અને આસુરી સંપદનું કાર્ય બંધ. ભગવાન કહે છે અર્જુન, તું શોક ન કર તું દૈવી છો. હવે **આસુરી સૃષ્ટિ** વિષે વિગતે કહે છે.

(૧) આ સૃષ્ટિ વેદમાં કહેલ પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગને જાણતા નથી. (૨) તેમનામાં પવિત્રતા, આચાર, સત્ય નથી હોતા. (૩) તેઓ જગતને અસત્ય એટલે કે માયાથી કે અજ્ઞાનથી કલ્પેલું માને છે. (૪) તેઓ જગતને બ્રહ્મમાં પ્રતિષ્ઠ નથી તેમ માને છે. (૫) તેઓ અનીશ્વરવાદી હોવાથી શ્રી પુરુષોત્તમના નિયામક વગરનું માને છે. (૬) તે પ્રકૃતિરૂપ સ્ત્રી તથા પુરુષના સંયોગથી જગતને ઉત્પન્ન થયેલું જાણે છે. તેથી તેઓ જગતને કામહૈતુક માને છે. (૭) તેઓ માને છે કે જગત મિથ્યા છે, અમો બ્રહ્મરૂપ છીએ પરંતુ અવિદ્યા સાથે સંબંધ થવાથી જીવો થયા છીએ



આમ તેઓ આત્માના યથાર્થ સ્વરૂપને નહિ જાણવાવાળા છે. (૮) તેઓ અલ્પબુદ્ધિવાળા (૯) હિંસક કાર્ય કરવાવાળા હોવાથી જગતના નાશ માટે જન્મેલા છે. (૧૦) દુષ્પુર કામનો આશ્રય કરવાવાળા (૧૧) દંભ, માન, તથા મદવાળા થઈ અપવિત્ર આચરણ કરવાવાળા (૧૨) મોહને લીધે અપેયનું પાન વ. અપવિત્ર આચરણ કરીને શુદ્રદેવતાઓના મંત્રનું આરાધન પોતાના મનોરથપૂર્તિ માટે કરે છે. (૧૩) તેઓ ખૂબ જ ચિંતાગ્રસ્ત રહે છે (૧૪) કામભોગને જ પરમ પુરુષાર્થ માને છે. જેથી આશાઓના સેંકડો બંધનોથી બંધ રહે છે. (૧૫) ભોગ પૂર્તિ માટે ચોરી, લૂંટ, હિંસા વ. અન્યાયી માર્ગે ધન પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે. (૧૬) આવા અજ્ઞાની એવી ભ્રાંતિમાં રહે છે કે, આ આજ મેં મેળવ્યું, આ મનોરથ હું પ્રાપ્ત કરીશ, આ મારૂં છે અને વળી આ ધન મારું થશે, આ શત્રુને મેં માર્યો અને બીજાઓને મારીશ, હું ઈશ્વર છું, હું સિદ્ધ બલવાન સુખી છું, હું ધનવાળો, કુળવાન છું, મારા જેવો બીજો કોણ છે ? હું યજ્ઞ, દાન, મોજ કરીશ. તેઓ આ મોહજાળમાંથી નીકળી શકતા નથી. તેવા કામ ભોગમાં આસક્ત રહે છે અને અંતે નરકમાં પડે છે. (૧૭) આત્મપ્રસંશા કરનારા, અનમ્ર, મોટાઈ અને મદવાળા, અહંકારી, અંતર્યામીનો દ્વેષ કરનારા, દંભને લીધે વિધિ પૂર્વક નહિ પણ દંભથી યજ્ઞ કરનારા હોય છે. (૪–૧૮)

### આસુરી જીવોને ફળ :

ભગવાન આવા એટલે કે દ્વેષી, ક્રૂર, અધમ, દુષ્ટ આસુરી જીવોને પુનઃ પુનઃ સંસારમાં નાખે છે તેવા જન્મોજન્મ આસુરી યોનિ પ્રાપ્ત કરીને અન્ધતમઃ રૂપ ગતિને પામે છે. એને ભગવાનની પ્રાપ્તિ થતી નથી. (૧૯–૨૦)

આવા આસુરભાવથી આત્મનાશ થવાનું મૂળ કારણ કામ, ક્રોધ અને લોભ છે માટે તે ત્રણેનો સંગ ત્યજવો. આનાથી મુક્ત થયેલા પોતાના શ્રેયરૂપ ભક્તિનું આચરણ કરી ઉત્તમ ગતિને પામે છે.

પરંતુ જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી સ્વચ્છંદતાથી વર્તન કરે છે તે પરમગતિને પામતો નથી. તેથી કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થા કરવામાં શાસ્ત્રને પ્રમાણ ગણવું અને શાસ્ત્રે વિદિત કરેલાં, કર્મ જાણીને અહીં કર્મ કરવું યોગ્ય છે. (૨૧–૨૪)

## અધ્યાય – ૧૭ શ્રદ્ધાત્રય વિભાગયોગ

ગયા અધ્યાયના અંતમાં કહ્યું કે જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી સ્વચ્છંદતાથી વર્તે છે તેને તત્ત્વજ્ઞાનરૂપ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. તે સંબંધે અર્જુન પ્રશ્ન પૂછે છે કે જેઓ શાસ્ત્રમાં કહેલી વિધિનો ત્યાગ કરી **સ્વચ્છંદતાથી કર્મ કરે પણ તે શ્રદ્ધાપૂર્વક કરે તો તેઓની નિષ્ઠા સાત્વિકી, રાજસી કે તામસી ગણાય ?**

**ભગવાન ઉત્તર આપે છે** કે આવી ત્રણ પ્રકારની શ્રદ્ધા પૂર્વનાં સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. સર્વની શ્રદ્ધા પોતાના અંતઃકરણને અનુરૂપ હોય છે. શ્રદ્ધાથી દેવ અથવા અસુર ભાવ જણાતો નથી પણ ગુણ જણાય છે. સાત્વિક શ્રદ્ધાની પ્રકૃતિવાળા દેવોનું યજન કરે છે. રાજસી રાક્ષસોનું અને તામસ ભૂત–પ્રેતનું યજન કરે છે. શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી સ્વચ્છંદતાથી વર્તનારા આસુરી જીવો દંભ, અહંકાર, કામ, રાગ વ. દુર્ગુણોવાળા જ્ઞાનશૂન્ય લોકો શાસ્ત્રમાં વિહિત ન હોય તેવા શરીરને કૃશ કરી નાખતા ઘોર તપ કરે છે જેથી તેઓ જ મારી આજ્ઞાનું પાલન નહિ કરતાં તેમના હૃદયમાંથી મને જ દૂર કરે છે. (૧–૬)

હવે શાસ્ત્રીય એટલે કે વૈદિક યજ્ઞ, આહાર, તપ દાન વ. પણ ત્રણ ગુણોના ભેદથી ત્રણ પ્રકારના છે.

**સાત્વિકોને** આયુષ્ય, જ્ઞાન, બલ, આરોગ્ય, સુખ અને પ્રીતિમાં વૃદ્ધિ કરનાર મધુરસવાળા, ઘીવાળા તથા સ્થિર પરિણામવાળા તથા હ્રદયને આનંદ કરે તેવા રૂચીકર આહારો પ્રિય હોય છે.

**રાજસને** તીખા, ખાટા, ખારા, બહુ ગરમ, તિક્ષ્ણ, લૂખા તથા દાહકારક આહાર કે જે દુઃખ, શોક, રોગ કરનાર છે તે પ્રિય છે. **તામસને** રસરહિત, ગંધાતું, વાસી, એઠું તથા અપવિત્ર ભોજન પ્રિય હોય છે.

હવે **યજ્ઞ** બાબતે કહે છે. યજ્ઞ કરવો જોઈએ એવો મનમાં નિશ્ચય કરી, ફળની આકાંક્ષા વગર વિધિ અનુસાર યજ્ઞ કરે તે **સાત્વિક** છે. ફળનું અનુષ્ઠાન રાખી તેમજ દંભને માટે પણ જે યજ્ઞ કરાય છે તે **રાજસ** જાણ.



વિધિરહિત, અન્નદાન રહિત, મંત્ર રહિત, દક્ષિણા રહિત તથા શ્રદ્ધા રહિત યજ્ઞને **તામસ** કહે છે.

હવે **તપના** ભેદ કહે છે. તપ પણ પાછા કાયિક, વાચિક અને માનસ તેમ પ્રકારના પણ છે.

દેવ, દ્વિજ, ગુરુ તથા પ્રાજ્ઞનું પૂજન, શુદ્ધતા, ઋજુતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ **શરીર તપ** છે.

ઉદ્વેગ ન કરે તેવું, સત્ય તથા પ્રિય અને હિતવચન તેમજ વેદનો અભ્યાસ એ **વાચિક તપ** કહેવાય.

મનની પ્રસન્નતા, સૌમ્યપણું, મૌન તથા મનનો નિગ્રહ અને ભાવની શુદ્ધતા એ **માનસ-તપ** કહેવાય.

ફળની આકાંક્ષા નહિ રાખનાર, યુક્ત પુરુષોએ, પરમ શ્રદ્ધાથી તપેલા તપને **સાત્વિક** કહે છે. સત્કાર, માન અને પૂજા માટે, દંભથી જે ચલ અને અધ્રુવ તપ કરે તે **રાજસ તપ** છે. મુર્ખાઈ ભરેલા દુરાગ્રહથી પોતાને પીડા કરી અથવા પારકાનો વિનાશ કરવા જે તપ કરાય છે તે **તામસ તપ** કહેવાય છે.

હવે **દાનના** ભેદ કહે છે – દાન કરવું જ જોઈએ એમ ધારી જે દાન ઉત્તમ દેશમાં, ઉત્તમ કાળમાં, અનુપકારી પાત્રને દેવાય તે **સાત્વિક દાન** છે. પ્રત્યુપકાર માટે અથવા ફળના ઉદ્દેશથી કે કલેશથી જે દાન દેવામાં આવે તે **રાજસી દાન** છે. અયોગ્ય દેશે તથા કાળમાં અપાત્રને જે દાન સત્કારપૂર્વક નહિ પણ તિરસ્કારપૂર્વક કરવામાં આવે તે **તામસ દાન** છે. (૭–૨૨)

ૐ તત્ સત્ એ ત્રણ શબ્દો વેદ અથવા પુરુષોત્તમને માટે શ્રુતિએ યોજેલા છે. આ ત્રણ બ્રહ્મના નામનો ઉચ્ચાર કરવા પૂર્વે એટલે કે સૃષ્ટિના સર્ગ પ્રસંગે બ્રહ્મનો ઉચ્ચાર કરવા માટે, જેનો ઉચ્ચાર થવાનો છે તે વેદો અને ઉચ્ચાર થયા પછી કરવાના કાર્યરૂપ યજ્ઞો નિર્મેલા છે. ૐ એ બ્રહ્મના અભિધાનનો ઉચ્ચાર કરી બ્રહ્મવાદીઓ શાસ્ત્રમાં કહેલી યજ્ઞ, દાન તથા તપરૂપ ક્રિયાઓ લૌકિક ફળની ઈચ્છા વિના તત્ નામનો ઉચ્ચાર કરે છે.

સદ્ભાવમાં તથા સાધુભાવમાં સત્ એ શબ્દ યોજાય છે. તેમજ પ્રશસ્ત કર્મમાં સત્ શબ્દ યોજાય છે. યજ્ઞ, તપ તથા દાનમાં સ્થિતિ હોય તેને પણ સત્ કહે છે. તેને માટે કર્મ કરવામાં આવે તે પણ સત્ કહેવાય અર્થાત તે સર્વ કર્મ પણ ભગવદ્રૂપ છે તથા અશ્રદ્ધાથી હોમેલું, દાન કરેલું, તપ કરેલું સર્વ અસત્ યા તો વ્યર્થ છે કારણ તે આ લોક કે પરલોકમાં ફળતું નથી. (૨૩–૨૫)

## અધ્યાય – ૧૮ મોક્ષ સંન્યાસયોગ

આ અધ્યાયમાં અર્જુન **સંન્યાસ અને ત્યાગના** એક સરખા અર્થ લાગવા છતાં **શું ભેદ છે** તે જાણવા માંગે છે.

ભગવાન પ્રત્યુત્તર આપે છે (૧) વેદ વિહિત કહેલા સર્વ કામ્ય કર્મ કરવા જ નહિ તેને કવિઓ અથવા યોગીઓ **સંન્યાસ** કહે છે. (૨) તથા નિત્ય–નૈમિત્તિક તથા કામ્ય સર્વ કર્મોના વેદ વ. શાસ્ત્રોમાં કહેલા ફળના ત્યાગને તેઓ **ત્યાગ** કહે છે. (૩) સાંખ્યવાદી બુદ્ધિમાનો માને છે કે હિંસા વ. દોષવાળા માત્ર કર્મો ત્યજવા, દોષરહિત કર્મોને ત્યજવાની જરૂર નથી. (૪) બીજા બુદ્ધિમાન મિમાંસકો માને છે કે કર્મ તથા કર્મફળ કોઈનો પણ ત્યાગ કરવો નહિ.

આ અન્યોના મત કહ્યા પછી ભગવાન પોતાનો મત કહે છે – ત્યાગ ત્રણ પ્રકારના છે. સાત્વિક, રાજસ અને તામસ. શ્રુતિ પ્રમાણે યજ્ઞ ભગવત્ સ્વરૂપ હોવાથી યજ્ઞ, દાન તથા સ્વધર્મના આચરણરૂપ તપ તે ત્રણેનો ત્યાગ ન કરવો કેમ કે આ કર્મો બુદ્ધિમાનોને પણ પાવન કરનારા છે. (બુદ્ધિમાનો કહે છે કે કર્મ દોષવાળા છે તેમનો ત્યાગ કરવો) માટે કર્મ કરવા પરંતુ કર્મના ફળનો ત્યાગ કરવો તે મારો નિશ્ચિત ઉત્તમ મત છે. હવે **૩ પ્રકારના ત્યાગ** કહે છે.

**તામસ ત્યાગ** – નિયમપૂર્વક કરવાનાં કર્મ વેદે કહેલા છે તેનો સ્વરૂપથી ત્યાગ ઉચિત નથી છતાં તમોગુણના પરિણામ રૂપ મોહથી તેનો જો ત્યાગ કરવામાં આવે તો આવો ત્યાગ તામસ કહેવાય છે.

**રાજસ ત્યાગ** – કર્મ કરવામાં કાયાને પણ કષ્ટ થાય છે આવા વિચારથી જે કર્મનો ત્યાગ કરે તે રાજસ ત્યાગ છે.



**સાત્વિક ત્યાગ** – કર્મ કરવું જ જોઈએ એવા જ વિચારથી જે નિયત કર્મ, સંગ તથા ફળનો ત્યાગ કરી કરવામાં આવે તો તેને સાત્વિક ત્યાગ કહે છે.

**સાત્વિક ત્યાગ કરનારના લક્ષણ :**

તેવા જન અનિષ્ટ ફળ આપનાર કર્મનો દ્વેષ કરતા નથી કે ઈષ્ટ ફળ આપનાર કર્મમાં આસક્ત થતો નથી. દેહધારીને સંપૂર્ણ રીતે કર્મોનો ત્યાગ શક્ય ન હોવાથી, જેણે કર્મના ફળનો ત્યાગ કરેલો છે તે ત્યાગી કહેવાય છે. જેઓએ આ રીતે કર્તુપણાનો તથા મમતાના અભિમાનનો તથા કર્મના ફળ નો ત્યાગ કરેલો છે તેઓને મરણ પૂર્વે કે પછી કોઈ સમયે કર્મના ફળ પ્રાપ્ત થતા નથી. તેમને કર્મનું મોક્ષ વિરોધી ફળ કદાપિ થતું નથી. તે માટે કર્મમાત્રનું કારણ સત્વાદિ ગુણો જ છે. અથવા તેના આદિકારણરૂપ દૈવ અથવા હરિ જ છે એમ જાણે ત્યારે જ જીવની કર્મમાંથી તથા કર્મફળમાંથી મમતા દૂર થાય છે.

**કર્મની સિદ્ધિના પાંચ કારણો** – સાંખ્યમાં બતાવેલા છે. માણસ શરીર, વાણી તથા મનથી જે કર્મ કરે છે તેના પાંચ હેતુ છે. (૧) અધિષ્ઠાન – **શરીર** પ્રથમ કારણ છે. (૨) કર્તા એટલે અહંકારવાળો **જીવાત્મા** (૩) કરણ – એટલે મન સહિત **ઈંદ્રિયો** (જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો) (૪) વિવિધ પ્રકારની ચેષ્ટાઓ અથવા **વૃત્તિઓ** (૫) દૈવ – અંતર્યામિ કર્તા બાબતે અજ્ઞાની – કર્મના હેતુરૂપ પાંચ કર્તા થાય. તેમાં મુખ્ય સ્વતંત્ર કર્તા અંતર્યામી છે. તેથી વિપરીત મતિવાળો અજ્ઞાની છે. કર્તા બાબતે જ્ઞાની – જે મુખ્ય કર્તા પરમાત્માને માનતો હોવાથી જેનું 'હું કર્તા છું' તેવું અભિમાન જતું રહ્યું છે તેને કર્મફળ બંધાતું નથી.

**કર્મની વિધિ** – જ્ઞાન, જ્ઞેય કર્તવ્ય, પરિજ્ઞાતા (કર્મને જાણનાર) **અથવા** જ્ઞાન = ફળના સ્વરૂપના જ્ઞાન પૂર્વક તે ઈશ્વરને આધીન છે તેવું જ્ઞાન. જ્ઞેય = ફળના સાધનરૂપ કર્મ, પરિજ્ઞાતા = જ્ઞાન તથા જ્ઞેયનું સ્વરૂપ જાણનાર. (૧–૧૮)

કર્મની પ્રેરણા ત્રણ પ્રકારની છે. વેદ ત્રૈગુણ્ય વિષયક છે. કરણ = કર્મના સાધનભૂત ઈંદ્રિયો તથા દ્રવ્ય. કર્મ = યજ્ઞ વ. ક્રિયા, કર્તા = યજ્ઞ વ. ક્રિયા કરનાર. એમ ત્રણ પ્રકારનો કર્મ સંગ્રહ છે.

**ગુણોના ભેદથી** જ્ઞાન, કર્મ અને કર્તાને પણ સાંખ્ય શાસ્ત્રમાં ત્રણ પ્રકારના કહેલા છે. હવે જ્ઞાનનો ભેદ કહે છે.

**સાત્વિક જ્ઞાન** – વર્ણ આશ્રમમાં વિભક્ત સર્વ ભૂતોમાં અવિભક્ત અવ્યય ભાવને જેનાથી જૂએ તે જ્ઞાન સાત્વિક જ્ઞાન.

**રાજસ જ્ઞાન** – સર્વ ભૂતોમાં રહેલા જુદા જુદા પ્રકારના જુદા જુદા ભાવોને જુદા તરીકે જાણે તે રાજસ જ્ઞાન.

**તામસ જ્ઞાન** – જે ભૂત–પ્રેતના આરાધનરૂપ એક જ કાર્યમાં જાણે કે તે સર્વ ફળ આપનાર હોય તેમ લાગતું હોય, જે તત્વાર્થ રહિત, નિષ્પ્રયોજન તથા અલ્પ હોઈ તામસ જ્ઞાન છે.

હવે **કર્મના ત્રણ ભેદ** કહે છે.

**સાત્વિક કર્મ** – ફળની ઈચ્છા નહિ રાખનારે, આસક્તિ વિના તથા રાગ દ્વેષ વિના જે નિયત કર્મ કરેલું હોય તે સાત્વિક કર્મ.

**રાજસ કર્મ** – ફળની ઈચ્છાથી અથવા 'હું આ કર્મનો કર્તા છું' તેવા અહંકારથી બહુ શ્રમવાળું જે કર્મ કરવામાં આવે તે રાજસ.

**તામસ કર્મ** – શુભ–અશુભ ફળ (અનુબંધ)નો વિચાર કર્યા વગર મોહથી જે જે કર્મ આરંભાય તે તામસ કર્મ.

હવે કર્તાના ૩ ભેદ કહે છે.

**સાત્વિક કર્તા** – સંગથી રહિત, અહંકાર રહિત, ધૃતિ અને ઉત્સાહ વાળો, સિદ્ધિ તથા અસિદ્ધિમાં વિકાર રહિત તે સાત્વિક કર્તા છે.

**રાજસ કર્તા** – રાગવાળો, કર્મ ફળની ઈચ્છાવાળો, હિંસા કરનાર, અપવિત્ર તથા કર્મના શુભ–અશુભ ફળથી હર્ષ શોક પામનાર રાજસ કર્તા છે.

**તામસ કર્તા** – શાસ્ત્રીય કર્મ કરવાનો અધિકાર હોવા છતાં જે કર્મ કરતો નથી, હલકાં અથવા વિકર્મ કરનાર, કર્મના આરંભમાં જ શિથિલ, વ્યભિચાર વ. કર્મમાં રૂચિવાળો, વંચક, આળસુ, વિષાદ કરનાર, કર્મમાં લંબાણ કરનાર કર્તા તામસ છે.



કર્મ = જ્ઞાતાના ભેદ કહ્યા, કર્મ = જ્ઞેયના ભેદ કહ્યા. હવે કરણના ભેદ કહેવા માટે નિશ્ચયાત્મક બુદ્ધિ તથા ધૃતિનાં ભેદ કહે છે.

**સાત્વિક બુદ્ધિ** – અભ્યુદયના સાધનરૂપ ધર્મ અને મોક્ષના સાધનરૂપ ધર્મ વ. પ્રવૃત્તિ – નિવૃત્તિ, કાર્ય – અકાર્ય, ભય – અભય તથા બંધ – મોક્ષને જે બુદ્ધિ જાણે છે તે સાત્વિકી છે.

**રાજસ બુદ્ધિ** – ધર્મ–અધર્મ–કાર્ય અને અકાર્યને જે બુદ્ધિથી માણસ યથાર્થ રીતે જાણતો નથી તે બુદ્ધિ રાજસી છે.

**તામસ બુદ્ધિ** – અજ્ઞાનથી વિંટાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ અને તેમ સર્વ અર્થોને ઉલટા માને છે તે તામસ બુદ્ધિ છે.

ધૃતિ એટલે દેહ વ. ધારણ કરવાની ક્રિયા.

**સાત્વિકી ધૃતિ** – યોગથી, અવ્યભિચારીણી જે ધૃતિથી મન, પ્રાણ તથા ઈંદ્રિયોની ક્રિયાઓને ધારણ કરે છે તે સાત્વિકી ધૃતિ છે.

**રાજસી ધૃતિ** – જે ધૃતિથી કર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગને ધારણ કરે છે અને 'હું કર્તા છું' એવી આસક્તિ રાખી, ફળની આકાંક્ષા રાખે છે તે રાજસી ધૃતિ છે.

**તામસી ધૃતિ** – દુર્બુદ્ધિવાળો, જેનાથી નિદ્રા, ભય, શોક, વિષાદ તથા મદને તજાતો નથી તે તામસી ધૃતિ છે.

હવે સુખના પ્રકાર કહે છે. તે સુખના લાંબા સમયના અભ્યાસથી રતિ પામે છે તથા સંસારાદિ દુ:ખો નાશ પામે છે.

**સાત્વિક સુખ** – જેમ યોગ વ. માં આરંભમાં કઠીન લાગે પણ પરિણામે અમૃત સમાન હોય તેવું પોતાની બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થતું સુખ સાત્વિક કહેલું છે.

**રાજસ સુખ** – વિષય અને ઈંદ્રિયોના સંયોગથી જે આરંભમાં અમૃત જેવું લાગે અને પરિણામે વિષ રૂપ હોય તે રાજસ સુખ.

**તામસ સુખ** – જે સુખ આરંભમાં તથા અનુભવ વખતે પોતાને મોહ કરનારું છે અને નિદ્રા આલસ્ય તથા પ્રમાદથી ઉત્પન્ન થયેલ છે તામસ સુખ. (૧૯–૩૯)

<u>વર્ણભેદ</u> – ભૂતલ ઉપરના પ્રાણી માત્ર તથા સ્વર્ગના દેવો પણ પ્રાકૃત ત્રિગુણમય છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્રોના કર્મોના સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણોથી વિભાગ કરેલા છે. દરેક પૂર્વ કર્મના સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો પ્રમાણે કર્મના વિભાગ કરેલા છે. બ્રાહ્મણો સાત્વિક છે, ક્ષત્રિયો સાત્વિક – રાજસ છે. વૈશ્યો રાજસ – તામસ છે અને શુદ્રો તામસ છે. આ વિભાગનું કારણ પણ તેઓના પૂર્વના કર્મો જ છે. આ ગુણોથી તેમના કર્મના વિભાગ કરેલા છે.

<u>બ્રાહ્મણ</u> – શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, જ્ઞાન–વિજ્ઞાન અને આસ્તિક્ય એ સ્વભાવથી થયેલા બ્રાહ્મણના કર્મ છે.

<u>ક્ષત્રિય</u> – શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય, યુદ્ધમાંથી પાછા ન હઠવું, દાન અને ઐશ્વર્ય એ ક્ષત્રિયોના સ્વભાવથી થયેલા કર્મ છે.

<u>વૈશ્ય</u> – ખેતી, ગોરક્ષા, વેપાર એ સ્વભાવથી વૈશ્યના કર્મ છે.

<u>શુદ્ર</u> – પરિચર્યારૂપ સ્વભાવથી કર્મ શુદ્રનું છે.

<u>આ સ્વાભાવિક કર્મોનું પ્રયોજન</u> – પોત પોતાના કર્મમાં આનંદ માનનારને સંસિદ્ધિ પ્રાપ્ત થાય છે. માટે પરધર્મનું આચરણ યોગ્ય નથી. ભગવાનના સ્વરૂપ એવા અક્ષરબ્રહ્મમાંથી આ સર્વ ભૂતોની ઉત્પત્તિ થઈ છે. માટે તે અક્ષરબ્રહ્મનું પોતાના સ્વધર્મરૂપ કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. માટે જ સારી રીતે આચરેલા પરધર્મ કરતાં સ્વભાવથી નિયત થયેલું પોતાનું કર્મ કરવાથી પાપ થતું નથી. કર્મનિષ્ઠા જ ઉત્તમ છે. આ સહજકર્મ કદાચ દોષવાળું જણાય તો પણ તજવું યોગ્ય નથી. કારણ કે પરધર્મમાં પણ દોષ તો છે જ. સર્વ ધર્મો દોષથી વિંટાયેલા છે અથવા દોષનો અર્થ દુઃખ કરીએ તો સર્વ કર્મના આરંભો દુઃખવાળા છે. પરંતુ પાછળથી અગ્નિ ધૂમરહિત પ્રકાશમાન થાય છે તેમ દુઃખમય સ્વધર્મ પણ અંતે સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. (૪૦–૪૮)

પૂર્વે કહેલા સાંખ્ય તથા યોગના એકાર્થનું સ્મરણ કરાવે છે. જેની બુદ્ધિ એટલે ચિત્ત કોઈ સ્થળે આસક્ત થતું નથી, જેને મન જીતેલું છે અને



જેને કોઈ કર્મના ફળની સ્પૃહા નથી તેવો પુરુષ સંન્યાસથી નૈષ્કર્મ્યરૂપ પરમસિદ્ધિને પ્રાપ્ત કરે છે. અહીં અનાસક્તિ કહી તે સાંખ્ય તથા મનને જીતી સ્પૃહાનો અભાવ તે યોગ.

હવે આ નૈષ્કર્મ્યરૂપ સિદ્ધિ જેને પ્રાપ્ત કરેલી હોય તે **જીવતાં જ** અક્ષરબ્રહ્મને કેવી રીતે પ્રાપ્ત કરે તે ટૂંકમાં કહે છે.

**બ્રહ્મભાવ માટે અધિકારી** – વિશુદ્ધ બુદ્ધિવાળો, ધૃતિથી આત્માનું નિયમન કરી, શબ્દ વ. વિષયોનો ત્યાગ કરી, રાગ તથા દ્વેષ દૂર કરી, એકાંતનું સેવન કરનાર, અલ્પ આહારવાળો, જેને વાણી કાયા અને મનને વશ કરેલા છે, નિત્ય ધ્યાન–યોગમાં તત્પર, વૈરાગ્યનો આશ્રય કરનાર, અહંકાર, બળ, દર્પ, કામ, ક્રોધ અને અપરિગ્રહનો ત્યાગ કરી મમતારહિત તથા શાંત રહેનાર બ્રહ્મભાવ માટે યોગ્ય છે. (૪૯–૫૩)

ભગવાન કહે છે – ઉપર કહ્યો તેવો બ્રહ્મભાવ પામેલો કોઈ પણ પ્રકારની આકાંક્ષા રાખતો નથી. પરંતુ તે સર્વ ભૂતો પ્રતિ સમાન હોય છે. તેથી તે પરાભક્તિ એટલે ભગવાનની ભક્તિને પામે છે. (અક્ષરબ્રહ્મભાવથી પણ જે ઉત્તમ છે તે) આ ભક્તિથી તે મારા યથાર્થ સ્વરૂપને જાણે છે. આમ તે મને મારી નિર્ગુણાભક્તિથી જાણે છે. આ પ્રમાણે મારું યથાર્થ જ્ઞાન થયા પછી મારામાં એટલે પુરુષોત્તમમાં જ પ્રવેશ કરે છે.

હવે જેમ ઉપર કહ્યું તેમ ભક્તિથી શ્રીપુરુષોત્તમનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને તેને **પુરુષોત્તમના સાયુજ્યનું ફળ** પ્રાપ્ત થાય છે. જ્યારે મારો આશ્રય રાખી સ્વકીયધર્મરૂપ લૌકિક વૈદિક સર્વ કર્મો મારી પ્રેરણાથી કરે છે તે પણ મારી કૃપાથી **અક્ષરબ્રહ્મરૂપી નિત્ય અવ્યય પદ** પ્રાપ્ત કરે છે. આમ બન્નેમાં ફળમાં ભેદ બતાવ્યો તેથી તું પણ મને આધીન રહીને કર્મ કર, તો તને બંધન નહિ થાય પરંતુ જો અહંકારના કારણે આ મારા ઉપદેશને સાંભળીશ નહિ તો પ્રાકૃત જીવની પેઠે તારો વિનાશ થશે.

તારો યુદ્ધ નહિ કરવાનો નિશ્ચય જ વ્યર્થ છે કેમ કે મારી આજ્ઞાકારી પ્રકૃતિ તારી ઈચ્છા વિરૂદ્ધ પણ તને તે કર્મમાં પ્રયોજશે. અને આખરે તું જે મોહના કારણે નથી કરવા ઈચ્છતો તે લાચાર બનીને કરશે. આ સર્વ જીવો

મારી ઈચ્છા મુજબ જ વર્તે છે તેમને હું માયાથી ભ્રમણ કરાવું છું. માટે તું મારા શરણે રહી પ્રકૃતિને વશ કર્મ કરવાને બદલે મારી આજ્ઞા માન. મેં તો તને શાસ્ત્રોના સાર રૂપ જ્ઞાન કહ્યું. હવે તને યોગ્ય લાગે તે કર.

આ હિતકારી વચનો તને એટલા માટે કહ્યા છે કે તું મને ખૂબ જ પ્રિય છે. ફરી અર્જુનને કહે છે કે તું નિઃસંદેહ થઈને મારામાં મન રાખ, મારો ભક્ત થા, મને નમસ્કાર કર. તને હું નિઃસંદેહ સત્ય ઉત્તમ એવા ભક્તિમાર્ગે જ દોરૂં છું. તેથી શરણધર્મથી વિરોધી એવા સર્વ ધર્મોને ત્યાગીને તું મને એટલે કે ધર્મના શરણે આવ. (ધર્મી ભગવાનનો આશ્રય થયા પછી તેની ભક્તિ વિરૂદ્ધના સર્વ ધર્મો ગૌણ થઈ જાય છે.) તેને અન્ય ભજનમાંથી ભગવાન મુક્ત થવાનું કહે છે અને પોતે સર્વ જવાબદારી તેની સ્વીકારી લે છે. (૫૪–૬૬)

ઉપર કહ્યો તે ભગવાનનો સર્વોત્તમ ઉપદેશ હતો. તેની ઉત્તમતા હવે સિધ્ય કરે છે.

આ રીતે ગીતાનો શાસ્ત્રાર્થ પૂરો કરી **તેના અનધિકારી કોણ ?** તે કહે છે – સ્વઆચારહીન, મારી ભક્તિ રહિત, શ્રવણ કરવાની ઈચ્છા વગરનાને, ભગવાન પર દોષારોપણ કરનારને મારો આ ઉપદેશ કદાપી કહેવો નહિ.

પરંતુ જે આ કહ્યા તે દોષોથી રહિત મારા ભક્ત છે તેમને તું જો આ ઉપદેશ કહીશ તો તેનાથી મારું વિશેષ પ્રિય કરનાર કોઈ નથી અને તેનાથી અન્ય કોઈ મને વિશેષ પ્રિય નથી તેમ હું જાણીશ. અને જે કોઈ આ ગીતાના સંવાદનું શાસ્ત્રનું (અર્થ સમજ્યા વગર પણ) પાઠ કરશે તેને મને જ્ઞાનયજ્ઞથી પૂજ્યો છે અને જે શ્રદ્ધાવાળો અથા અસૂયારહિત માત્ર શ્રવણ કરશે તે પણ મુક્ત થઈ પુણ્યકર્મવાળા શુભ લોકમાં જશે. ભગવાન અર્જુન પાસેથી ખાત્રી મેળવે છે કે હવે તો તારા અજ્ઞાનથી થયેલા મોહનો નાશ થયો ને ? (૬૭–૭૨)

ત્યારે અર્જુન જવાબ આપે છે – આપની કૃપાથી સંપૂર્ણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રકૃતિના કાર્યો અનાત્મા છે. તેમાં આત્માના અભિમાનરૂપ



મોહનો નાશ થયો. આત્મા પ્રકૃતિ સ્વભાવ રહિત માત્ર જ્ઞાતા છે. આત્મા તથા અક્ષર બ્રહ્મના ઐક્યનું જ્ઞાન, તેથી પણ ઉત્તમ અલૌકિક ગુણોના સમૂહવાળા પ્રભુ પુરુષોત્તમ છે. તેમની પ્રાપ્તિ માત્ર તેમના અનુગ્રહથી જ થાય છે. તે પુરુષોત્તમ આપ પ્રભુ વાસુદેવ છો. આ સર્વ સ્મૃતિરૂપ જ્ઞાન મને પ્રાપ્ત થયું. સાંખ્યના ઉપદેશથી મારા સર્વ મોહનો નાશ થયો છે અને યોગના ઉપદેશથી મને સ્મૃતિની પ્રાપ્તિ થઈ છે. હવે હું આપની આજ્ઞા પ્રમાણે ચાલીશ. (૭૩)

સંજય કહે છે આ કૃષ્ણ–અર્જુનનો સંવાદ શ્રી વ્યાસજીની કૃપાથી પ્રાપ્ત થયેલા દિવ્ય ચક્ષુ–નેત્રોના કારણે સાંભળ્યો. ફરી ફરી તે યાદ કરતાં મને ખૂબ હર્ષ થાય છે. આવા શ્રી હરિનું અલૌકિક સાંભળીને મને વિસ્મય થાય છે. હવે મને શંસય નથી રહ્યો કે યુદ્ધમાં કોણ જીતશે ? કેમ કે જ્યાં શ્રીકૃષ્ણ અને ધનુર્ધર પાર્થ છે ત્યાં જ વિજય થવાનો છે. (૭૪–૭૮)

## બડેનકી વાણી પુષ્પ–૧૩ ના 'ચતુઃશ્લોકી' પ્રશ્નપત્રના ઉત્તરો

| પ્રશ્ન | ઉત્તર | પ્રશ્ન | ઉત્તર | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૧૧ | ૩ | ૨૧ | ૩ |
| ૨ | ૩ | ૧૨ | ૩ | ૨૨ | ૩ |
| ૩ | ૩ | ૧૩ | ૨ | ૨૩ | ૩ |
| ૪ | ૩ | ૧૪ | ૩ | ૨૪ | ૩ |
| ૫ | ૩ | ૧૫ | ૩ | ૨૫ | ૩ |
| ૬ | ૩ | ૧૬ | ૩ | | |
| ૭ | ૩ | ૧૭ | ૩ | | |
| ૮ | ૩ | ૧૮ | ૩ | | |
| ૯ | ૩ | ૧૯ | ૩ | | |
| ૧૦ | ૨ | ૨૦ | ૨ | | |

કમલતંતુ સોં છીન અરુ કઠિન ખડગ કી ધાર
અતિ સુધો ટેઢો બહુરિ, પ્રેમપંથ અનિવાર
શાસ્ત્રન પઢી પંડિત ભયે કૈ મૌલવી કુરાન
જુ પૈ પ્રેમ જાન્યો નહીં કહા કીયો રસખાન.
પ્રેમ પ્રેમ સબ કોઉ કહૈં કઠીન પ્રેમ કી ફાંસ
પ્રાન તરફી નિકરૈ નહિં કેવલ ચલત ઉસાંસ
પ્રેમ હરિ કો રૂપ હૈ ત્યાં હરિ પ્રેમ સ્વરૂપ
એક હોઈ દ્વૈ યોં લસૈં જયોં સૂરજ અરૂ ધૂપ.

**રસખાન (પ્રેમવાટિકામાંથી)**

---

**પ્રિન્ટેડ બુક**

**Not published on a regular bases**
**Posted under post office guide clause 2.16**

**પ્રતિ શ્રી,** ____________________

____________________

____________________

____________________


**રવાના : શ્રીવલ્લભઆજ્ઞાનુવર્તિની સમિતિ**
**કાર્યાલય :** ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે,
ભરૂચ - ૩૯૨ ૦૦૧.
ફોન નં. : ૦૨૬૪૨-૨૨૯૦૪૮




# બડેનકી વાણી

## પુષ્પ-૧૪

**શ્રીનાનુલાલ ગાંધી વિવેચીત**

## શ્રીમદ્ ભગવદ્ગીતા સારાંશ



સર્વ ધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ ।।
અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિસ્યામિ મા શુચઃ ।।૧।।

ભાવાર્થ : સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણ આવ. હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ. શોક કર નહિ.

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | – | બડેનકી વાણી પુષ્પ ૧૪ |
| **પ્રકાશક** | – | શ્રીવલ્લભ આજ્ઞાનુવર્તિની સમિતિ |
| **કાર્યાલય** | – | ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ–૩૯૨ ૦૦૧. ટે.નં. (૦૨૬૪૨) ૨૨૯૦૪૮ |
| **ન્યોછાવર** | – | નિઃશુલ્ક વિતરણાર્થ |
| **મૂલ્ય** | – | શ્રીવલ્લભના પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંતોનો હૃદયપૂર્વક સ્વીકાર તથા આચરણ માટે પ્રતિબદ્ધતા |
| **પ્રકાશન** | – | સપ્ટેમ્બર ૨૦૧૧ |

**પ્રવૃત્તિ તથા ઉદ્દેશ્ય**

સત્સંગ – સ્વમાર્ગીય ગ્રંથ પ્રવચનમાળા તથા ગ્રંથાભ્યાસ – સેવોપયોગી સામગ્રી શિખવાના વર્ગ – કીર્તન શીખવાના વર્ગ – પરીક્ષાકેન્દ્ર – પુસ્તક પ્રકાશન – ગ્રંથાલય (પુસ્તક, સીડી, કેસેટ) – ગ્રંથો મંગાવી આપવા તથા ઓછી કિંમતે આપવા – સ્વમાર્ગીય યાત્રા – રૂબરૂ મુલાકાતથી સમજણ સ્પષ્ટ કરવી.

**આયોજીત પ્રવચનમાળા :**

ગો. શ્રી દ્વારકેશલાલજી (કામવન–સુરત) સિદ્ધાંત મુક્તાવલી
ગો. શ્રી રાજેશકુમારજી (અમદાવાદ–કડી) નવરત્ન
ગો. શ્રી શરદકુમારજી (માંડવી–કચ્છ) સિદ્ધાંત રહસ્ય–ભક્તિવર્ધિની
પુ.પ્ર.મ. ભેદ, વિવેકધૈર્યાશ્રય, અંતઃકરણ પ્રબોધ
ગો. શ્રી યોગેશકુમારજી (મુંબઈ–કામવન–ગોકુલ) ચતુશ્લોકી–બાલબોધ
ગો. શ્રી મનોજકુમારજી (મુંબઈ–વસઈ) કૃષ્ણાશ્રય, જલભેદ, પંચપદ્યાનિ
નેશનલ શિબિર – પુષ્ટિઅસ્મિતા વિષય પર

**વિશેષ માહિતિ માટે :**

| | | |
|---|---|---|
| દેવેન્દ્રભાઈ શાહ | ભરતભાઈ શાહ | અંજુબેન મારફતિયા |
| ૯૪૨૮૧ ૭૬૩૦૨ | ૯૪૨૨૮ ૭૯૨૭૩ | (૦૨૬૪૨) ૨૪૧૭૪૬ |

**For Private Circulation Only**
નિયમિત રૂપમાં પ્રકાશિત થતું નથી.
લેખની જવાબદારી લેખકની છે, પ્રકાશકની નહિ.



# પ્રેમલક્ષણા ભક્તિ

પાઓ પ્રેમરસ પ્રાણ આધાર રે, દીન થઈ જાચું રે
મુક્તિ મારગીને આપજો જ્ઞાન, હું તો નહિ રાચું રે
રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે
અમે રાજના ખાસા ખવાસ રે, મુક્તિ મન નાવે રે
નયને નિરખું નટવર રૂપ રે, હોંશ હૈયામાંથી રે
મનમાન્યું ન મળે સુખ એ એકાંતમાં કયાંથી રે
દુષ્ટ જીવને કહે છે બ્રહ્મ રે બ્રહ્મને અલેખે રે
છતે સ્વામીએ સૌભાગ્યનું સુખ એ સ્વપ્ન ન દેખે રે
દિવ્ય રૂપે છો સદા સાકાર રે આનંદના રાશી રે
બોલે અનુચિત માયિક મૂઢ એ નરકના વાસી રે
વિના લાલચનું વ્હાલ મુને લાલ રે અવિચળ આપો રે
વિષયવાસના પ્રપંચની પ્રીત તૃષ્ણા મારી કાપો રે
આપ સ્વામી દાસ હું દાસ એ નાતો નિભાવો રે
રુચે આપને કરો એવી ટેવ અન્ય રખે ભાવો રે
અનન્ય ભક્તિ સદા સત્સંગ રે મનોહર માંગુ રે
દયા પ્રિતમજીની આપજો એહ પાયે લળી લાગું રે

**દયારામભાઈ**

